# અહલે સુન્નત વ જમાઅત

યા'ને

મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......

બફયુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

# બરકાતે ખ્વાજા (માસિક)


**"બરકાતે ખ્વાજા"** (માસિક)

**૧-સપ્ટેમ્બર-૨૦૦૬**

શાબાનુલ મુરજ્જબ-રમઝાનુલ મુબારક

**હિજરી સન : ૧૪૨૭**

**વર્ષ : ૦૩ અંક : ૦૯, સળંગ અંક : 33**



★ સ્થાપક અને પ્રકાશક ★

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

★ પત્ર વ્યવહારનુ સરનામું ★

**બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪૬૪૪૧૧**

Email ID : anjuman2006@hotmail.com


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

## ★ હક્કસે મિલાને આએ હૈં ★

અઝ : હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ

રોસુલ ઉન્હીં કા તો મુઝ઼દા સુનાને આએ હૈં
ઉન્હીં કે આને કી ખુશિયાં મનાને આએ હૈં
ફરિશ્તે આજ જો ધૂમેં મચાને આએ હૈં
ઉન્હીં કે આને કી શાદી રચાને આએ હૈં
ફલક કે હૂરો મલક ગીત ગાને આએ હૈં
કે દોજહાં મેં યહ ડંકે બજાને આએ હૈં
યહ સીધા રાસ્તા હક્ક઼ કા બતાને આએ હૈં
યહ હક્ક઼ કે બંદો કો હક્ક઼ સે મિલાને આએ હૈં
યહ ભૂલે બિછળોં કો રસ્તે પે લાને આએ હૈં
યહ ભૂલે ભટકોં કો હાદી બનાને આએ હૈં
ચમકસે અપની જહાં ઝગમગાને આએ હૈં
મહકસે અપની યહ કૂચે બસાને આએ હૈં
નસીમે ફૈઝસે ગુંચે ખિલાને આએ હૈં
કરમ કી અપની બહારેં દિખાને આએ હૈં
યહી તો સોતે હૂઓં કો જગાને આએ હૈં
યહી તો રોતે હૂઓં કો હંસાને આએ હૈં
યહ કુફ્રો શિર્ક કી નીવેં હિલાને આએ હૈં
યહ શિર્કો કુફ્ર કી તઅમીરેં ઢાને આએ હૈં
ઉન્હેં ખુદાને કિયા અપને મિલ્ક કા માલિક
ઉન્હીં કે કબ્ઝેમેં રબકે ખ઼ઝાને આએ હૈં
સુનેગા 'લા' ન ઝબાને કરીમ સે **'નૂરી'**
યહ ફૈઝો જૂદ કે દરયા બહાને આએ હૈં


★ માનદ તંત્રી ★

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.sc)**


**નોંધ :** ગ્રાહક નંબર.................. આપનું લવાજમ તા. ............................થી પૂરું થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.

**નૂરાની આર્ટ-દયાદરા** ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧, મોબાઈલ : ૯૪૨૭૪ ૬૪૪૧૧

**બરકાતે ખ્વાજા (માસિક) સપ્ટેમ્બર-૨૦૦૬**

★ વર્ષ : 03 ★ અંક : ૦૯ ★ સળંગ અંક : 33


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | તંત્રી લેખ : ૩ (અંતિમ) **સુન્નિયતને કમજોર કરી રહેલા પરિબળો અને તેનો ઈલાજ** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૧૪ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૬ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ (ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૮ |
| ૦૫. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૧૯ |
| ૦૬. | નબી ﷺની સુન્નત અને આધુનિક વિજ્ઞાન | **કાર્યાલય** | ૨૧ |
| ૦૭. | ગુનાહોનો ઈલાજ | **લેખક** : મૌલાના હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી **અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર મિસ્બાહી દયાદરવી | ૨૩ |
| ૦૮. | રહમતે દારૈન ﷺના શયદાઈ | **રજૂકર્તા** : ફરજાના સાજિદ પટેલ–દયાદરા | ૨૪ |
| ૦૯. | રોઝાના શારીરિક તથા આધ્યાત્મિક (રૂહાની) ફાયદા | **કાર્યાલય** | ૨૭ |
| ૧૦. | રમઝાન સંબંધે હુઝૂર ﷺની વઅઝ મુબારક | **કાર્યાલય** | ૩૦ |
| ૧૧. | ખુલફાએ રાશિદીન અને ઈસ્લામી અખ્લાકનું બંધારણ | **અઝ** : હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી **અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી | ૩૧ |
| ૧૨. | એક ઈસાઈમાંથી મુસ્લિમ થનારનું એલાને હક્ક | **કાર્યાલય** | ૩૩ |
| ૧૩. | ઈસ્લામમાં શરમ તથા હયાનુ મહત્વ | **રજૂકર્તા** : વાઝા જાવિદહુસૈન ગુલામ હુસૈન–રાજપારડી | ૩૬ |
| ૧૪. | કેવળ એક નફ્લ રોઝાની ફઝીલત..... | **કાર્યાલય** | ૩૮ |
| ૧૫. | ઈરાકમાં મુસ્લિમ વૈજ્ઞાનિકો તથા વિદ્વાનોની કત્લેઆમનું કારસ્તાન ! | **કાર્યાલય** | ૩૯ |
| ૧૬. | જન્નતની બાંયધરી | **સંકલન** : જનાબ 'જિગર' નબીપુરી, લંડન | ૪૨ |
| ૧૭. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૫ |
| ૧૮. | બરકાતે ખ્વાજા માસિક થકી ચાલતી લેખ હરીફાઈનું પરિણામ.... | **કાર્યાલય** | ૪૮ |

तंत्री लेख नं. ३ (अंतिम)

# સુન્નિયતને કમજોર કરી રહેલા પરિબળો અને તેનો ઈલાજ

**સુના જંગલ રાત અંધેરી છાઈ બદલી કાલી હય**
**સોનેવાલો જાગતે રહીયો ચોરોં કી રખવાલી હય**

–(*આ'લા હઝરત* رحمۃ اللہ علیہ)

આપણા સુન્ની ભાઈઓ ખૂબ જ ભોળા ભાળા રહે છે, જ્યારે બાતિલ ફિર્કાવાળા મોટા ભાગના હમેશાં શિકારની તલાશમાં રહે છે અને વિવિધ પ્રકારના પ્રોપેગન્ડા કરીને સુન્નીઓને પોતાનામાં ખેંચવા પોલીસીઓ કરતા હોય છે. ઘણી જગ્યાએ એવી હવા ઉડાડવામાં આવે છે કે સુન્ની મદ્રસામાં પઢાઈ બરાબર થતી નથી ! મોટા ભાગે આ તેમનો દુષ્પ્રચાર જ હોય છે. એમના મદ્રસામાંથી આવેલાં બાળકોને અમે જાતે આપણા મદ્રસાના બાળકો સાથે તપાસ્યાં પણ છે તો તેઓની વાત એક દુષ્પ્રચાર જ જણાયી છે. અને માનો કે ક્યાંક તેમનાં ત્યાં પોપટ જેમ બે દુઆઓ બાળકોએ વધારે મોઢે કરી પણ લીધી હોય તોય શું થયું ? તેમના ત્યાં પઢનાર બાળકના અકીદા ખરાબ થઈ જાય તો એની એ પઢાઈ એને ક્યા માર્ગે લઈ જશે ? જન્નતના કે જહન્નમના ?! માટે સુન્ની ભાઈઓએ કોઈ દુષ્પ્રચાર કે ભ્રામક પ્રચાર પ્રતિ ધ્યાન કરવું ન જોઈએ અને બાળકની આખેરત ન બગડે, તેના અકીદા સલામત રહે તે માટે સતત ધ્યાન રાખવું જોઈએ.

## ★ સુન્ની મદ્રસાના સંચાલકો–મુદર્રિસો જાગૃત થાય ! ★

અને સુન્ની મદ્રસાના સંચાલકો તથા મુદર્રિસોએ પણ બાળકોની પઢાઈ પર સતત ધ્યાન કરવું જોઈએ અને **મુદર્રિસોએ અલ્લાહને ખાતર, દીન તથા સુન્નિયતની ખિદમત સમજીને બાળકો પાછળ મહેનત કરવી જોઈએ.** બાળકોને કેવળ પોપટ જેમ અરબી પઢતાં જ ન શીખવાડતાં **અકીદા** તથા **અમલ** વિશે કિતાબો પણ તેમની સમજ પ્રમાણે ખાસ કરીને ઉપલા વર્ગના કલાસમાં પઢાવવી જોઈએ તથા મોઢે કરાવીને પરીક્ષા પણ તેમની લેવી જોઈએ. અકીદા સાથે સર્વ બાતિલ ફિર્કાઓની ઓળખ આપતી સંક્ષિપ્ત કિતાબ **"તા'લીમાતે જાને ઈમાન"** સુન્ની તથા દેવબંદી તથા અન્ય ફિર્કાઓમાં ફરક દર્શાવતી કિતાબ "ગુજરાતી"માં પણ અમે ખાસ બાળકો માટે જ સંપાદિત કરી છે જેને કોર્સમાં દાખલ કરવી જોઈએ, જેથી બાળકો મોટાં થાય તેમ આવા બાતિલ ફિર્કાવાળાઓથી ટકરાવાનું થાય તો જલ્દીથી તેમને પહેચાની લેશે અને તેમનાથી બચી શકશે. તેમજ મદ્રસાની પઢાઈની કક્ષા ઉચ્ચ બનાવવા માટે ا۔ب۔ت۔ث થી જ બાળકોને મખરજ (સહીહ ઉચ્ચાર) સાથે જ પઢાવવું જોઈએ જેથી બાળક યસ્સરનલ કુર્આન વગેરે મખરજથી પઢતું જશે તો કુર્આન શરીફ પણ તજવીદ

સાથે પઢી શક્શે, નહીં તો પોપટ જેમ ગમે તેવા ઉચ્ચારોથી કુર્આન પઢશે અને હાફેઝ પણ થશે તોય શું ? ઘણા ભાગે એવા હાફેઝો જોવા મળે છે કે પોપટ જેમ પઢવા સિવાય ઈલ્મ બાબતે તદ્દન જાહિલ રહે છે એટલે સુધી કે અકીદામાં પણ અજ્ઞાનતા અને નમાઝ સુદ્ધાંના મસાઈલ જાણતા નથી હોતા એવા હાફેઝો પણ અમોએ જોયા છે ! આવા લોકોએ ઈમામતની લાઈન લીધી હોય કે ન લીધી હોય તો પણ ઈલ્મે દીન સતત વાંચતા રહેવું જોઈએ, નહીં તો એમનામાં કાંઈ ભલાઈ રહેશે નહીં

સંચાલકોએ પ્રાથમિક વર્ગમાં જ **સારા પગાર આપીને** સારી કક્ષાના મખરજથી શીખવાડે તેવા મુદર્રિસને જવાબદારી સોંપવી જોઈએ, ટૂંકા પગારમાં બાંગીપણુ કરતા બિચારા મજબૂર ગરીબને જેને ખૂદને મખરજની ખબર નથી એવા માણસ પાસે પ્રથમ દરજાના બાળકો પઢાવવાથી આગલી મંઝિલમાં બાળકને મખરજથી પઢાવવામાં પણ આવશે તોય તેને ખૂબ જ મુશ્કેલી પડશે. મખરજથી, તજવીદ સાથે કુર્આન પઢવું અનિવાર્ય બાબત છે કારણ કે **કુર્આનની કિરાઅત સહીહ થશે નહીં તો નમાઝ થશે નહીં કે જે દિવસમાં પાંચવાર ફર્ઝ છે.** છતાં અન્ય **હજારોના ખર્ચા થશે પણ આ બાબતે કોઈ ભાગ્યે જ ધ્યાન કરે છે.** તો આ બાબતે મદ્રસાના સંચાલકો તથા મુદર્રિસોએ ખાસ ધ્યાન કરી સુંદર પઢાઈ કરવી જોઈએ જેથી કોઈ બદ્મઝહબને ટોણો મારવાનો મોકો ન રહે. અલ્હમ્દુલિલ્લાહ ! અમે ઘણે ઠેકાણે આ પ્રમાણે મહેનત થતાં જોઈ છે, જેનાથી દિલને ઠંડક મેહસૂસ થઈ. આવો ! હવે સુન્નિયતને કમજોર કરી રહેલા ત્રીજા પરિબળ વિશે ચર્ચા કરીએ :–

## (૩) બેઅમલ હાફિઝો, આલિમો તથા બેઅમલ પીરો !

આ સંબંધે કાંઈ પણ લખતાં પહેલાં **એક ખુલાસો સાંભળી લો !** બાઅમલ હાફિઝ, આલિમ તથા સાચા બાઅમલ પીર બુઝુર્ગોનો મર્તબો ઘણો જ મહાન છે. એમના જ સબબે આજે સુન્નિયત આબાદ છે, એમની ફઝીલતો કુર્આન, હદીષની રૂએ અમે કિતાબોમાં મોકાસર રજૂ કરતા જ રહીએ છીએ. પણ જેઓ **કહેવાતા** હાફિઝ, આલિમ હોવા છતાં તથા સૂફી, પીર, બુઝુર્ગ હસ્તી બની બેસવા છતાં **બેઅમલી રીતે જાહેરમાં શરીઅત વિરૂધ્ધ વર્તે છે** તથા **પબ્લિકને શરીઅતની સાચી વાત જણાવતા નથી** બલ્કે **અંગત સ્વાર્થમાં પબ્લિકમાં ખોટી વાતો વહેવડાવીને તેમને ગેરમાર્ગે દોરે છે,** તેમને કોણ બુઝુર્ગ માની શકે ! કુર્આનમાં તો છે કે, (ભાવાર્થ) : **તમારામાં બુઝુર્ગીવાળો તે છે જે તમારામાં અધિક તકવાવાળો છે.** અને જે અલ્લાહથી ડરે તથા શરીઅતની પાબંદી કરે તો તે બુઝુર્ગ કહેવાશે, નહીં તો નહીં ! જેથી અમારા વિશે કોઈ એવું કહે કે, "બુઝુર્ગો વિરૂધ્ધ લખે છે" તેની વાતમાં આવશો નહીં. અને **કોઈ બંધ બેસતી પાઘડી પહેરશો નહીં !** કોઈ વ્યક્તિને અનુલક્ષીને તો આ લખાણ છે જ નથી, પણ શરીઅતનો અનાદર જેણે કર્યો હશે તેને તે વાત લાગુ પડશે, તો એમાં અમો દોષિત નથી ! સુન્નિયતને એવી બેઅમલ હસ્તીઓથી પુષ્કળ નુકસાન થયું છે ને થઈ રહ્યું છે. દા.ત. :–

### ★ બેઅમલ જાહિલ પીર બાવાઓના કરતૂતોની એક ઝલક ! ★

મારો પોતાનો અનુભવ જણાવું કે અમારા ત્યાં થોડાક વરસો પહેલાં એક આવા જ પીર સાહબ મારા એક મિત્રને ત્યાં આવ્યા હતા. એમની એક ઠેકાણે દા'વત હતી ત્યાં ખાધુ પીધુ પછી અમારી

નજરો સમક્ષ કિબ્લા તરફ પગ કરીને સૂઈ ગયા. શક્ય છે એમને કિબ્લાની દિશાનો ખયાલ નહીં હોય ! અને પીરની અદબમાં ધાકમાં કોઈ કાંઈ કહી શક્યું નહીં ! અમારું ગામ ટોટલ સુન્ની જ હતું પણ બે ચાર દેવબંદી બહાર રહેવાથી અથવા અન્ય રીતે થઈ ગયા હતા, તેમને અન્ય બહારના બદ્‌મઝહબોનો સહકાર મળતાં ગામમાં સુન્ની દેવબંદી ઝઘડો તેમણે ઉભો કર્યો હતો અને સામ સામે કેસ થયા હતા.... વગેરે. એક મુરીદે એના વિશે પૂછયું તો તે જાહિલ પીરે જવાબ આપ્યો કે, **"યે સબ મોલ્વીયોં કા ઝઘડા હૈ ! બુઝુર્ગો કો ઈસસે કોઈ લેના દેના નહીં !"** મારી ઉંમર તે વખતે ઓછી હતી છતાં હું આલિમે દીનની સોહબતમાં રહેતો હોવાથી સમજી ગયો કે આ પીર ગુમરાહ છે ! જેને દીન ઈમાન શું છે તેનુંય ભાન નથી ! દેવબંદી વહાબી ગુસ્તાખે રસૂલ છે અને કાફિર છે એવું તો મહાન ઉલમા તથા બુઝુર્ગો તેમનાં ગુસ્તાખીપૂર્ણ લખાણો દર્શાવીને ડંકાની ચોટ પર વરસોથી ચેતવી રહ્યા છે, જ્યારે આ જાહિલ પીર આવું બોલીને પોતે પણ ગુમરાહ થઈ રહ્યો છે અને લોકોને પણ ગુમરાહ કરી રહ્યો છે. હવે વિચારો ! આવા પીરો જો હોય તો અવામના અકીદાનું શું થાય ? ગુસ્તાખે રસૂલનો રદ જ્યારે કોઈ આલિમે દીન કરશે તો તેના મુરીદો શું કહેશે ?! હું કહું છું કે **આવા પીરો જાણે અજાણે દેવબંદી વહાબીઓના એજન્ટ**નું કામ કરી જાય છે. જેમ કે :–

એક ઈલાકાના કહેવાતા મશ્હૂર પીર, સૂફી, કોમી એકતાના પ્રતિક ! વહાબી, દેવબંદી સૌને મલતા જુલતા ! જેમના દરેક કૌમના લોકો મુસ્લિમો, કાફિરો પણ મુરીદ ! તે પોતે ઉર્સ વેળા થતી મેદનીમાં એવું બોલેલા છે કે, "અલ્લાહ ભગવાન, રામ રહીમ એક છે" જ્યારે કે એવું કહેવું "કુફ્ર" છે. તેમના પુત્ર એટલે કાલના સજ્જાદા દાઢી વગરના અને ઈલ્મે દીનથી કોરા પણ દુનિયવી એજ્યુકેશન ખરું ! એક પીરઝાદાએ કહ્યું કે, "અમારી તો વહાબીઓ પણ ખૂબ ઈજ્જત કરે છે, અમે તો એમના દારુલ ઉલૂમમાં પણ જઈએ છીએ, તેઓ ખૂબ સારો વહેવાર કરે છે. અમે એવો કાંઈ ભેદભાવ રાખતા નથી !" એટલે કે એમની નજરમાં સુન્ની–દેવબંદીમાં કાંઈ ફરક જ નથી ! હવે આવા લોકોના અસંખ્ય ચાહકો મુરીદો છે, તેઓના પર એમની આ વાણી તથા વર્તનની શું અસર પડશે ? આનાથી સુન્નિયત કમજોર નહીં થાય તો શું થશે ?! સહેજ સમજથી કામ લો અને એવા પીરોને છોડો !

સાથોસાથ એ પણ જાણી લો કે ગુસ્તાખે રસૂલ વહાબી દેવબંદી તબ્લીગી જમાઅતના ઢોંગી કલાકારો આવા જાહિલ પીરોની તા'ઝીમ શા માટે કરે છે તે પણ જાણી લો ! આ જાહિલ સજ્જાદા તથા આવા જાહિલ પીરો જેમના ઘણા મુરીદો હોય છે અસલમાં તેઓ તબ્લીગવાળાના નિશાના પર હોય છે. આ વાતના સત્ય હોવામાં કાંઈ શંકા હોય તો લો સાંભળો ! એક ઐતિહાસિક પુરાવો !

## ★ જાહિલ પીરની તા'ઝીમની કહાની ખૂદ તબ્લીગીની જબાની ! ★

રઈસુલ કલમ, મુનાઝિરે અહલે સુન્નત હઝરત **અલ્લામા મૌલાના અર્શદુલ કાદરી** عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُએ એક તબ્લીગી જમાઅતવાળાને ભોળા ભાવે પૂછયું હતું કે, "હૈદ્રાબાદ તો દરગાહો, ખાનકાહો તથા મઝારોનો ગઢ હતો, ત્યાં તબ્લીગી જમાઅતને પગ પેસારો કરવાનો મોકો કઈ રીતે મળ્યો ?!" તો તબ્લીગીનો જવાબ સાંભળો ! કેટલીક બનાવટની વિગત રજૂ કર્યા પછી તે કહે છે :–

"અમને અમારા આ કાર્યમાં **એવા કેટલાક ગાદીનશીન પીરોથી પણ ઘણી મદદ મળી કે જેઓ બરેલ્વીઓની જેમ પોતાના રસ્તા (તરીકા) પર ચુસ્ત નથી !** અમે તેમની

ખાનકાહોમાં હાજરી આપી અને અકીદતમંદની જેમ તેમના હાથ ચૂમ્યા અને તેઓને અમારા ઈજતેમાઅમાં ભાગ લેવા આમંત્રણો આપ્યાં. ઘણા વખતની આવ જા પછી જ્યારે તેઓ આવવા માટે તૈયાર થયા ત્યારે તેમને માન મર્તબા સાથે અમે અમારા ઈજતેમાઅમાં લઈ આવ્યા. જે મુરીદો તેમની સાથે આવ્યા હતા તેમણે પોતાના પીર સાથેનો અમારો ન્યાઝમંદાના વર્તાવ જોયો તેનાથી તેઓ અમારી સાથે ખૂબ જ ભળી ગયા. અને તે પણ એટલી હદ સુધી કે પોતાના પીરભાઈઓ અને દોસ્તોમાં અમારી સારી અકીદતમંદીના પ્રચારક બની ગયા !

આ પ્રમાણે અમે ધીરે ધીરે કોઈ પણ પ્રકારની ફિકર ચિંતા વગર ત્યાંના અજાણ વિસ્તારમાં દાખલ થતા ગયા. આજે એ વિસ્તારમાંની ઘણી મોટી સંખ્યા તબ્લીગી જમાઅતને ફક્ત માનનારી નથી પરંતુ એમના માનસને અમે એટલી હદ સુધી બદલી નાંખ્યું છે કે, હવે જો **એમના પીર સાહેબો અમારી સાથેના સંબંધો તોડવા માટે એમને કહે તો તેઓ પોતાના એ પીર સાહેબો સાથેના સંબંધ તોડી શકે છે પણ જમાઅત વિરૂદ્ધ કંઈ પણ સાંભળવાનું સાંખી શકશે નહીં.**

પછી તેમણે પોતાનો બોલવાનો ઢંગ બદલી વિજયી અંદાજે કહેવા માંડયું કે, ''મૌલાના ! અલ્લાહનો શુક્ર છે કે, તબ્લીગી જમાઅતની આ ખામોશ દોડધામથી હવે ત્યાં કુફ્રો શિર્કનાં કેન્દ્રોની ધૂમધામ બાકી રહી નથી. મીલાદ, ફાતેહા અને બિદઅતી રોનક પણ દિવસે દિવસે મંદ પડી રહી છે. જો અમારો આ જેહાદી જઝબો આ જ પ્રમાણે રહેશે તો તે દિવસો દૂર નથી કે જ્યારે **આ મઝારો ઉપર માખીઓ બણબણશે અને અમે બુતખાનાની વેરાની જોઈને શુક્રાનાની નમાઝ અદા કરીશું.''** *(હવાલો : તબ્લીગી જમાઅત સત્યના પ્રકાશમાં (ગુજરાતી), પેજ–૪૭, ૪૮ અઝ : અલ્લામા અર્શદુલ કાદરી,* عَلَیْہِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ*)* જોઈ લીધું ! જાહિલ પીરોથી સુન્નિયતને થયેલા નુકસાનનો આ બોલતો પુરાવો છે. આવું તો ઠેર ઠેર થયું છે ને હજી થઈ રહ્યું છે.

હવે મૂળ વિષય પર આવીએ કે આવા પીરો ઔરતોને બેપર્દા મળે છે, હાથ ચૂમાડે છે, માથે તથા પીઠ પર હાથ પણ ફેરવી દે છે, નમાઝના પાબંદ નથી હોતા, પોતાના ફોટા વહેંચે છે (તથા મુરીદો તેને સ્વેચ્છાએ કે પીરના કહેવાથી ફ્રેમીંગ કરી ઘરમાં ટીંગાડે છે, તેને હિંદુઓ જેમ હારતોરા, અગરબત્તી કરે છે ! કેટલાક એવા પણ છે કે ખાસ કામ વખતે ફોટા સમક્ષ પીરને અરજ કરીને કરગરીને નીકળે છે !), વળી કોઈ પીર બાપુ કિતાબમાં પ્યારી ઈસ્લામી માં બહેનોને દરગાહો પર આવવા તથા 'મુજાવરી' પણ કરવા ગુજારિશ કરે છે અને તેના સામે મોકા તથા સ્થાન વિનાની દલીલો રજૂ કરીને તેને હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ની સુન્નત ઠરાવે છે ! અમુક પીરો દાઢી નથી રાખતા, તથા અન્ય કામો શરીઅત વિરૂધ્ધ કરતા હોય છે, જેને બતાવીને પણ કેટલાક ભોળા ભાળા અજ્ઞાન સુન્નીઓને વહાબી દેવબંદીઓ પોતાને પક્ષે ખેંચી જતા હોય છે કે, "જુઓ ! અમે જ સાચા મુસલમાન છીએ, આ સુન્ની પીર લોકોનાં કેવાં કરતૂત છે જોયાં !" જ્યારે કે આવા પીરોને સુન્નિયત સાથે કાંઈ લેવા દેવા જ નથી. છતાં એઓ કહેવાતા સુન્ની પીરો બનતા હોવાથી સીધુ સુન્નિયતને નુકસાન થાય છે.

એ જ પ્રમાણે દરગાહો પર થતી બેપર્દા ઔરતોની ભીડભાડ તથા વાજિંત્રો સાથે મર્દ–ઔરતના કવ્વાલીના મુકાબલા તેમજ પબ્લિક તથા મુજાવરોનાં થકી થતાં અન્ય કેટલાંક ગેર શરઈ કામો દર્શાવીને પણ વહાબીઓ સુન્નીઓને બેહકાવે છે, તો એનાથી પણ ઘણુ નુકસાન થઈ રહ્યું છે, જેથી દરગાહ પર

હાજરી તથા ઉર્સ વગેરે શરીઅત પ્રમાણે થાય તેની કાળજી જિમ્મેદારોએ રાખવી જોઈએ.

## ★ આ શો તમાશો થઈ રહ્યો છે ?! ★

થોડા વરસો પહેલાં એકવાર એક ગામમાં એક મશહૂર મુકર્રિરનો તકરીરી જલ્સો હતો. હું પણ ત્યાં તકરીર સાંભળવા ગયો હતો. સ્ટેજ પરથી એલાન થયું કે હવે તમારી સમક્ષ એક મસ્તાન બાવા જેને આપણા હઝરત પોતાની સાથે ફલાણી જગાએથી લાવ્યા છે તેઓ તકરીર કરશે. તે મસ્તાન બાવા ઉભા થયા અને બોલવાનું શરૂ કર્યું. અંદાજ પરથી જ ખબર પડી ગઈ કે કોઈ જાહિલ બોલવા ઉભા થઈ ગયો છે. તેણે બોલતાં બોલતાં કહ્યું કે, "વહાબી કો લળકી દો મત ! લેકિન ઉન્કી લળકી લાવો ! માર માર કે મુસલમાન બના દેંગે !" હું તો આ સાંભળીને હેબતાઈ જ ગયો ! કે યા અલ્લાહ ! આ કેવા જાહિલના હાથમાં માઈક ગયું અને તે પણ કેટલા કહેવાતા જિમ્મેદાર સ્ટેજ પર ! આશ્ચર્યની વાત તો એ છે કે સૌ સ્ટેજ પર બેઠેલા જિમ્મેદારો જોરથી હસવા લાગ્યા, બલ્કે કોઈએ તેની વાતને રદીયો ન આપ્યો કે, "વહાબી છોકરો હોય કે છોકરી તેના નિકાહ કોઈની સાથે થતા જ નથી." શરીઅતનો એ જ હુકમ છે. સ્ટેજ પર સ્થાનિક આલિમો પણ હતા, કહેવાતી અમુક હસ્તીઓ પણ હતી છતાં કોઈ કાંઈ બોલ્યું નહીં. હવે જે લોકોએ આવી વાત સાંભળી તેઓ વહાબીની છોકરી લાવવા માટે આ વાતને દલીલ નહીં બનાવે ? અને એવી જેહાલત આ રીતે જ ફેલાયી છે.

## ★ એમને શરીઅતના કોઈ કાયદા નડતા નથી ! ★

એક શાદીમાં મારી દા'વત આવી હતી. તે શાદી દેવબંદીની છોકરી સાથે સુન્ની છોકરાની થતી હતી. મેં તેમને સમજાવ્યાં કે આ છોકરી દેવબંદી જમાઅતની છે તો તેની સાથે તેમના ખરાબ અકીદાવાળા હોવાને કારણે નિકાહ થશે નહીં, ઉપરાંત એમની સગાઈ સંબંધ તથા આવન જાવનનો વહેવાર તમારા ઈમાનને ખતરામાં નાખશે જેથી આ રિશ્તો કટ કરો ! અને અલ્લાહ તથા રસૂલની મહોબ્બતને ખાતર સુન્ની રિશ્તો શોધો, પણ તેમણે ન માન્યું. હું એ શાદીમાં ન ગયો, પણ કોઈ કહેવાતા પીર બાવા ત્યાં ખુશી ખુશી પહોંચી ગયા ! તો ઘરવાળાંએ કહ્યું કે, "આ પીર બાવા આપણી શાદીમાં આવ્યા ને એ બહુ મોટો !"

## ★ આવા પણ મૌલાના હોય છે ! ★

એક જગાએ મૌલાનાએ તકરીરમાં કહ્યું હતું કે, "વહાબી દેવબંદીનું ઝબહ કરેલ મુરદાર છે તથા ખાવું હરામ છે." અમુક દિવસ બાદ કોઈક શાદીમાં આ મૌલાના જમી રહ્યા હતા. ત્યાં મટન કોઈ વહાબી દેવબંદીના હાથે ઝબહ કરેલુ (બીજે ગામ સસ્તુ મળતુ હશે ! ત્યાંથી લાવીને) દાળમાં નાખ્યુ હતું. કોઈકે કહ્યું કે, મૌલાના ! મટન તો વહાબીનું ઝબહ કરેલ છે ! તો તેમણે કહ્યું, એવું છે ! અને તેમણે મટન સિવાયની કેવળ દાળ દાળ ખાધી. હવે આવા મૌલાના સાહબો હોય તો કૌમ શું શીખે ? મુરદારનો ગોશ્ત જેમાં હોય તે સઘળુ શાક દાળ હોય કે ગમે તે રસાવાળુ કે વગર રસાનું સૌ હરામ જ થઈ જશે, પણ આશ્ચર્ય છે કે મૌલાના સાહબ મુરદારનો ગોશ્ત છોડી તેનો રસો ખાવા લાગ્યા ! અરે ! જાણી લો ! સુન્નીનું ઝબહ કરેલું પણ એવા મશીનમાં પીસ પાડવા રાખવામાં આવે જેમાં વહાબીના ઝબહ કરેલા મટનના પીસ પાડયા હતા તો તેમાં તેના મશીનમાં બાકી રહેલા અંશો મિક્સ થવાથી સઘળુ મટન હરામ થશે.

અને અમે જોઈએ જ છીએ કે ભલે સુન્નીની વહાબીને ત્યાં શાદી થતી હોય પણ ત્યાં શાદીમાં, નિકાહમાં કશાય ખચકાટ વિના આવા બેઅમલ, હાફેઝો, પીર બાવાઓને, બેઅમલ મોલ્વીઓને હાજરી આપતા અમે જોતા રહીએ છીએ, બલ્કે નિકાહ પણ જાણવા છતાં પઢાવતા આપણે જોઈ રહ્યા છીએ. પબ્લિક તો પરવા જ નથી કરતી કે પરણનાર સુન્ની છે કે નહીં ! જ્યારે કે જરૂરી એ છે કે **કોઈ શાદીની દા'વત આપે તો સૌ પ્રથમ તેહકીક એ જ કરવામાં આવે કે બંને પાર્ટી ખરેખર સુન્ની છે કે નહીં ?** અને જો આ પીર બાવાઓએ, આલિમોએ આવી તેહકીક કરી હોત અને તેમને રોક્યા હોત તો આજે આટલી આસાનીથી પબ્લિક વહાબીઓ સાથે સગાઈ સંબંધમાં ન પડત.

## ★ આમને પણ લોકો હસ્તીઓ કહે છે ! ★

➡ એકવાર એક પીરબાવા એક ગામમાં ગયા. ત્યાં ફોરેનમાં કોઈ મશ્હૂર વહાબી મરી ગયો હતો તેના ભાઈના ઘરે ફટાફટ પેઠા અને "અલ્ ફાતિહા" કહ્યું. પછી ઝડપથી દુરૂદ પઢીને ફાતેહા ખતમ કરી દીધા, અને બહાર નીકળી ગયા. સાથેવાળાઓને તો કાંઈ ખબર જ ન હતી કે કોણ મરી ગયું અને આ ઘર કોનું ?! પણ તે ગામના લોકોએ જોયું કે પીર બાવાએ વહાબીની મૈયત માટે ફાતેહા પઢયા ! કોઈકે વાંધો ઉઠાવતાં તેમણે કહ્યું કે, "મેં કોઈ દુઆ નથી કરી કેવળ દેખાવ કર્યો હતો !" પણ શું જરૂરત હતી આવું કરવાની ?! અને પબ્લિક શું સબક લેશે કે આવા પીર બાવા ફાતેહા પઢવા જાય તો પછી આપણે જવામાં શું વાંધો ? વળી આવું કહીને પીર બાવા શરીઅતના હુકમથી છૂટી શકશે ? **શરીઅતનો હુકમ જાહેર પર લાગે છે,** જેથી તેમનું આ બહાનુ ચાલશે નહીં, માટે તેમના પર આમેય તૌબા લાઝિમ ગણાશે. પણ શું થાય દુનિયાપરસ્તીનું કે દુનિયાવી લાભ માટે આવી જગાએ પણ હાજરી આપી કૌમને ગુમરાહ કરવામાં આવી રહી છે.

➡ એક જગાએ એક મસ્જિદની સંગે બુનિયાદ માટે એક પીર બાવાને ખૂબ અકીદતપૂર્વક લોકોએ સ્પેશ્યલ બોલાવ્યા, લોકોએ અકીદતપૂર્વક તેમને રેતી, સિમેન્ટ, કપચીવાળુ પ્રથમ તગારુ પાયામાં નાખવા માટે આપ્યું તો તે પીરે બાજુમાં એક માલદાર દેવબંદી ઉભો હતો તેના હાથમાં આપ્યું અને કહ્યું કે, "હાજી સાહબ ! તમે નાંખો !" જ્યારે કે એ મશ્હૂર તબ્લીગી જમાઅતનો અમીર હતો, તેને પીર ઓળખતા પણ હતા, છતાં આવું કામ કર્યું. શું આવા પીરોથી સુન્નિયત કમજોર નથી થઈ ?!

➡ વળી મોટા ભાગે બાપુગીરી કરતા બાપુઓ લોકોને ઠગવાનો જ ધંધો કરે છે (ઈલ્લામાશા અલ્લાહ !) તેમાં ખાસ કરીને ઔરતો જ તેમનાં ગ્રાહકો હોય છે, બેપર્દા સ્ત્રીઓનાં ટોળેટોળાં બાપુને ઘેરીને બેઠેલાં હોય છે અને તે બાપુ દરેકને કાંઈને કાંઈ વહેમમાં નાખતા રહીને ઈલાજના નામે, ન્યાઝના નામે પૈસા ખંખેરતા હોય છે. બુઝુર્ગોનાં નામો વટાવી ખાનારા આવા બાપુઓથી પણ સાચવીને રહેવું જોઈએ. એક દશ્ય એવું જોવા મળ્યું કે આવા જ એક પીર બાપુ એક ઠેકાણે જાહેર સ્થળે મેઈન રોડની બાજુમાં જ ખુરશી પર બેઠા છે, આસપાસ બેપર્દા અકીદતમંદ ઔરતો પણ ખુરશીઓ પર બેઠેલી છે. મગરિબની અઝાન થઈ રહી છે અને દેવબંદીઓ નજીકની જ મસ્જિદમાં જઈ રહ્યા છે અને તમાશો જોઈ રહ્યા છે. નજીકમાં સુન્ની મસ્જિદ પણ હતી પણ મસ્જિદમાં તો ભાગ્યે જ કદમ મૂક્તા આવા બનાવટી બાપુઓથી પણ સુન્નિયતને નુકસાન જ થઈ રહ્યું છે.

➡ વળી થોડા સમય પહેલાં મીલાદુન્નબી ﷺના પ્રસંગે કાલોલમાં સુન્ની વહાબી ઝઘડો થયા બાદ ગુજરાત ટુ ડે દૈનિક પત્રમાં અમુક દેવબંદી મોલ્વીઓ તથા કહેવાતા **સુન્ની પીરોનાં ઓલાં પોલાં !** નિવેદનો ''મુસ્લિમ એકતા'' માટે આવેલાં, તેમાં આણંદના કોઈ કહેવાતા બાવાનું નિવેદન છપાયેલું કે, "ઈસ્લામ ધર્મએ દરેક અકીદા પાળવા માટે સ્વતંત્રતા આપી છે." (ગુજરાત ટુ ડે, તા. ૧૭–૪–૦૬) જ્યારે કે આ તદ્દન ઈસ્લામ તથા ઈમાન વિરૂદ્ધની વાત છે. કેમ કે ઈસ્લામે ફક્ત "અહલે સુન્નત" પર રહેવા જ તાકીદ કરી છે, કુર્આન હદીષની રૂએ અન્ય અકીદાવાળા ગુમરાહ તથા કાફિર છે. જો ખરેખર ગુજરાત ટુ ડેમાં આવેલું આ તેમનું જ નિવેદન હોય તો તેઓ તૌબાનામુ પ્રસિદ્ધ કરે અને તેમનું નિવેદન ન હોય તો તેને રદિયો એ જ અખ્બારમાં લેખિત છાપીને આપે, એ એમના માટે અનિવાર્ય બને છે. આવી વાતોથી જ કૌમ ગુમરાહ થાય છે.

## ★ ઈમાની ગૈરત (શરમ) પેદા કરો ! ★

ઘણે ઠેકાણે ઈમામત કરતા મૌલાના તથા હાફેઝો તથા નિકાહ પઢાવનારા કોઈના પણ નિકાહ હોય વિધિ પ્રમાણે કલ્મા પઢાવીને પઢાવી દે છે, અને નજરાણુ ખિસ્સામાં સરકાવીને ચાલતા થાય છે ! તેમજ ગમે તે મરી જાય ભલે વહાબી દેવબંદી હોય તેની નમાઝે જનાઝા પણ પઢાવી નાખે છે કે જે **કુફ્ર** છે, પછી પકડ થતાં ગલ્લાં તલ્લાં કરી પબ્લિકને ઉઠાં ભણાવે છે, કે અમે તો કેવળ ચાર તકબીરો જ કહી હતી ! દુઆ નથી પઢી, વગેરે... પણ આવી વાતો શરીઅતનો તૌબાનો હુકમ ટાળી શકશે નહીં. વળી નિકાહ બાબતે કહેશે કે અમને ખબર ન હતી.... વગેરે. પણ ખબર પડયા પછી જે તે નિકાહ ફોગ હોવાનું એલાન કરવું, નઝરાણાની રકમ પરત કરવી અને એ બાબતે તૌબા કરવી એવો શરીઅતનો હુકમ છે, એના પર અમલ કોનામાં ઈમાની ગૈરત છે કે કરે ?! વળી કહેશે, ટ્રસ્ટીએ કહ્યું કે વહાબીના નિકાહ તથા જનાઝાની નમાઝ પઢાવવી પડશે ! અરે ! ટ્રસ્ટી ન સમજે તો જાય જહન્નમમાં ! શું એ ખુદા છે ?! રોજીનો રઝ્ઝાક છે ?! એના હુકમ સામે શરીઅતના હુકમની કેમ પરવા ન કરી ?! કુર્આનમાં તો છે કે, "તમે લોકોથી નહીં મારાથી ડરો !" અને એવા ટ્રસ્ટીઓએ પણ જહન્નમથી બચવું હોય તો એવાં કામોથી તૌબા કરવી જોઈએ અને બદ્અકીદાના નિકાહ કે જનાઝાની નમાઝ પઢવા અંગે ઈમામને કહેવું ન જોઈએ.

આજે પણ ઈમાની ગૈરત જાગી હોય તો એવું કરનારા ઈમામોએ જાહેરમાં તૌબા કરી લેવી જોઈએ, જેથી દુનિયાની શરમના કારણે આખેરતમાં જહન્નમમાં ન જવું પડે. અને સુન્ની પબ્લિકમાંથી પણ જેમને ખુદાનો ડર અને આખેરતના અઝાબથી બચવું હોય તેઓ બદ્મઝહબોથી દૂર થઈ જાય અને જેવા કે હુકમો લેખમાં દર્શાવ્યા તેના પર અમલ કરે અને પાછલી ભૂલોની તૌબા કરી લે તેમાં વ્યક્તિગત રીતે તેમની તેમજ સુન્નિયતની ભલાઈ છે.

## ★ એક કડવું સત્ય જે કેટલાયને નહીં ગમે પણ.... ! ★

સુન્નિયતને સૌથી મોટુ નુકસાન વર્તમાન ખાનકાહોના તે બની બેઠેલા સજ્જાદાઓથી થયું છે જેઓ શરીઅતનો ઈલ્મ ધરાવતા નથી અને સૂફી બની બેઠા છે ! ન ઈલ્મે દીનથી વાકેફ છે ન તો ઉલમાએ કિરામની સોહબત અપનાવે છે ન તેમની કદર કરે છે, બલ્કે હાલની અમુક ખાનકાહોના બની

બેઠેલા સજ્જાદા તથા જાહિલ પીરો તો "મોલ્વીયોં કી બાતેં ન સુનના !" કહીને મુરીદો તથા તેમના અકીદતમંદોને ગેર માર્ગે દોરે છે. અલ્લાહ બંને જહાનમાં ભલુ કરે તે સીધા સાદા બાઅમલ ઉલમાનું જેમના થકી જ દીને ઈસ્લામની તા'લીમ આજે પણ બાકી છે, એ ઉલમાએ તૂટેલી ચટાઈ પર બેસીને પોતાનું ખૂને જિગર બાળીને દીનની ખિદમત કરી, તકલીફો વેઠીને ઈલ્મે દીનનો ફેલાવો કર્યો અને આજે પણ કરી રહ્યા છે, નહીં તો બની બેઠલા જાહિલ પીરોએ પોતાના અંગત સ્વાર્થ ખાતર પોતાના ચાહકોના વર્તુળમાં પુષ્કળ ગુમરાહીઓ ફેલાવી છે. જેમ કે :–

## ★ આંધળી અકીદત કહે છે તે આનું નામ ! ★

પીરી મુરીદીના વિષયે હાલમાં શરીઅત વિરૂધ્ધ વર્તતા પીરો તથા મુરીદોમાં એવું ગઠબંધન જોયું કે કુર્આન, હદીષ કે ઉલમાએ અહલે સુન્નત તથા બુઝુર્ગોના કથનોની પણ કેટલાક આંધળી અકીદતવાળા મુરીદો જરાય પરવા નથી કરતા. દા.ત. :–

➡ એક ભાઈ દાઢી બેડકા જેટલી જ રાખતા અને વધે તો કટ કરાવતા. તો એક આલિમે દીને તેને કહ્યું કે દાઢી શરીઅતમાં એક મુટ્ઠી સુધી રાખવાનો હુકમ છે એથી વધારાની કટ કરી શકાશે. માટે દાઢી મૂંડાવવી તથા મુટ્ઠીથી ઓછી રાખવી **હરામ** છે અને એવું કરનાર **ફાસિક** કહેવાય છે જેથી તમે દાઢી શરીઅત પ્રમાણે રાખો ! તો એ ભાઈ જવાબ આપે છે કે, "પણ મને તો મારા પીરે જ કહ્યું કે આટલી ટૂંકી જ દાઢી રાખજો !" અને શરીઅતની વાત ન માન્યા તે ન જ માન્યા !

➡ એક ભાઈ થોડુક પઢેલા હતા તેમની સાથે મારે પ્રશ્નોત્તરી થઈ. મેં કહ્યું, "જાહેરમાં અલલ એલાન ફટાફટ ફોટા પડાવવા હરામ કે નહીં !" કહ્યું, "હરામ !" પછી મેં પૂછયું, "હરામ કામ કરે તે ફાસિક કે નહીં ?" કહ્યું કે, "ફાસિક !" પછી મેં પૂછયું, "શું ફાસિક પીર થઈ શકે ?!" તો ભાઈ, ખામોશ ! મેં ફરી પ્રશ્ન કર્યો, "યુવાન નામહરમ ઔરતોને બેપર્દા સામે બેસાડવી કેવી ?" કહ્યું, "હરામ !" પછી મેં પૂછયું, "હરામ કામ કરનાર ફાસિક કે નહીં ?" કહ્યું, "ફાસિક !" ફરી મેં પૂછયું, "ફાસિક પીર થઈ શકે ?" તો ભાઈ ફરી ખામોશ ! એ ભાઈના પીર જે હશે તે પણ આ કામો કરતા હશે ! એટલે એ ભાઈ બોલી ન શક્યા ! અને ચૂપ બેસી રહ્યા. થોડીવારે શું જોશ ચઢયો તો ટેબલ પર હાથ પછાડી પછાડીને કહેવા લાગ્યા કે, "તો પણ હું પીર માનું છું ! તો પણ (એવાને) હું પીર માનું છું !" તો મેં કહ્યું કે, "જે આંધળી અકીદત કહે છે ને ! તે આનુ નામ !"

➡ એક ભાઈ શાદીમાં બેન્ડ બાજા લાવ્યા, કોઈકે કહ્યું કે, "બેન્ડબાજાનું હરામ કામ શા માટે કર્યું !" તો તે ભાઈએ જવાબ આપ્યો કે મને તો મારા પીરે કહ્યું કે, "આપણે ત્યાં તો વાજિંત્રો જાઈઝ છે ! તમે તમારે લાવો !" જાહિલ પીરોનો ફયૂઝ આવો હોય છે !

➡ એ વાત **કુર્આન, હદીષ તથા ઈજમાઅથી પુરવાર છે** કે ગૈર ખુદા માટે "તા'ઝીમી સિજદો" **હરામ** છે, છતાં પીરના કહેવા પર એને જાઈઝ માનનારાઓની પણ એક અલગ જ દુનિયા છે ! ઈસ્લામ ભલે ના પાડે, આખા જગતના મુફતીઓ ભલે ૧૪૦૦ વરસથી કહેતા રહે પણ આપણા પીર કહે તે જ ખરું !! કુર્આન, હદીષ તથા મહાન ઉલમાના કથનોથી આંખ તથા કાન બંધ જ રાખવાના !

તમો જાતે શાંતિથી અભ્યાસ કરશો તો તમારા ત્યાંના જાહિલ પીરોની ફેલાવેલી આવી ગુમરાહીઓ

તમને પણ જોવા મળશે જેથી હવે વધારે દષ્ટાંતો નથી આપતો, સમજદારો માટે આટલું જ બસ છે ! કહેવાનો આશય એ છે કે આવા શરીઅતથી વિમુખ વર્તતા પીરો કહેવાતી ખાનકાહોમાં બેઠેલા હોય તો મુરીદો અકીદા શું કે અમલ શું, બધેથી જ ખંખેરાઈ જશે ! આવા જ પીરોના ''હઠીલા મુરીદો–ચાહકો'' જેઓ પીરને છોડીને કાંઈ માનવા તૈયાર નથી થતા તેમના જ વિશે **મુનાઝિરે અહલે સુન્નત હઝરત અલ્લામા અર્શદુલ કાદરી** عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْ એ ફર્માવ્યું છે કે :–

''.....હું મારી દર્દભર્યી આહ, જલનભર્યી ફરિયાદ, મધરાત્રીની કરાહ તથા ફરિયાદ વડે પહાડોના જિગરમાં કાણુ પાડી શકુ છું પરંતુ (આવા) મુરીદો, ચાહકો, અકીદતમંદો પર મારા દર્દથી કણસતા અવાજની કોઈ અસર થશે નહીં ! એટલા માટે અહલે સુન્નત મઝહબના ભવિષ્યની કોઈ ફિકર જો તમને બેચૈન કરતી હોય તો મારા ઝખ્મો પર નમક નાખવાને બદલે તમારા મર્કઝોના એશ આરામથી રહેતા ગાદીનશીનોની રગો પર નશ્તર ચલાવો ! **તેઓ જાગી જશે તો કબ્રસ્તાનનાં મુડદાં પણ જાગી ઉઠશે !** લોકો તેમની (પીરોની) જ બોલી સમજે છે ! (આવા) અકીદતમંદોની દુનિયામાં મારી અજનબી બોલીને કોણ સમજશે ?! મારા વશમાં એથી વધારે કાંઈ નથી કે અહલે સુન્નત મઝહબના ભવિષ્યના ઘડતરના માટે મારા જિગરના લોહીનું છેલ્લુ ટીપુ નીચોવી દઉં !'' *(રઈસુલ કલમ નંબર, જામે નૂર–દિલ્હી, પેજ–૨૨૮)*

આ સાચા સુન્નિયતના મહાન ખાદિમના ઉપર શું ગુજરી હશે ?! ઠંડા દિલે ફરીથી વાંચો અને ખરેખર દીન તથા સુન્નિયતની લાગણી હોય તો **જાગી જાવ ! અંધશ્રદ્ધામાંથી બહાર આવો ! અને અન્યને બહાર કાઢો !** નહીં તો સુન્નિયતને થતા નુકસાનના હિસ્સેદાર તમે પણ ગણાશો.

વાતો વાતોમાં દૂર નીકળી ગયા ! હા ! હવે મૂળ વિષય પર આવીએ ! ઈલ્મે દીન બાબતે તો હદીષે પાકમાં છે કે, **''આલિમે દીન બનો** અથવા **તાલિબે ઈલ્મ બનો** અથવા **ઉલમાની મેહફિલમાં બેસનાર બનો** અથવા **ઉલમાથી મહોબ્બત રાખનારા બનો,** પાંચમાં ન બનશો ! નહીં તો હલાક થઈ જશો. એટલે **આલિમોથી અદાવત રાખનાર ન થશો નહીં તો બર્બાદ થઈ જશો !!''**

એટલે જ **પહેલાંની ખાનકાહો જાહેરી તથા બાતિની ઈલ્મોનાં કેન્દ્રો હતી** પણ સમય જતાં પાછળથી આવનારા ઘણા ભાગે ઈલ્મે દીનથી દૂર થતા ગયા અને વગર ઈલ્મે સજ્જાદગીની ગાદી પર બેસવા લાગ્યા (પીરના પુત્રો વગર લાયકાતે પીર બનવા લાગ્યા) અને શરીઅતની પાબંદી વિના સૂફી બનવા લાગ્યા અને એના લીધે અજ્ઞાન અવામ પણ ગુમરાહીમાં પડવા લાગી અને અકીદામાં પણ નબળાઈ આવવા લાગી. એવા પણ સજ્જાદા જોયા છે કે તેમની ખાનકાહ પર તબ્લીગી દેવબંદીઓ પણ આવે છે, તો નમાઝ માટે સામે ચાલીને પીર બાવા જ તેમને ઈમામત સોંપે છે અને પોતે મુકતદી બની જાય છે (કેમ કે ઈમામ થવા જેટલુંય નથી પઢયા !)તથા સર્વ મુરીદો પણ તે દેવબંદી પાછળ નમાઝ પઢી રહ્યા છે ! બુઝુર્ગોના નામ પર ચરી ખાનારા આવા જાહિલ પીરોથી શું સુન્નિયત કમજોર નથી થઈ ?

જો કે અલ્હમ્દુલિલ્લાહ ! આજે હજી પણ એવી ખાનકાહો મૌજૂદ છે જ્યાંના સજ્જાદા પોતે આલિમે દીન છે તેમની ઔલાદ પણ આલિમ બની રહી છે અથવા સજ્જાદા બાકાયદા આલિમે દીન તો નથી પણ ઈલ્મે દીનથી લગાવ રાખે છે તથા ઉલમાની સોહબતમાં રહે છે, તેમની ઈજ્જત કરે છે, તો એનું ફળ એ છે કે તેમના મુરીદો તથા ચાહકો સુન્નિયતમાં પણ પુખ્તા જોવા મળે છે.

નહીં તો આજે એવાં પણ શહેરો મૌજૂદ છે કે વરસો પહેલાં શહેરમાં ઘણી ખાનકાહો હતી અને તેમના બુઝુર્ગો જાહેરી બાતિની ઈલ્મના સમુદ્ર હતા અને સુન્નિયતની બહારો ખીલેલી હતી, પણ ક્રમે ક્રમે વરસો બાદ તેમના પાછળનાઓએ ઈલ્મે દીનથી નાતો તોડયો, દુનિયવી ઈલ્મ તો મેળવ્યો અને વકીલ, ડોકટર, એંજીનીયર તથા જજ તેમજ સમાજ સેવક તથા લીડર પણ બન્યા પણ દીની ઈલ્મથી કોરા રહ્યા, તો એ પરિણામ છે કે ૧૦૦ મસ્જિદો તે શહેરોમાં બદ્‌મઝહબોના કબજામાં જતી રહી અને સુન્નીઓની એકલ દોકલ નાની સરખી મસ્જિદ રહી ગઈ ! અને અસંખ્ય લોકો બદ્‌અકીદા થઈ ગયા. એવાં દષ્ટાંત પણ આપણા સમક્ષ મૌજૂદ છે.

એટલા માટે **સુન્ની અવામ માટે અતિ જરૂરી તથા અનિવાર્ય બાબત છે કે જે લોકો ઈલ્મે દીનવાળા તથા બાઅમલ ઉલમા હોય અથવા ઉલમાની સોહબત તથા કદર કરનારા, શરીઅતની પાબંદી કરનારા પીરો હોય તેમની જ નિકટતા હાંસલ કરે તો ઈમાન તથા અમલ સલામત રહેશે, એ સિવાયનાને જો અનુસરશે તો ઈમાન તથા અમલની બર્બાદી સિવાય કાંઈ હાથ લાગશે નહીં.** માટે સુન્ની અવામે જાગૃત થવાની તથા હોશિયારીથી કામ લેવાની જરૂર છે, "મૌલ્વીયોંસે દૂર રહના !" કહે તેનાથી પોતે દૂર થઈ જાય, **અંધશ્રધ્ધામાં પડી રહેવાનો તથા આંખો મીંચીને આંધળી અકીદતમાં ડૂબી રહેવાનો આ સમય નથી !** "મોલ્વીઓથી દૂર રહેવાનું એ પીર એટલા માટે કહેતા હોય છે કે મોલ્વી કુર્આન–હદીષની વાત શીખવાડશે તો મુરીદ સમજદાર થઈ જશે અને ઈલ્મે દીનની, ઈલ્મે શરીઅતની રોશનીથી એ પીર બનાવટી છે એવી તેમની પોલ મુરીદ સામે ખુલી જશે ! જેથી જ એવું કહેતા હોય છે.

વળી કેટલાક વર્તમાન પીરોએ મુરીદોની સંખ્યા વધારવાની લાયમાં તથા પોતાના અસ્તિત્વની તથા માલ તેમજ નામના કમાવવાની જંગમાં સુન્નિયતનું શું થાય છે તે પાછુ વળીને જોયું નથી ! અને આપસમાં સુન્નીઓમાં ખૂબ વિવાદો ખડા કરીને તેમની તાકાતને કમજોર કરી નાખી છે.

એક સમય એવો હતો કે **પીરથી મુરીદ એટલા માટે થવામાં આવતુ હતું કે અલ્લાહની મઅરેફત હાંસલ થાય, એટલે પીર મુરીદને અલ્લાહથી નિકટ કરી આપે.** જ્યારે **આજે એવું થઈ રહ્યું છે કે મુસલમાનને મુસલમાનથી દૂર કરાઈ રહ્યો છે ! તો આવી પીરી મુરીદી ખુદા સુધી તો શું પહોંચાડે ?!** અને એનાથી ખૂબ જ મોટુ નુકસાન થઈ રહ્યુ છે.

આવો ! આજે આપણે અહદ કરીએ કે કોઈ પણ બિન જરૂરી વાદ વિવાદ, આંત્રિક કે બાહ્યમાં, પક્ષા પક્ષીમાં પડયા વિના કેવળ અને કેવળ સુન્નિયતની ભલાઈ તથા મજબૂતી ખાતર સબ્ર તથા સંયમ સાથે શરીઅત પર ચાલવા પૂરી કોશિશ કરીશું, હક્ક વાતને જ સ્વીકારીશું, શરીઅત પર ચાલતા બાઅમલ આલિમો, બાશરઅ પીરોની સાથે રહીશું અને જાહિલ કે બેશરઅ લોકોથી દૂર રહીશું, અને સુન્નિયતની ભલાઈનાં કાર્યો કરીશું, ઈન્શાઅલ્લાહ ! મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં સૌને સીરાતે મુસ્તકીમ પર ચાલવાની તૌફીક અતા કરે. آمین بجاہ النبی الکریم علیه افضل الصلوٰة والتسلیم

આવો ! અંતમાં અહલે સુન્નતની મજબૂતી તથા પ્રગતિ માટે ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે દીનો મિલ્લત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી عَلَیْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْના સૂચવેલા મુદ્દાઓનો અભ્યાસ કરીએ :–

## મસ્લક તથા મઝહબની પ્રગતિ માટે આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ દર્શાવેલ મુદ્દાઓ

**૦૧.** અઝીમુશ્શાન મદ્રસાઓ ખોલવામાં આવે જેમાં બાકાયદા તા'લીમ આપવામાં આવે.

**૦૨.** તલબા (વિદ્યાર્થીઓ)ને સ્કોલરશીપ આપવામાં આવે જેથી મને કમને પણ ઈલ્મના પ્રતિ ખેંચાઈ.

**૦૩.** મુદર્રિસોને ઊંચા (સંતોષજનક) પગારો તેમની કારવાઈઓ પ્રમાણે આપવામાં આવે.

**૦૪.** ઉત્સાહી તલબાની તપાસ રાખવામાં આવે અને જે જે કામમાં વધુ મુનાસિબ જોવા મળે તેને યોગ્ય સ્કોલરશીપ આપીને તેમાં લગાડવામાં આવે.

**૦૫.** તેઓમાંથી જેઓ તૈયાર થતા જાય તેમને પગારો આપીને દેશમાં ફેલાવી દેવામાં આવે જેથી તેઓ સાહિત્ય થકી, તકરીરો તથા વાએઝો થકી તથા મુનાઝરાઓ વડે દીન તથા મઝહબનો પ્રચાર કરે.

**૦૬.** મઝહબની તરફદારીમાં તથા બદ્‌મઝહબોની રદમાં ઉમદા કિતાબો તથા રિસાલાઓ યોગ્ય નઝરાણાઓ લેખકોને આપીને લખાવવામાં આવે.

**૦૭.** છપાઈ ચૂકેલા તથા ન છપાએલા રિસાલાઓને સુંદર રીતે છાપીને દેશમાં મફત વહેંચવામાં આવે.

**૦૮.** વિવધ શહેરોમાં તમારા સફીરો નિગરાનીમાં રહે અને જ્યાં જે પ્રકારના વાઅઝ તથા મુનાઝરા કે કિતાબની જરૂરત હોય તેની તમને ખબર કરે અને તમે દુશ્મનોની સરકોબીના માટે (રદને માટે) તમારી ફોજો, મેગેઝીનો તથા રિસાલાઓ મોકલો.

**૦૯.** જે આપણા લોકોમાં કામ કરવાને પાત્ર હોય પણ પોતાના ધંધામાં મશગૂલ હોય તેને વઝીફાઓ નક્કી કરીને રોજી રોટીના પ્રશ્નથી બેફિકર કરી દો અને જે કામમાં તેને આવડત હોય તે કામમાં લગાડી દો.

**૧૦.** તમારાં મઝહબી અખબારો પ્રકાશિત થાય, અમુક અમુક સમયમાં દરેક વિષયનાં લખાણો મઝહબની હિમાયતમાં આખા દેશમાં કિંમત સાથે કે વિના મૂલ્યે દૈનિક અથવા કમસે કમ અઠવાડિકના હિસાબે પહોંચાડતા રહો.

ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ એ એના પર અમલ પણ કરી દેખાડયો અને આપના ખલીફાઓ તથા શાર્ગિદોએ એના પર ચાલીને જગતભરમાં સુન્નિયતની તે રોશની ફેલાવી કે જેનાથી આજે પણ વિ□ તાબનાક છે. પણ **આપણે આ મુદ્દાઓ પર કેટલો અમલ કર્યો ? કેવળ રસ્મી પ્રોગ્રામો, ન્યાઝ, ફાતિહા તથા ગગનચુંબી નારાઓ મારવા સિવાય અમલી મેદાનમાં આપણી શી કારકિર્દી છે ?!** (ઈલ્લા માશાઅલ્લાહ !) હા ! બાતિલ ફિર્કાવાળાઓએ આ મુદ્દાઓ પર અમલ કર્યો તો પોતાની બદ્‌મઝહબી ફેલાવવામાં પ્રગતિ કરી ગયા ! પણ આપણે એના પર અમલ ન કરીને પીછેહઠ જ કરતા રહ્યા ! હજી પણ સમય છે કે આંખો ખોલવામાં આવે અને આ'લા હઝરતના ચીંધેલા માર્ગે ચાલવામાં આવે તો કામયાબી આપણા કદમોમાં આવીને પડશે. ઈન્શાઅલ્લાહ ! લખવાનું, કહેવાનું ઘણુ છે પણ....

**દો અશ્ક હી બહોત હૈ અગર કુછ અષર કરે**
**વરના રાતભર કા રોના ભી બેકાર હોતા હૈ**

-કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહ્ની તફસીર ★

قَدْ نَرٰى تَقَلُّبَ وَجْهِكَ فِى السَّمَآءِ ۚ
فَلَنُوَلِّيَنَّكَ قِبْلَةً تَرْضٰهَا ۖ فَوَلِّ وَجْهَكَ شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ ؕ
وَحَيْثُ مَا كُنْتُمْ فَوَلُّوْا وُجُوْهَكُمْ شَطْرَهٗ ؕ وَاِنَّ الَّذِيْنَ اُوْتُوا
الْكِتٰبَ لَيَعْلَمُوْنَ اَنَّهُ الْحَقُّ مِنْ رَّبِّهِمْ ؕ وَمَا اللّٰهُ بِغَافِلٍ عَمَّا يَعْمَلُوْنَ ﴿۱۴۴﴾
وَلَئِنْ اَتَيْتَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ بِكُلِّ اٰيَةٍ مَّا تَبِعُوْا قِبْلَتَكَ ۚ وَمَا
اَنْتَ بِتَابِعٍ قِبْلَتَهُمْ ۚ وَمَا بَعْضُهُمْ بِتَابِعٍ قِبْلَةَ بَعْضٍ ؕ وَلَئِنِ
اتَّبَعْتَ اَهْوَآءَهُمْ مِّنْ بَعْدِ مَا جَآءَكَ مِنَ الْعِلْمِ ۙ اِنَّكَ اِذًا لَّمِنَ
الظّٰلِمِيْنَ ﴿۱۴۵﴾ اَلَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ يَعْرِفُوْنَهٗ كَمَا يَعْرِفُوْنَ
اَبْنَآءَهُمْ ؕ

**તર્જુમો** : અમે જોઈ રહ્યા છીએ[૧૬૬] વારંવાર આપનુ મોઢું આસ્માન તરફ કરવું, તો અમે જરૂર ફેરવી દઈશું આપને એ કિબ્લાની તરફ જેને આપ પસંદ કરો (લો !) હવે ફેરવી લો તમારો ચહેરો મસ્જિદે હરામની તરફ[૧૬૭]. (હે મુસલમાનો !) જ્યાં ક્યાંય તમે છો ફેરવી લીધા કરો તમારા મોઢાને એની તરફ, અને બેશક ! તે જેમને કિતાબ આપવામાં આવી[૧૬૮] જરૂર જાણે છે કે આ હુકમ બરહક્ક છે તેમના રબની તરફથી, અને અલ્લાહ તઆલા બેખબર નથી કામોથી જેને તેઓ કરે છે. અને જો તમે લઈ આવો કિતાબવાળાઓ પાસે દલીલ (તો પણ) આપની કિબ્લાની પયરવી કરશે નહીં. અને ન આપ પયરવી કરવાવાળા છો તેમના કિબ્લાની, અને તેઓ એકબીજાના કિબ્લાને માનવાવાળા છે. અને જો (ધારો કે) તમે પયરવી કરશો[૧૬૯] તેમની ખ્વાહિશોની એના પછી કે આવી ચૂક્યો આપની પાસે ઈલ્મ, તો યકીનન ! તમે તે વખતે જાલિમોમાં (ગણત્રી) પામશો, જે લોકોને અમે કિતાબ આપી છે તેઓ પહેચાને છે તેઓને જેવી રીતે તેઓ ઓળખે છે પોતાના પુત્રોને[૧૭૦].

## તફસીર

**૧૬૬.** કા'બા હુઝૂર ﷺના દાદા હઝરત ખલીલ علیہ السلامનો કિબ્લો હતો તેમજ અરબવાસીઓને ઈસ્લામ પ્રતિ વાળવાનો એક અસરકારક ઝરીયો હતો. આ તેમજ એ ઉપરાંત કેટલાંયે અન્ય કારણો પણ હતાં જેને નબુવ્વતની નિગાહો જોઈ રહી હતી. જેના લીધે હુઝૂર ﷺની દિલી તમન્ના હતી કે કા'બાને કિબ્લો બનાવવામાં આવે. અને ઉમ્મીદભરી નજર વારંવાર રહમતના દરની તરફ ઉઠતી રહેતી હતી. અલ્લાહ તઆલાને પોતાના મહબૂબ ﷺની આ અદા એટલી પ્યારી હતી તથા તેની ખુશી એટલી મહબૂબ હતી કે આ જ આયતમાં એલાન ફર્માવી આપ્યું કે, હે મહબૂબ ! જે કિબ્લો તમને પસંદ તે જ અમને પણ પસંદ ! અને તારી ખુશીના માટે અમે કા'બાને ક઼િબ્લો નિશ્ચિત કરીએ છીએ. قد نرىٰ تقلب وجهك

(મઝારેઅના સેગાથી) ફર્માવ્યું : قد رأينا (ભૂતકાળ) નથી ફર્માવ્યું, જેવો જાહેર સંજોગોનો તકાઝો છે. એમાં એ બાબતની પ્રતિ નિર્દેશ છે કે "તારા રુખે અન્વર (ચહેરા મુબારક)નું વારંવાર આસ્માનની તરફ ઉઠવું એવી ચીજ નથી જેને ભૂતકાળનો કિસ્સો બનાવીને વર્ણન કરવામાં આવે. બલ્કે કુદરતની આંખો આ રૂહ પરવર મન્ઝરનો હજી પણ એ જ પ્રમાણે નઝારો કરી રહી છે. ફર્માવ્યું, અમે જોઈ રહ્યા છીએ તારું વારંવાર આસ્માનની તરફ તારા મુબારક રુખને ઉઠાવવું. શું શાને મહબૂબિયત છે ! સુબ્હાનલ્લાહ !

**૧૬૭.** જ્યારે આ આયત નાઝિલ થઈ તો હુઝૂર ﷺ પોતાના સહાબાએ કિરામ رضوان الله تعالىٰ عليهم اجمعين ની સાથે મસ્જિદે બની સલામમાં ઝોહરની નમાઝ બાજમાઅત પઢાવી રહ્યા હતા. બે રકાતો અદા કરી ચૂક્યા હતા કે એવામાં આ આયત નાઝિલ થઈ. એ જ વખતે હુઝૂર عليه السلام એ બૈતુલ મુકદ્દસથી મોઢું ફેરવીને કા'બાની તરફ કરી લીધું. સહાબાએ કિરામ رضوان الله تعالىٰ عليهم اجمعين એ પણ પોતાના ચહેરાઓ કા'બાની તરફ ફેરવી લીધા. મદીનાની બીજી મસ્જિદોમાં પણ જ્યાં જ્યાં જમાઅત થઈ રહી હતી જ્યારે આ હુકમ પહોંચ્યો તો એ જ ક્ષણે સર્વ સહાબાએ કિરામે પોતાના ચહેરા ફેરવી લીધા અને દુનિયાને તસ્લીમ તથા રઝા (સ્વીકૃતિ)નો એક અજોડ નમૂનો દેખાડયો. **સહાબાએ કિરામ رضوان الله تعالىٰ عليهم اجمعين ની આ બુદ્ધિને હેરત પમાડનારી પ્રગતિનું રહસ્ય પોતાના નબી તથા પોતાના લીડરની કશાય ખચકાટ વિનાની આજ્ઞાપાલનમાં સમાયેલું હતું.**

**૧૬૮.** અલ્લાહ તઆલા પોતાના રસૂલ ﷺ ને તસલ્લી આપે છે કે તમો **યહૂદીઓ**ના વાંધાઓથી પરેશાન ન થાવ, તેમની કિતાબમાં કિબ્લાની પ્રાપ્તિનો ઉલ્લેખ મૌજૂદ છે. તેમને સારી પેઠે માલૂમ છે કે આ હક્ક છે અને અલ્લાહ તઆલાની તરફથી છે. **હવે કેવળ પૂર્વગ્રહ તથા હઠધર્મી કરી રહ્યા છે**, એટલા માટે એમના સામે જેટલી દલીલો પેશ કરવામાં આવે પણ તેમને હિદાયત મળશે નહીં.

**૧૬૯.** આ આયતમાં જાહેર રીતે સંબોધન હુઝૂરે અકરમ ﷺ ને છે, પરંતુ હેતુ ઉમ્મતને માટેનો છે, કેમ કે ઉમ્મત થકી તો પોતાના નફ્સની ઈચ્છાઓની તાબેદારી શક્ય છે પરંતુ નબીની જાત જે સગીરા ગુનાહોથી પણ મા'સૂમ છે તેનાથી તો અશક્ય છે કે એવો જુર્મ ઉપસ્થિત થાય. વિષયના મહત્વના લીધે હુઝૂર ﷺ પ્રતિ નિસ્બત કરવામાં આવી. (કુર્તબી)

**૧૭૦.** અહલે કિતાબ પોતાના પુત્રોની જેમ હુઝૂરે અકરમ ﷺ ને સારી પેઠે ઓળખે છે. તેમની આસ્માની કિતાબોમાં હુઝૂર ﷺ નો હુલિયો (દેખાવ), ખૂબીઓ તથા મો'જિઝાઓ એટલા સ્પષ્ટપણે લખવામાં આવેલા છે કે શંકાને સ્થાન જ નથી રહેતું.

## રમઝાનમાં ટી.વી. જોઈને ટાઈમ પાસ ન કરશો !

ઈમામ અહમદ તથા હાકિમ તથા તિબ્રાનીએ કબીરમાં અને ઈબ્ને અબીદુન્યા અને બયહકીએ શોઅબુલ ઈમાનમાં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضي الله عنه થી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે : **રોઝા** તથા **કુર્આન** બંદાના માટે શફાઅત કરશે. રોઝા કહેશે, હે રબ ! મેં ખાવાથી અને મનેચ્છાઓથી દિવસમાં અને રોકી દીધો, મારી શફાઅત તેના હક્કમાં કબૂલ ફર્માવ. કુર્આન કહેશે, હે રબ ! મેં એને રાતમાં સૂવાથી દૂર રાખ્યો, મારી શફાઅત તેના બારામાં કબૂલ ફર્માવ. બંનેની શફાઅતો કબૂલ થશે. *(બહારે શરીઅત, ભાગ-૫, પેજ-૯૪)* જેથી આવા મુબારક દિવસો રાતોને હરામ ખેલો, ડ્રામાઓ પાછળ બર્બાદ ન કરતાં ઈબાદત કરીને શફાઅતનો સામાન કરશો.

દર્સે હદીષે પાક

મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

(કાર્યાલય)

## ★ હદીષ : ૪૨ ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે શૈતાન એનાથી તો માયૂસ (નિરાશ) થઈ ચૂક્યો કે અરબસ્તાનના નમાઝી એને પૂજે[૧] પરંતુ તેમને આપસમાં ભડકાવવામાં મશ્ગૂલ છે[૨]. *(મુસ્લિમ)*

ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે હુઝૂર નબી કરીમ ﷺદી ખિદમતમાં એક શખ્સ આવ્યો અને બોલ્યો કે હું મારા દિલમાં એવા ખયાલો મેહસૂસ કરું છું કે એ બોલવા કરતાં સળગીને કોલસો થઈ જવાનું અધિક પસંદ કરું છું[૩]. ફર્માવ્યું, ખુદાનો શુક્ર છે જેણે એ ખયાલોને વસવસો બનાવી દીધો[૪]. *(અબૂ દાઊદ)*

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, માણસમાં શૈતાનની પણ અસર છે[૫] અને ફરિશ્તાની પણ. શૈતાનની અસર તો મુસીબતથી ડરાવવું અને હક્કને જૂઠલાવવું છે[૬]. પરંતુ ફરિશ્તાની અસર ભલાઈનો વાયદો કરવો અને સત્યનું સમર્થન કરવું[૭]. જે આ અંતિમ વાત મહસૂસ કરે તે જાણી લે કે આ રબની તરફથી છે, ખુદાનો શુક્ર કરે[૮]. અને અને જે તે બીજી ચીજ મેહસૂસ કરે તે મરદૂદ શૈતાનથી અલ્લાહની પનાહ માંગે[૯]. પછી આ તિલાવત કરી કે, "શૈતાન તમને ફકીરીથી ડરાવે છે અને બેહયાઈનો મશ્વરો આપે છે. તિર્મિઝીએ રિવાયત કરી અને ફર્માવ્યું આ હદીષ ગરીબ છે.

## ★ સમજૂતી ★

૧. એટલે કે અરબસ્તાનમાં સામાન્ય મુસ્લિમો શિર્કમય અમલો કરશે નહીં એટલે સામાન્યતઃ (શિર્ક કરીને) મુર્તદ થશે નહીં, એકાદ માણસનું કદીક એ રીતે મુર્તદ થઈ જવું એની વિરૂદ્ધ નથી. અરબને દ્વિપ (જઝીરા) એટલા માટે ફર્માવ્યો કે તેને ઈરાનના દરિયા તથા દજલા અને ફુરાત નદીઓએ ઘેરેલ છે. અરબસ્તાનની લંબાઈ અદનથી શામ (સીરીયા) સુધી છે, પહોળાઈ જિદ્દાથી ઈરાક સુધી છે. આ હદીષથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺ પર સલાતો સલામ તથા મૌલૂદ શરીફ, ઉર્સ, ફાતિહા, ખત્મ, હુઝૂરથી મદદ માંગવી વગેરે શિર્ક નથી, કેમ કે એ સર્વ ચીજો સામાન્ય (આમ) અરબ મુસલમાનોનો હમેશાંથી દસ્તૂર છે. (હાલના વહાબીઓ એને શિર્ક કહેવા લાગ્યા તે જાલિમોની ગલતી છે.–અનુવાદક) જો એમાંની કોઈ ચીજ શિર્ક હોત તો અરબ શરીફના (પહેલાંના) મુસલમાનોમાં કદી રિવાજ ન પામતી. એ પણ જાણવા મળ્યું કે અજમ કદી અરબની જેમ મોહતરમ નથી થઈ શક્તું. દરેક જગાએ સામાન્યતઃ મુસ્લિમો (શિર્ક કરી) મુર્તદ થઈ શકે છે પણ ત્યાંના મુસ્લિમો (શિર્ક કરી) મુર્તદ નથી થઈ શક્તા. યાદ રાખશો કે મુસૈલમા કઝ્ઝાબે અરબસ્તાનના ઘણા મુસલમાનોને મુર્તદ કરી લીધા પણ આ ઈતર્દેદાદ (ફરી જવું) ખુદાના ફઝ્લથી બાકી ન રહ્યો, એક ટેમ્પરરી ચીજ હતી જે ખત્મ થઈ ગઈ જે એતબારને લાયક નથી.

૨. એટલે કે અરબોને આપસમાં લડાવતો ભીડાવતો રહેશે. જેમ કે ઉષ્માની (સુન્ની તુર્કી) હુકૂમતના અંતિમકાળથી જે મતભેદ શરૂ થયો (અંગ્રેજોની પોલીસીથી) તે આજ સુધી ખત્મ થયો નથી. ભલે અરબ એકતાના નારા લાગે છે પણ તેનો કોઈ અર્થ સરતો નથી.

૩. એટલે કે અલ્લાહની જાત તથા સિફતો

(ગુણો) તથા હુઝૂર ﷺની ખૂબીઓના સંબંધે એવા બુરા ખયાલો આવે છે કે મને એને સ્વીકારવું તો દૂર રહ્યું પણ એટલું બુરુ જણાય છે કે બળી જઈને કોલસો થઈ જવું મંઝૂર છે પણ તેને બોલવું મંઝૂર નથી. સુબ્હાનલ્લાહ ! આ છે તો ખૌફે ઈલાહી જે હુઝૂરની સોહબતની બરકતથી સહાબીઓને નસીબ થયો. આ ખૌફ ઈમાનની દલીલ છે.

૪. એટલે રબ તઆલાએ એવા ખયાલોને વસવસામાં દાખલ કર્યા જેના પર કોઈ પકડ ન રાખી. તે કરીમ રબ બંદાની મજબૂરી તથા લાચારી જાણે છે.

૫. અહીં શૈતાનથી મુરાદ ક્યાં તો ઈબ્લીસ છે અથવા માણસનો સાથી જે દરેક સમયે તેની સાથે રહે છે જેનું વર્ણન અગાઉ થઈ ચૂક્યું. બીજી આશંકા અધિક મજબૂત છે, તેની અસર લગભગ સર્વ માણસો પર થાય છે. કોઈના પર થોડી કોઈના પર વધુ.

૬. એ રીતે કે એ ખબીષ બુરાઈઓને ખૂબીઓ અને નેકીઓને મુસીબત બનાવીને દેખાડે છે. ખૈરાતના ઈરાદા પર ગરીબીથી ડરાવે છે, નાજાઈઝ ખર્ચાઓના મોકા પર નામનાની લાલચ આપે છે. ઘણીવાર જોવામાં આવ્યું છે કે **મોટાભાગના મુસલમાન હજ્જ તથા ખૈરાત કરવાથી ગભરાય છે, પરંતુ શાદી વિવાહની હરામ રીત રસમો પર ખૂબ દિલ ખોલીને ખર્ચ કરે છે,** એ તેની અસર છે. રબ ફર્માવે છે اَلشَّيطَانُ يَعِدُكُمُ الفَقْرَ وَيَامُرُكُمْ بِالفَحشَآءِ એનો એ જ મતલબ છે.

૭. એ રીતે કે જો સદકા તથા ખૈરાતથી નફ્સ ગભરાય અને શૈતાન ગરીબીથી ડરાવે તો એ ફરિશ્તો દિલમાં અવાજ આપે છે કે, ડરો નહીં ! સદકાથી માલ વધે છે, ઘટતો નથી. અને તરત આ આયત સામે આવે છે :–

તે આ وَيَمحَقُ اللهُ الرِّبَاوَيُربِى الصَّدَقَات ફરિશ્તાનું જ કામ છે. જે શખ્સ જે અવાજ પર કાન ધરતો રહેશે તે જ અવાજ મજબૂત થતો રહેશે અને બીજો અવાજ મંદ થતો જાય છે. અમુક ઔલિયાથી શૈતાન નિરાશ થઈને તેમને બેહકાવવાનું જ છોડી આપે છે.

૮. કેમ કે નેક ઈરાદા તથા સારા વિચારો પણ અલ્લાહની નેઅમત છે. શુક્ર કરવાથી નેઅમત વધે છે. તેમજ નેક ઈરાદાને જલ્દી પૂરો કરે કેમ કે ખબર નહીં પછી મોકો મળે કે ન મળે.

૯. કેમ કે **અઊઝુ** તથા **લાહૈલ**થી શૈતાન ભાગે છે, સૂફિયાએ કિરામ ફર્માવે છે કે **જે કોઈ સવાર સાંજ ૨૧ વાર લા હૌલ શરીફ પાણી પર દમ કરીને પી લીધા કરે તો ઈન્શાઅલ્લાહ ! શૈતાનના વસવસાઓથી ઘણે અંશે અમ્નમાં રહેશે.**

## ✪ શું આપ જાણો છો ?! ✪

માખી અથવા ધુમાડો અથવા ધૂળ ગળામાં જવાથી રોઝો નથી તૂટતો ભલે તે ધૂળ આટાની હોય કે ઘંટી દળવાથી અથવા આટો ચાળવામાં ઉડે છે અથવા અનાજની ધૂળ હોય અથવા હવાથી માટી ઉડી અથવા જાનવરોની ખળીયો અથવા પગો વડે ધૂળ ઉડીને ગળામાં પહોંચી. ભલે રોઝાદાર હોવું યાદ હતું. અને ખૂદ જાણીબુઝીને (ઈરાદાપૂર્વક) પહોંચાડે તો રોઝો તૂટી ગયો જ્યારે કે રોઝાદાર હોવું યાદ હોય, ભલે તે ગમે તે ચીજનો ધૂમાડો–ધૂળ હોય અને કોઈ રીતે પહોંચાડી હોય. ત્યાં સુધી કે અગરબત્તી વગેરે ખૂશ્બુ સળગતી હતી તેને મોં નજીક કરીને ધૂમાડાને નાકથી ખેંચ્યા તો રોઝો જતો રહ્યો. એ જ પ્રમાણે હુક્કો પીવાથી પણ રોઝો તૂટી જાય છે જો રોઝાદાર હોવું યાદ હોય અને હુક્કો પીનાર પીશે તો કફ્ફારો પણ લાઝિમ આવશે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર... વગેરે બહવાલા બહારે શરીઅત, ભાગ–૫, પેજ–૧૧૩)*

شفا شریف شفا شریف

# શિફા શરીફ

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

★ ઉર્દૂ અનુવાદક ★

મૌલાના અબ્દુલ હકીમ અખ્તર શાહજહાંપુરી

★ ગુજરાતી અનુવાદક ★

ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

*(વિભાગ : ૧૧)*

## નબુવ્વતમાં અક્કલનું સ્થાન

જાણવું જોઈએ કે, સમગ્ર ખૂબીઓની શાખાઓનું મૂળ, તેમનું ઉગમસ્થાન અને એ સર્વ વર્તુળનું કેન્દ્ર બિંદુ અક્કલ છે. તેનાથી ઈલ્મ તથા ઈર્ફાનનાં ઝરણાં ફુટે છે. તેનાથી જ સારા વિચારો, દિમાગની તીવ્રતા, મંતવ્યની યોગ્યતા અને અનુમાનની સચ્ચાઈ પ્રાપ્ત થાય છે. તેના કારણે ભવિષ્ય પર નજર રાખવા તથા નફસની સુધારણાની રીતે, વાસનાથી બચવાની કોશિશો, સુંદર રાજનીતિ અને સુંદર તદબીરો, ફઝાઈલની પ્રાપ્તિ, ધૃણા કરવાની ખૂબીઓ ઉદ્ભવ પામે.

સરવરે કોનો મકાં ﷺ ઈલ્મના લેહાઝથી એવા હોદ્દા પર નિયુક્ત થયેલ હતા જેની વાસ્તવિક્તા સુધી કોઈ મનુષ્ય પહોંચી શકે નહીં. મુસ્તફા ﷺની બુદ્ધિની મહાનતા અને બુર્ઝુગી તે શખ્સ પર સંપૂર્ણ રીતે સ્પષ્ટ છે જેણે આપના સંસ્કાર અને એહવાલનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરેલ છે તેમજ આપની સમગ્ર વિશિષ્ટતાઓ, સુંદર સ્વભાવ, મુબારક આદતો અને મહાન આજ્ઞાઓની હિકમતોને દષ્ટિવાન આંખોથી જોઈ છે.

આપની ઈલ્મી મહાનતાનો અંદાઝ કરવા માટે તવરાત અને ઈન્જીલ વગેરે આસ્માની કિતાબોના લખાણો, હકીમોની હિકમતો, પાછલી ઉમ્મતોના હાલાત અને બનાવો સચોટ દષ્ટાંતો, લોકોની રાજનીતિ, શરીઅતની આજ્ઞાઓ, પસંદ પડે તેવો શિષ્ટાચાર, સારા તરીકાઓ જે વિવિધ વિદ્યા અને હુન્નરની પ્રતિ માર્ગદર્શન આપે છે અને જેમને ઉલ્માએ કિરામ સનદ અને દલીલ ઠરાવે છે. તેમજ ચિકિત્સા, ગણિત, વંશ વારસો વગેરે એવા ઈલ્મો તથા વિદ્યાઓ છે જેમાં આપના અસંખ્ય મો'જિઝા છે. જ્યારે કે ન આપે કોઈથી ઈલ્મ પ્રાપ્ત કર્યું છે અને ન તે પાછલી ઉમ્મતોની કિતાબોનું અધ્યયન કરેલ હતું અને તે વિદ્વાનોથી બેઠક રહી હતી, આપ તો ઉમ્મી નબી હતી.

**અન્નબિય્યુલઉમ્મી (ઉમ્મી નબી) :** જણાવેલ વિદ્યાઓ અને ઈલ્મોને આપે કોઈનાથી પણ પ્રાપ્ત કર્યા ન હતા. બલ્કે અલ્લાહ તઆલાએ જ આપના સીનાને ખોલી દીધો હતો, આપને લક્ષ સુધી પહોંચાડયા હતા અને પોતે તા'લીમ આપી હતી, જેનો ઈકરાર દરેક શખ્સે કરવો પડે છે જેણે આપના હાલાત અને બનાવોનું અધ્યયન કર્યું હોય. અને આ રીતે આપનું બરહક્ક નબી હોવું કતઈ દલીલની સાથે જોવા મળે છે.

આપના આવા સમગ્ર બનાવો અમે વિગતવાર કઈ રીતે બયાન કરી શકીએ છીએ, જ્યારે કે મનુષ્યની બુદ્ધિ તેનો ઘેરાવ કરવાથી લાચાર છે અને એ લાયક થઈ શકતી જ નથી. નબીએ કરીમ ﷺ ના ઈલ્મો તથા મઅરેફતો પણ આપની બુદ્ધિના જેમ અસીમ છે. જેવું કે, આ કિતાબના લેખક عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ એ ફર્માવ્યું છે :–

"તે તમામ વિદ્યાઓ જેના પર અલ્લાહ તઆલાએ આપને જાણકારી આપી તેમાંથી **માકાન વમા યકૂન** (ભૂત, વર્તમાન, ભાવિ)નું ઈલ્મ, પોતાની કુદરતની અજાયબીઓ અને પોતાની મહાન બાદશાહીના ઈલ્મો (વિદ્યાઓ) પણ છે. જેવું કે, અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે, "અય મહબૂબ ! અમે તે બધું તમને શિખવાડી દીધું જે તમે જાણતા ન હતા, અને તમારા પર અલ્લાહનો મહાન ફઝલ છે." આપની વિશિષ્ટતાઓ અને ખૂબીઓનો અંદાજો લગાડવામાં અક્કલો હૈરાન છે અને આપના ગુણગાનના ઘેરાવ કરવાથી ઝબાનો ગુંગી છે અને તેની ન કોઈ અંતિમ સીમા સુધી પહોંચી શકે છે."

# फतवा विभाग

-कार्यालय

## વાજિંત્રો સાથે કવ્વાલી તથા સમાઅ હરામ હોવા વિશે...

ગતાંકથી..

**★ જવાબ : ૭ ★**

ઝૈદનું એવું કહેવું કે વાજિંત્રો સાથે કવ્વાલી ચિશ્તી તથા અશરફી સિલસિલામાં કરવી તથા સાંભળવી જાઈઝ છે તે તેની સખત ગલતી તથા ખુદાના મહબૂબ બંદાઓ ચિશ્તી તથા અશરફી સિલસિલાનાં કથનોને ''જૂઠલાવવું'' અને તેમના પર ''તોહમત'' લગાડવું છે.

ફતાવા હિંદિયામાં છે :–

**قال رحمةالله تعالى السماع والقوال والرقص الذى يفعله المتصوفة فى زماننا حرام** -- *(પેજ–૩૫૪, ભાગ–૫)*

સૈયદી આ'લા હઝરત લખે છે : કાશ ! માણસ ગુનોહ કરે અને તેને ગુનોહ જાણે ! કબૂલ કરે ! હઠાગ્રહથી દૂર થાય ! પરંતુ એ તો અધિક સખત છે કે હવસ પાલવે અને આક્ષેપ પણ ટાળે ! પોતાના માટે હલાલને હરામ બનાવી લે. પછી એટલા પર જ બસ નથી, બલ્કે મઆઝલ્લાહ ! (અલ્લાહની પનાહ !) તેની તોહમત ખુદાના મહબૂબ બંદાઓ ચિશ્તી સિલસિલાના મહાન બુઝુર્ગો قُدِّسَتْ اَسْرَارَهُمْના માથા પર થોપે ! ન ખુદાનો ડર ન બંદાઓથી શરમ કરે છે ! જ્યારે કે ખૂદ હુઝૂર મહબૂબે ઈલાહી સૈયદી વ મૌલાઈ, નિઝામુલ હક્ક વદીન, સુલ્તાનુલ ઔલિયા رضی اللہ عنہ ''ફવાઈદુલ ફવાદ શરીફ''માં ફર્માવે છે : ''મઝામીર હરામ અસ્ત'' વાજિંત્રો હરામ છે. *(ફતાવા રઝવિય્યહ, પેજ–૧૯૯, ભાગ–૯, નિસ્ફ અવ્વલ)*

અને શાહઝાદાએ આ'લા હઝરત, ઈમામુલ ફુકહા **મુફ્તીએ આ'ઝમ** હઝરત અલ્લામા શાહ મુસ્તફા રઝા કાદરી નૂરી رضی اللہ عنہ લખે છે :–

**"વાજિંત્રો મુત્લકન (તદ્દન) "હરામ" છે, ન સૂફીને હલાલ ન ગૈર સૂફીને."** *(ફતાવા મુસ્તફવિય્યહ, પેજ–૬૩૧)*

અને લખે છે : ''અમુક સૂફી બનનાર ખાસ કરીને ચિશ્તી સિલસિલાના મુરીદોએ આ જુલ્મ કર્યો અને સિતમ ખડો કર્યો છે કે જબરદસ્તી વાજિંત્રો જાઈઝ હોવાનો બાતિલ (ગલત) દાવો કરી લીધો છે. અને સિતમ પર સિતમ એ કે જે ચિશ્તી થઈ જાય તેના માટે વાજિંત્રો હલાલ ! **ولاحول ولا قوة الابالله العلى العظيم** જાણે ચિશ્તીઓની શરીઅત અલગ છે અને અન્ય સિલસિલાઓની અલગ ! વલઅયાઝુબિલ્લાહ !

હુઝૂર પૂરનૂર સૈયેદેના સુલ્તાનુલ મશાઈખ નિઝામુલ હક્ક વ શરીઅહ વ તરીકહ વદીન, મહબૂબે ઈલાહી قدس سرہ ''સયરુલ ઔલિયા''માં ફર્માવે છે કે : ''સમઅ મુબાહ હોવા માટે અમુક ચીજો જરૂરી છે : મુસ્મઅ, મુસ્તમઅ, મસ્મૂઅ તથા આલાએ સમઅ. એટલે કે કવ્વાલ પૂરો મર્દ હોય, અમરદ (દાઢી મૂછ ફૂટી ન હોવા તેવાને અમરદ કહે છે) ન હોય, સ્ત્રી ન હોય, સાંભળનાર ખુદાની યાદથી ખાલી ન હોય, મસ્મૂઅ એટલે તે ચીજ જે ગાવામાં આવે તે ફહશ (બિભત્સ) તથા મઝાકરૂપે ન હોય, અને આલાએ સમઅ એટલે વાજિંત્રો જેવાં કે ચુંગ તથા રુબાબ વગેરેથી એ મજલિસ પાક હોય.'' **સૂફીઓને ખાસ કરીને ચિશ્તીઓને વાજિંત્રો હલાલનો દસ્તાવેજ આપનારા આંખો ફાડીને જુએ કે હુઝૂર સુલ્તાનુલ મશાઈખ, સૈયદુસ્સૂફિયા, સરદારે ચિશ્તીયાંએ ક્યાંય સૂફીઓ, ચિશ્તીઓનો હુકમ અલગ બયાન કર્યો ? કે સમઅ મુબાહ હોવાની જે શરતો છે તે ગૈર સૂફીઓના માટે છે અને ચિશ્તીઓ સૂફીઓના માટે આઝાદી છે ?! તેમના માટે તદ્દન હલાલ**

છે ?! અલ્લાહુ અકબર ! ચિશ્તી હોવાનો દાવો અને હુઝૂર સુલ્તાનુલ મશાઈખની વિરૂધ્ધ ફત્વો ! *(ટૂંકાવીને, ફતાવા મુસ્તફવિય્યહ, પેજ–૬૩૨)* વલ્લાહુ તઆલા અઅ્લમ.

**લખનાર :** (મુફતી) ગુલામ નબી નિઝામી અલીમી અમજદી (દારુલ ઈફતા, મર્કઝે તર્બિયતે ઈફતા, **ઓઝાગંજ**, બસ્તી, યુ.પી. તા. ૧૨–જમાદીઉલ આખર, હિ.સ. ૧૪૨૭)

**અલજવાબ સહીહ :** વલ્લાહુ તઆલા અઅ્લમ (મુફતી) મુહમ્મદ અબરાર અહમદ અમજદી બરકાતી, ખાદિમે ઈફતા મર્કઝે તર્બિયતે ઈફતા (ઓઝાગંજ, ૧૨ જમાદીઉલ આખર હિ.સ. ૧૪૨૭)

## "ટાઈ" વિશે મસ્અલો

સાંભળવામાં આવ્યું કે આજકાલ કેટલીક મુસ્લિમ સ્કૂલોમાં અથવા મુસ્લિમો સંચાલિત સ્કૂલોમાં પણ બાળકોને ફરજીયાત "ટાઈ" પહેરવાની તાકીદ કરવામાં આવે છે. તો એવા લોકોમાં થોડીક ઈમાની ગૈરત બચી હોય તો નીચેનું લખાણ વાંચે અને સબક હાંસલ કરે. "ટાઈ" પહેરવામાં મહાનતા સમજનારા રસૂલે પાક ﷺની સુન્નતોને કેમ નથી અપનાવતા ? શું સુન્નતે મુસ્તફાને તુચ્છ સમજે છે ?!

એક પ્રશ્નના જવાબમાં તાજુશ્શરીઅહ, જાનશીને મુફતીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા મૌલાના મુફતી અખ્તર રઝા અઝહરીમિયાં مدظلہ العالی જણાવે છે કે, "હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ قدس سرہ ફર્માવતા હતા કે "ટાઈ" કુર્આનનો રદ છે. કુર્આને અઝીમ ફર્માવે છે :–

وما قتلوه وما صلبوه ولكن شبه لهم وما قتلوه يقينا

**(અર્થ) :** "યહૂદીઓએ હઝરત ઈસા علیہ السلامને કત્લ નથી કર્યા, ન તેમને સૂળી આપી, બલ્કે તેમના માટે તેમનો હમશકલ બીજો બનાવી આપ્યો. અને યહૂદીઓએ યકીનન ! ઈસા علیہ السلامને કત્લ નથી કર્યા." (હઝરત ઈસા علیہ السلامને આસ્માન પર ઉઠાવી લેવામાં આવ્યા છે અને કિયામત પહેલાં આપ દુનિયામાં તશરીફ લાવશે. *-કાર્યાલય)*

એથી ઉલ્ટુ ઈસાઈઓનો અકીદો એ છે કે યહૂદીઓએ હઝરત ઈસા علیہ السلامને ફાંસી આપી અને સૂળી પર લટકાવ્યા, જેથી ઈસાઈ તેની યાદમાં સલીબનું નિશાન જેને "ક્રોસ" કહે છે તે અને ગળામાં "ટાઈ" (ફંદો) બાંધે છે.

હઝરત અકદસ (મુફતીએ આ'ઝમે હિંદ)ની ખિદમતમાં રહેનારાઓનો ઘણીવારનો અનુભવ હતો કે આપ કોઈને ટાઈ પહેરેલ જોતા તો ખૂબ જ ગુસ્સો પ્રદર્શિત કરતા અને ટાઈ ઉતરાવી લેતા હતા અને ટાઈને ઈસાઈઓની નિશાની બતાવતા હતા..... *(બહવાલા ટાઈકા મસ્અલા, પેજ નં. ૨–૩, અઝ : તાજુશ્શરીઅહ હઝરત અલ્લામા અખ્તર રઝા અઝહરી* مدظلہ العالی*)*

કેટલીક દલીલો બાદ વધુમાં જણાવ્યું કે, "ટાઈ ઈસાઈઓની નિશાની હોવા માટે જાતે પોતે ન્યાયી ગવાહ છે, તો હવે એના હોવા પછી અધિક સાક્ષીની જરૂરત નથી અને કોઈક થોડા ઘણા ઈન્કારથી મુદ્દલે એમાં ફરક પડશે નહીં. તે ઉપરાંત એના પર મો'મિન તથા કાફિર સૌ એકમત છે કે ઈસાઈયતની નિશાની છે જેમ કે ઘણીવાર વિવિધ લોકોથી પૂછવા પર જાહેર થયું. હમણા ગયા વરસની વાત છે કે ડર્બન (આફ્રિકા)માં એક નવ મુસ્લિમ (માજી ઈસાઈ)એ જણાવ્યું કે; "ટાઈને ચર્ચની ઈજ્જતનો લિબાસ ગણવામાં આવે છે." જેનાથી એની ધાર્મિક હેસિયત માલૂમ પડે છે. તેમજ એક પાકિસ્તાની આલિમને એક પાદરીએ કહ્યું કે, "ટાઈ બાંધવાથી એમના સવાબમાં વધારો થાય છે." *(હવાલો ઉપર મુજબ, પેજ–૬, ૭)*

જેને દીન ઈમાનની પડી હોય તથા ઈસ્લામથી મહોબ્બત હોય તેઓ તેમનો તરીકો નહીં જ અપનાવે જેઓ વરસોથી ઈસ્લામની દુશ્મનીમાં વરૂઓની જેમ મુસલમાનોના લોહીની હોળી ખેલી રહ્યા છે, મુસ્લિમ ખાતૂનોની ઈજ્જતોને લૂટી રહ્યા છે. અને આજે પણ એ ક્રમ તેમની નજરો સમક્ષ ચાલુ જ છે. ખુદા સૌને સારી સમજ આપે. (આમીન)

# નબી ﷺની સુન્નત અને આધુનિક વિજ્ઞાન



કાર્યાલય

## ઈશા બાદ જાગવા અને વાતચીતથી મના

હુઝૂરે અકદસ ﷺએ ઈશા બાદ જાગવા તથા વાતચીત કરવાથી મના ફર્માવ્યું, અને ફર્માવ્યું કે ઈશા બાદ તે જ વ્યક્તિ જાગી શકે છે જેને કોઈ દીની ચર્ચા કરવી હોય અથવા ઘરવાળાંઓ સાથે જરૂરી વાત કરવી હોય. *(અત્તરગીબ વત્તરતીબ, આદાબે ઝિંદગી)*

આ એક મહત્વનું કથન છે કે દિવસભરના થાક પછી રાત કે જેને અલ્લાહે આરામનો ઝરીયો બનાવ્યો છે એમાં જલ્દી સૂઈ જાય અને સવારે જલ્દી ઉઠી જાય. જે રાતે મોડો સૂએ તો સવારે સૂરજ નીકળ્યા પછી સૂતો રહેશે અને સૂતેલા માણસ પર સૂરજના કિરણોનું પડવું ઘણી બીમારીઓ પેદા કરે છે. રાત્રે જો મોડો સૂઈ જશે અને સંપૂર્ણ આરામ નહીં કરે તો બુરા ખ્વાબ, બેસુકૂની, ચીડીયાપણુ અને માનસિક તનાવમાં સપડાશે. એટલા માટે ઈશાની નમાઝ પઢતાં જ સૂઈ જવા માટે આપ ﷺએ ફર્માવ્યું.

### ★ ડો. નિક્સન વિઝિટરનો અભિપ્રાય ★

જે લોકો રાત્રે જલ્દી નથી સૂતા અને ખૂબ મોડે પથારીમાં જાય છે એવા લોકો જ્યારે બીમાર બનીને મારી પાસે આવ્યા તો મેં તેમનામાં અને માનસિક બીમારીઓ પુષ્કળ પ્રમાણમાં જોઈ, તેઓ ખૂબ જ ઉલઝનમાં પડેલા અને ડીપ્રેશન તથા નિરાશાનો શિકાર હતા. એમાં અમુક લોકો આત્મહત્યા કરવા પ્રેરાયેલા હતા.

સારાંશ કે કાયનાતનો નિયમ કે દિવસે કામ અને રાત્રે આરામ છે, જ્યારે આ નિયમને તોડીશું તો તંદુરસ્તી તથા લાંબી ઉંમરથી હાથ ધોવા પડશે. *(ક્યોર મેડીકલ)*

## મહેમાનને ખાવા માટે આગ્રહ કરવો

નબી કરીમ ﷺના દસ્તરખાન પર જ્યારે કોઈ મહેમાન હોતું તો આપ ﷺ એને વારંવાર કહેતા કે ખાવ ! ખાવ ! અને ખાવ ! જ્યારે મહેમાન ખૂબ ધરાઈ જતો અને ખૂબ ના પાડતો ત્યારે પોતાનો આગ્રહ પડતો મૂક્તા. *(મિશ્કાત, ઝાદુલ મઆદ, આદાબે ઝિંદગી)*

### ★ ફ્રાઈડનો નિયમ ★

મહેમાન હમેશાં ખુલૂસ તથા મહોબ્બતના નાતે જ આવે છે અને જો તેને તે મહોબ્બત અને ખુલૂસ મયસ્સર ન થાય તો તેને મહેમાન કહેવાશે નહીં બલ્કે વણનોતર્યો મહેમાન કહેવો બેહતર છે. હું કહું છું કે ચેહરા પર સ્મિત લહેરાવી ખુશ થઈ જાવ. બેહતર એ છે કે ખાવા જાતે ખવડાવો, સાથે બેસો તો મહોબ્બત વધશે. મહેમાનોની પસંદનો પણ ખયાલ રાખો. મેં અમુક મહેમાનોને શરમ સંકોચવાળા જોયા કે તેમને વારંવાર આગ્રહ કરવામાં આવ્યો ત્યારે તેમણે ખરેખર ભરપેટ ખાધુ. *(હવાલો : ફ્રાઈડ સ્ટોરી)*

## સ્ત્રીઓનાં પાતળાં કપડાંનાં નુકસાનો

***(Losses of thin dress in women)***

નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, તે સ્ત્રીઓ પણ જહન્નમી છે જે કપડાં પહેરવા છતાં નગ્ન રહે છે, અન્યોને આકર્ષે છે અને ખૂદ અન્ય લોકો પ્રતિ આકર્ષાય છે. તેમનાં માથાં બુખ્તી ઊંટની ખાંધોની જેમ વાંકાં છે. એ સ્ત્રીઓ ન જન્નતમાં જશે ન જન્નતની ખુશ્બુ પામશે, જ્યારે કે જન્નતની ખુશ્બુ દૂરથી આવે છે. *(રિયાઝુસ્સાલિહીન)*

એકવાર નબી પાક ﷺની પાસે મિસ્રની બનેલી પાતળી બારીક મલમલ આવી. આપ ﷺએ તેમાંથી અમુક હિસ્સો ફાડીને વહિયા કલ્બી (رضی اللہ عنہ)ને આપ્યો અને ફર્માવ્યું, આમાંથી એક હિસ્સો ફાડીને તમે તમારો કુર્તો બનાવી લો અને **એક હિસ્સો તમારી પત્નીને દુપટ્ટો બનાવવા માટે આપો, પણ તેણીને કહી આપશો કે એની નીચે બીજુ કપડુ લગાડી લે જેથી શરીરનો હિસ્સો અંદરથી**

ન ચમકે. *(અબૂ દાઊદ)*

સ્ત્રીઓનાં પાતળાં કપડાંથી જેવી રીતે શરમ તથા હયા, પર્દો તથા વફા ખત્મ થઈ જાય છે તેવી જ રીતે તેનાં અમુક નુકસાનો પણ હોય છે.

### ★ ડો. લેડ બીટરની ચેતવણી ★

આ ડોકટર આધ્યાત્મિક્તા (રૂહાનિયત)નો ઘણો મહાન સંશોધક છે. લેડ બીટરના પ્રમાણે જે પોશાક થકી સ્ત્રી શરીર ઝલકે એ શરીરેથી મેં ગંદી લહેરોને નીકળતી જોયી છે. *(બહવાલા તસવ્વુરાતે ઈસ્લામ)*

### ★ અલ્ટ્રા વાયોલેટ કિરણોનાં નુકસાનો ★

સૂરજમાં રહેલ અલ્ટ્રા વાયોલેટ કિરણો સખત ગરમીમાં ચામડી અને શરીરના માટે ખૂબ જ નુકસાનકર્તા હોય છે. જો પોશાક જાડો હોય તો આ કિરણો શરીર બહાર જ રોકાઈ જાય છે, અને જો લિબાસ બારીક હોય તો આ કિરણો ચામડીને ખૂબ જ પ્રમાણમાં નુકસાન પહોંચાડે છે. *(બહવાલા મીષાક)*

## ઈસ્લામમાં સજવા ધજવાનો અધિકાર

હઝરત અબુલ અહસનના વાલિદ પોતાનો પ્રસંગ વર્ણવે છે કે એકવાર હું નબી પાક ﷺની ખિદમતમાં હાજર થયો. મારા શરીર પર અતિશય ઉતરતી કક્ષાનાં અને મામૂલી કપડાં હતાં. આપે ﷺએ પૂછયું, શું તમારી પાસે માલ તથા દૌલત છે ? મેં કહ્યું, જી હા ! પૂછયું, કયા પ્રકારનો માલ છે ? મેં અર્ઝ કરી, અલ્લાહે મને દરેક પ્રકારનો માલ આપી રાખ્યો છે, ઊંટો, ગાયો, બકરીઓ, ઘોડાઓ અને ગુલામ પણ છે. આપે ફર્માવ્યું, જ્યારે અલ્લાહે તમને માલ તથા દૌલતથી નવાજી રાખ્યા છે તો તેના ફઝ્લ તથા એહસાનની અસર તમારા શરીર પર જાહેર થવી જોઈએ. *(મિશ્કાત શરીફ)*

હઝરત જાબિર رضی اللہ عنہનું બયાન છે. એકવાર નબી પાક ﷺ મુલાકાતના હેતુથી અમારા ઘરે તશરીફ લાવ્યા, તો આપે એક માણસને જોયો જે ધોળ માં રગદોયેલો (મેલો ઘેલો) હતો, તેના વાળ વિખેરાયેલા હતા. આપે ફર્માવ્યું, આ માણસની પાસે કોઈ કાંસકો નથી જેનાથી એ વાળોને ઠીક કરી લેત. અને આપે એક અન્ય માણસને જોયો જેણે મેલાં કપડાં પહેરી રાખ્યાં હતાં. આપે ફર્માવ્યું, શું આ માણસની પાસે તે ચીજ (સાબૂ) નથી જેનાથી પોતાનાં કપડાં ધોઈ લેતો. *(મિશ્કાત)*

એક શખ્સે નબી ﷺથી અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ચાહું છું કે મારો લિબાસ ખૂબ જ ઉમદા હોય, જોડા પણ ઉમદા હોય. આ પ્રમાણે તેણે ઘણી ચીજોનો ઉલ્લેખ કર્યો, ત્યાં સુધી કે તેણે કહ્યું, મારો જીવ ચાહે છે કે મારો કોરડો પણ ખૂબ જ ઉમદા હોય. આપ ﷺ તેની વાત સાંભળતા રહ્યા પછી ફર્માવ્યું, સર્વ વાતો પસંદીદા છે અને અલ્લાહ તઆલા ઉમદાપણાના શોખને સારી નજરે જુએ છે. *(મુસ્તદરક, હાકિમ)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે મેં રસૂલેપાક ﷺથી અર્ઝ કરી, શું આ તકબ્બુર તથા ઘમંડ છે કે હું ઉમદા તથા સારાં કપડાં પહેરું ? આપે ઈર્શાદ ફર્માવ્યો, નહીં ! બલ્કે એ તો ખૂબસૂરતી છે, અલ્લાહ આ ખૂબસૂરતીને પસંદ કરે છે. *(ઈબ્ને માજહ)*

ઈસ્લામ ગરીબોનો નહીં બલ્કે અમીરોનો પણ મઝહબ છે. આથી પહેલાં મુસલમાનોને એ વાતનું મહેણુ મારવામાં આવતું રહ્યું કે ઈસ્લામી તા'લીમાત તંગદસ્તી અને ગરીબી તથા ફાફાકશી શીખવાડે છે, પરંતુ ઉપરોક્ત હદીષોમાં એ વાત સાબિત કરી દેવામાં આવી છે કે એવું હરગિઝ નથી.

### ★ ડો. વોર્મનો સ્વીકાર ! ★

મશહૂર ફિરંગી ડો. વોર્મ બ્લોફે એ વાતનો સ્વીકાર કર્યો છે કે જે લોકો ઈસ્લામને ફકીરી તથા તંગદસ્તીની તા'લીમ આપનારો મઝહબ કહે છે, કદાચ તેમનો ઈસ્લામી અભ્યાસ અધૂરો છે. મેં ઈસ્લામી કિતાબોમાં એવી અસંખ્ય હદીષો તથા પ્રસંગોનો અભ્યાસ કર્યો છે જેમાં માલદારોને સારો પોશાક, ઉમદા સવારી, સારુ રહેઠાણ તથા ઉમદા ભોજનોની ઈજાઝત આપવામાં આવી છે. *(હવાલો ઈસ્લામ ઔર મુસ્તશ્રિકીન)*

# ગુનાહોનો ઈલાજ

**લેખક** : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી
**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી
[મુતઅલ્લિમ દારુલ ઉલૂમ કાદરિય્યહ ગરીબનવાઝ–લેડી સ્મીથ, આફ્રિકા]

## ગુનાહોનો કામયાબ ઈલાજ

તઝકેરતુલ ઔલિયામાં છે કે એક શખ્સ હઝરત સૈયેદેના ઈબ્રાહીમ رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી, હે હઝરત ! હું ગનાહોનો મરીઝ (બીમાર) છું, મેં મારા ઉપર ઘણા જુલ્મો કર્યા છે, મારા માટે કોઈ ઈલાજ તજવીઝ ફર્માવો જેથી હું ગુનાહો અને બુરી આદતોથી સાજો થાઉં. આપ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે જો તું મારી પાસેથી છ નુસ્ખા પ્રાપ્ત કરીને તેને તારા ઈલાજમાં લાવીશ તો જરૂર શિફા પામીશ અને એના પછી પણ તું કદી બીમાર નહીં થઈ શકે.

**૧.** આપ رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે પહેલો નુસ્ખો એ છે કે, જ્યારે તું ગુનોહ કરે તો ખુદા ﷻનું રિઝ્ક (રોજી) ન ખા. તેણે અર્ઝ કરી, જ્યારે રોજી આપનાર જ તે છે તો પછી બીજે ક્યાંથી રોજી લાવીશ ?! આપ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, "એ વાત સારી નથી કે જેની રોજી ખાય તેની જ નાફર્માની કરે."

**૨.** બીજો તારા માટે નુસ્ખો એ છે, જો તું ગુનોહ કરવા ચાહે છે તો અલ્લાહ ﷻની જમીનથી બહાર નીકળી જા ! તે શખ્સે અર્ઝ કરી કે, પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ સૌનો માલિક અલ્લાહ છે તો છેવટે હું ક્યાં જઈ શકુ છું ?! આપ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, એ વાત સારી નથી કે તું તેના મુલ્કમાં રહે અને પછી તેની નાફર્માની પણ કરે.

**૩.** ત્રીજો નુસ્ખો આપે તેના માટે એ તજવીઝ ફર્માવ્યો કે, જ્યારે તું ગુનોહ કરવા ચાહે તો એવી જગાએ જઈને કર જ્યાં તને ખુદા ન જોઈ શકે. તે શખ્સે જવાબ આપ્યો કે અલ્લાહ તઆલા તો દરેક જગાએ મૌજૂદ છે, જોઈ રહ્યો છે, તે તો દિલની છુપી વાતોને પણ જાણે છે ! આપ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, એ વાત સારી નથી કે તું તેને હાઝિર તથા નાઝિર પણ જાણે અને પછી બેધડક ગુનાહ પણ કરે.

**૪.** ચોથો નુસ્ખો આપે એના માટે એ બતાવ્યો કે જ્યારે મલકુલ મૌત علیہ السلام તારી રૂહ કાઢવા આવે તો તું તેમને કહી દેજે કે મને તૌબા કરવાની મોહલત આપો ! તો તે માણસે કહ્યું કે, હે હઝરત ! તે મારી વાત કઈ રીતે સ્વીકારશે, જ્યારે કે મૌતનો એક સમય નિશ્ચિત છે ! આપ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, જ્યારે તને એ અધિકાર નથી કે તૌબાના માટે મોહલત પ્રાપ્ત કરી શકે તો અત્યારે આ સમયને ગનીમત કેમ નથી જાણતો અને મલકુલ મૌતના આવતાં પહેલાં તૌબા કેમ નથી કરી લેતો ?

**૫.** પાંચમો ઈલાજ એ આપે ફર્માવ્યો કે, જ્યારે તારી પાસે કબરમાં મુન્કર નકીર આવે તો તેમને તારી પાસેથી ભગાડી દેજે. તેણે અર્ઝ કરી કે, વળી મારામાં એટલી શક્તિ ક્યાં છે ! આપ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, જો તારી પાસે એ શક્તિ નથી તો એ સવાલોના જવાબો આપવા માટે અત્યારથી એની તૈયારી કેમ નથી કરી લેતો ?!

**૬.** છઠ્ઠો ઈલાજ આપે એ તજવીઝ ફર્માવ્યો કે, જ્યારે કયામતના દિવસે હુકમ થશે કે ગુનેહગારોને દોઝખની તરફ લઈ જાવ ! તે વખતે તું અકડાઈ જજે કે હું નથી જતો ! તેણે અર્ઝ કરી, હુઝૂર ! મારા કહેવાથી શું થવાનું છે ! તેઓ (ફરિશ્તા) મને જબરદસ્તી લઈ જશે.

આપ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, જો આ વાત છે તો તું ગુનાહોથી દૂર કેમ નથી થતો ? તે શખ્સ પર આપના આ નૂરાની નુસ્ખાઓની એટલા પ્રમાણમાં અસર થઈ કે તે ચોધાર આંસૂંએ રડવા લાગ્યો અને તે જ વખતે સાચા દિલથી તૌબા કરી અને મરતા દમ સુધી તેના પર કાયમ રહ્યો. (સુબ્હાનલ્લાહ !)

# રહમતે દો આલમના صلى الله عليه وسلم શમાઈલ

★ રજૂકર્તા ★

ફરજાના સાજિદ પટેલ (દયાદરા)

## હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہ

ફઝાઈલ તથા ખૂબીઓ અને સંસ્કાર તથા આદતોના એતબારથી હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہ ઘણા આ'લા મકામ પર બિરાજેલ હતા. ઈસ્લામમમાં આગળ નીકળી જવામાં, ખુદાની રાહમાં મુસીબતો સહન કરવી, રસૂલુલ્લાહ صلى الله عليه وسلمની મહબ્બત, જેહાદનો શોખ, જવાંમર્દી, ઝુહદ, સભ્યતા તથા ત્યાગભાવના, સહનશીલતા અને યુક્તિ તથા દિર્ઘદષ્ટિ એમની સીરતની કિતાબના સૌથી પ્રકાશિત પાનાંઓ છે. એમના આ જ ગુણો તથા ખૂબીઓ હતી જેના લીધે એમને બારગાહે રિસાલતમાં નિકટતાનો દરજો પ્રાપ્ત થઈ ગયો હતો. એમણે ન માત્ર રિસાલતના જમાનાનો દરેક મોકો પ્રાપ્ત કર્યો બલ્કે, "અમીનુલ ઉમ્મત"ના અનોખા લકબથી પણ નસીબવંત થયા. એમનું અસ્તિત્વ મુબારક એવી મહાન ખૂબીઓ તથા વિશિષ્ટતાઓનું ઉદ્‌ભવ સ્થાન હતું કે તમામ સહાબાએ કિરામ رضوان الله تعالى عليهم اجمعينએમની દિલથી તા'ઝીમ કરતા હતા. જ્યારે તેઓ મુજાહિદોને લઈને શામના માટે રવાના થવા લાગ્યા તો હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہએ અરબના પ્રખ્યાત ઘોડાની સવારીના માહિર હઝરત કૈસ બિન મકશૂહને સંબોધીને કહ્યું કે :

"હું તમને અબૂ ઓબૈદા رضی اللہ عنہ અમીનુલ ઉમ્મતની સરદારીમાં મોકલી રહ્યો છું જે એવા વ્યક્તિ છે કે એમની સાથે કોઈ જુલ્મ કરે છે તો તેઓ એને સહન કરી લે છે, જે એમની સાથે બુરાઈ કરે છે એને માફ કરી દે છે, જે એમનાથી સંબંધ તોડે છે તેઓ એનાથી સંબંધ પેદા કરે છે, મુસલમાનો પર ઘણા જ મહેરબાન છે અને કાફિરો પર ઘણા સખત છે. એટલા માટે તમે લોકો કોઈ બનાવમાં એમની નાફર્માની કે વિરોધ ન કરશો, તેઓ તમને જે હુકમ આપશે તમારી ભલાઈના માટે આપશે."

તબકાત ઈબ્ને સઅદમાં છે કે એક વખત હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہએ હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہ અને હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہની ખિદમતમાં ચારસો દીનાર અને ચાર હજાર દિરહમ મોકલ્યા. હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہએ પોતાના ભાગની તમામ રકમ ફોજમાં વહેંચી દીધી અને હઝરત મઆઝ رضی اللہ عنہએ પણ થોડાક દિરહમ તથા દીનારના સિવાય જે એમણે પોતાની પત્નીના કહેવા પર ઘરેલુ જરૂરિયાતના માટે રાખી લીધા હતા, તમામ રકમ હક્કદારોમાં વહેંચી દીધી. હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہને ખબર પડી તો અનાયાસે એમની જબાન પર આ શબ્દો આવી પડયા !

"અલ્હમ્દુલિલ્લાહ ! કે મુસલમાનોમાં આવા લોકો પણ હાજર છે જેમની નજરોમાં ધનદોલતની કોઈ હકીકત નથી."

હઝરત ઉમરફારૂક رضی اللہ عنہના નજીક હઝરત અબૂ ઓબૈદાની બેહિસાબ કદર હતી અને તેઓ એમને પોતાના ભાઈ કહ્યા કરતા હતા. અમીરુલ મો'મિનીન સ. હિ. ૧૭માં બૈતુલ મુકદસ તશરીફ લઈ ગયા તો એમના સ્વાગતના માટે ફૌજના સરદારોનો રેલો ધસી આવ્યો. હઝરત ઉમરફારૂક رضی اللہ عنہએ એમનામાં હઝરત અબૂ ઓબૈદા

رضی اللہ عنہને ન જોયા તો પૂછયું, અયન અખી ? મારા ભાઈ ક્યાં છે ? લોકોએ પૂછયું, અમીરુલ મુ'મિનીન તમે કોના વિશે પૂછી રહ્યા છો ? ફર્માવ્યું, અબૂ ઓબૈદા رضی اللہ عنہના વિશે. એટલામાં હઝરત અબૂ ઓબેદા رضی اللہ عنہના શરીર પર ધારણ કરેલ એ જ સાદો અને મામૂલી પોશાક હતો જેમાં હઝરત ઉમર رضی اللہ عنہએ એમને મદીના મુનવ્વરાથી જતી વખતે જોયો હતો. મારા ભાઈ ! મારા ભાઈ ! કહેતા કહેતા એમનાથી બગલગીર થઈ ગયા. પછી ખબર પૂછવાના માટે એમની બેસવાની જગ્યાએ તશરીફ લઈ ગયા તો એ જોઈને નવાઈ પામી ગયા કે તલ્વાર, ઢાલ અને ઊંટના કાઠલાના સિવાય ત્યાં કોઈ પ્રકારનો આરામનો સામાન ન હતો. હઝરત ઉમર ફારૂકની આંખોમાં પાણીથી ભીની થઈ ગઈ અને એમણે ફર્માવ્યું, ''અબૂ ઓબૈદા رضی اللہ عنہ કાશ ! જરૂરી સામાન તો ઘરમાં રાખી લેતા.'' એમણે બેપરવાઈથી જવાબ આપ્યો, ''અમીરુલ મો'મિનીન ! એક મુજાહિદના માટે આ જ સામાન પૂરતો છે.''

બૈતુલ મુકદસના રોકાણ દરમ્યાન એક દિવસ હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ એ હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہથી ખુશમિજાઝીથી અને સંકોચ વગર કહ્યું, ''ભાઈ ! બીજા લોકો તો મારી દા'વત કરી ચૂક્યા છે પરંતુ તમે મને દા'વત ન આપી ! આજે તમે પણ મારી દા'વત કરી દો !''

હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہએ અરજ કર્યું, ''અમીરુલ મો'મિનીન ! હું એ વિચારથી ચૂપ હતો કે કદાચ આપને મારી દાવત પસંદ ન આવે, નહીં તો મેં મારા ગરીબખાના પર દરેક સમયે આપના માટે માર્ગમાં આંખો બિછાવી છે.''

હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ એમના રોકાણની જગ્યા પર તશરીફ લઈ ગયા તો હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہએ રોટલીના થોડાક સૂકા ટુકડા અમીરુલ મો'મિનીનની સામે લાવીને મૂકી દીધા અને અરજ કરી :–

''અમીરુલ મો'મિનીન ! મારો તો આજ ખોરાક છે બંને વખતે રોટલીના આ સૂકા ટુકડા પાણીમાં પલાળીને ખાઈ લઉં છું.''

એક બીજા મોકા પર હઝરત ઉમર رضی اللہ عنہએ એમને સંબોધિત થઈને ફર્માવ્યું :–

''કોઈના મોં પર પ્રશંસા કરવી પ્રશંસકની ગરદન પર ચપ્પુ ચલાવવાના સમાન છે, પરંતુ અય અબૂ ઓબૈદા ! હું એવું કહ્યા વગર નથી રહી શક્તો કે તમારા સિવાય અમારામાંથી દરેક પોતે કંઈકને કંઈક બદલાઈ ગયો છે.''

હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہને એમની વફાતથી પહેલાં સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ જાનશીન નક્કી કરવાની સલાહ આપી તો એમણે ફર્માવ્યું, કાશ ! અબૂ ઓબૈદા رضی اللہ عنہ જીવંત હોત તો ખિલાફતના માટે હું એમનું નામ પસંદ કરત, કયામતના દિવસે મને એમના વિશે સવાલ થતો તો હું અરજ કરતો, ઈલાહી ! મેં તારા નબી صلی اللہ علیہ وسلمને આ વ્યક્તિના વિશે આમ ફર્માવતાં સાંભળ્યા હતા કે; ''આ (અબૂ ઓબૈદા رضی اللہ عنہ) આ **ઉમ્મતના અમીન** છે.''

સહીહ મુસ્લિમની એક રિવાયતના પ્રમાણે હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہના નજીક હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہનો એવો મર્તબો હતો કે તેઓ એમના વિરોધને મકરૂહ સમજતા હતા.

મુસ્નદે અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہમાં હઝરત અબૂ ઓબૈદાની ઈબ્રતનાક વાતોના અનુસંધાનમાં એક રિવાયત છે કે એક દિવસ રડી રહ્યા હતા. કોઈ વ્યક્તિએ પૂછયું કે તમે કેમ રડો છો ?! કહેવા લાગ્યા, એટલા માટે કે એક દિવસ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ શામના વિજયો વગેરે અને મુસલમાનોના સંયમની વાત વિશે ફર્માવ્યું હતું અને કહ્યું કે, અબૂ ઓબૈદા ! જો તમે એ જમાનો પામો તો માત્ર ત્રણ ખાદિમ રાખશો, એક પોતાની ખિદમતના માટે, એક

બાળબચ્ચાંની સંભાળના માટે અને એક સફરમાં સાથે લઈ જવાના માટે. એવી રીતે સવારીના માટે ત્રણ જાનવર પૂરતાં હશે, એક સામાનના માટે, એક તમારા માટે અને એક ગુલામના માટે. પરંતુ આજે હું જોઈ રહ્યો છું કે ઘરમાં ગુલામ જ ગુલામ છે અને તબેલો જાનવરો અને ઘોડાઓથી ભરાયેલ પડયો છે. આહ ! હું રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી કેવી રીતે મળીશ ?! આપ صلی اللہ علیہ وسلمએ વસિય્યત ફર્માવી હતી કે તમારામાંથી તે સૌથી વધારે મહબૂબ હશે જે મને એ હાલતમાં મળે જે હાલતમાં એને હું છોડી જઈશ.

મૌલાના સઈદ અન્સારીએ ''સિયરુસ સહાબા''માં લખ્યું છે કે ''મુસ્નદ''ની આ રિવાયત સનદના લેહાજથી સંતોષકારક નથી. અમારા નજીક પણ આ વાત ધારણા મુજબની નથી કે હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہની ત્યાગવૃત્તિઓએ કદી એમને પોતાનું ઘર ગુલામો અને ઊંટ, ઘોડાઓથી ભરવાની રજા આપી હોય.

શામના સંપૂર્ણ અધિકારી વાલી અને સર્વ સેનાપતિ હોવા છતાં હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہની આજીજી, નમ્રતાની એ હાલત હતી કે ન કદી વિશિષ્ટ પોશાક પહેર્યો અને ન કદી ઊંચી જગાને બેઠક બનાવી. મામૂલી પોશાકમાં સિપાઈઓની વચમાં જમીન પર બેસી જતા હતા. રૂમીઓના દૂત આવતા હતા તો પૂછયા વગર તેઓ એવું ન જાણી શક્તા હતા કે મુસલમાનોના સરદાર કોણ છે ?! મતલબ કે એમણે નમ્રતા અને સમાનતાનું આશ્ચર્યજનક દષ્ટાંત કાયમ કરી આપ્યું હતું. એકવાર એક મુસલમાન સિપાહીએ દુશ્મનના એક સિપાહીને પનાહ આપી દીધી. હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ અને હઝરત અમ્ર બિન આસ رضی اللہ عنہએ એને માનવામાં બહાનુ કર્યું કે આ પનાહ એક સિપાહીએ આપી છે. હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہને જાણ થઈ તો એમણે ફર્માવ્યું, હું એ મુસલમાન મુજાહિદની આપેલ પનાહને રદ નથી કરી શક્તો, કેમ કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી સાંભળ્યું છે કે મુસલમાનોનો દરેક વ્યક્તિ દરેકના તરફથી પનાહ આપી શકે છે.

આ નમ્રતા અને આજીજી હોવા છતાં તેઓ નસીહત અને સાચુ કહેવાથી કદી દૂર ન રહેતા હતા. હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہના ખિલાફતના સમય પર બેસવાની જાણ મળી તો એમને શામથી એક અસરકારક પત્ર લખ્યો જેમાં એમને આખેરતના દિવસનો ડર બતાવ્યો અને ઈન્સાફની તલ્કીન કરી.

સાચુ તો એ છે કે હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہની જિંદગી એક નમૂનાની જિંદગી હતી એના જે ભાગ પર પણ નજર નાખીએ તે પ્રકાશિત નજર આવે છે અને મુસ્લિમ ઉમ્મતને પોતાની મંઝિલ નક્કી કરવાનો રસ્તો બતાવે છે.

## આ જ ઉમ્મતને રમઝાનમાં પાંચ વાતો આપવામાં આવી

બયહકી જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہماથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ફર્માવે છે, મારી ઉમ્મતને પાંચ વાતો રમઝાનમાં આપવામાં આવી જે મારાથી અગાઉ કોઈ નબીને ન મળી. **પ્રથમ** : જ્યારે રમઝાનની પ્રથમ રાત થાય છે તો અલ્લાહ તઆલા તેમના તરફ નજર ફર્માવે છે, અને જેના તરફ નજર ફર્માવશે તેને કદી અઝાબ કરશે નહીં. **બીજી** : સાંજના સમયે તેમના મોઢાની બૂ અલ્લાહની નજીક મુશ્ક (કસ્તૂરી)થી અધિક સારી છે. **ત્રીજી** : દરેક દિવસ અને દરેક રાતમાં ફરિશ્તા તેમના માટે મગફેરતની દુઆ કરે છે. **ચોથી** : અલ્લાહ عزوجل જન્નતને હુકમ ફર્માવે છે. કહે છે કે, તૈયાર થઈ જા ! અને મારા બંદાઓના માટે સજીધજીને તૈયાર થઈ જા ! નજીક છે કે દુનિયાના થાકથી અહીં આવીને આરામ કરે. **પાંચમી** : જ્યારે છેલ્લી રાત હોય છે તો તે સૌની મગફેરત ફર્માવી દે છે. કોઈકે અર્ઝ કરી કે શું તે શબે કદ્ર છે ? ફર્માવ્યું, નહીં ! શું તું નથી જોતો કે કામ કરનારા કામ કરે છે, જ્યારે કામથી ફારિગ થાય છે તે સમયે મજૂરી મેળવે છે. એક રિવાયતમાં છે કે હુઝૂરે ફર્માવ્યું, જો બંદાઓને ખબર હોત કે રમઝાન શું ચીજ છે, તો મારી ઉમ્મત તમન્ના કરત કે આખુ વરસ રમઝાન જ હોય. *(બહારે શરીઅત, ભાગ-૫, પેજ-૯૭, ૯૮)*

# રોઝાના શારીરિક તથા આધ્યાત્મિક (રૂહાની) ફાયદા

**કાર્યાલય**

**ર**મઝાન શરીફના **રોઝા** એક મહત્વની **ઈબાદત** પણ છે અને **શારીરિક તંદુરસ્તી** તથા **રૂહાની પવિત્રતાનો ઝરીયો** પણ છે. હદીષ તથા ફિકહની રોશનીમાં એના ફઝાઈલ તથા મસાઈલ તમોએ વારંવાર વાંચ્યા હશે. આજે અમે મેડિકલ સાયન્સની દૃષ્ટિએ તેના શારીરિક ફાયદાઓ તથા સૂફિયાના સ્પષ્ટતાની રોશનીમાં તેનાં રૂહાની (આધ્યાત્મિક) રહસ્યો પર ચર્ચા કરીશું. કુર્આને અઝીમે **لعلکم تتقون**થી રોઝાની રૂહાની ખુશીનો નિર્દેશ કર્યો છે, એટલે "હે ઈમાનવાળાઓ ! તમારા પર રોઝા ફર્ઝ કરવામાં આવ્યા જેવા કે તમારાથી આગલી ઉમ્મતો પર ફર્ઝ કરવામાં આવ્યા હતા, જેથી તમે પરહેઝગારી અપનાવો." *(સૂરએ બકરહ, ૧૮૩)*

મોઅલ્લિમે કાયનાત ﷺએ રોઝાથી પ્રાપ્ત થનાર હજારો શારીરિક ફાયદાઓને એક વાક્યમાં સમાવતાં ઈર્શાદ ફર્માવ્યો, **صوموا تصحوا "રોઝો રાખો તંદુરસ્ત થઈ જશો."** તંદુરસ્તી એ દરેક બીમારીથી મુક્ત થવાનું નામ છે. એનો અર્થ એ થયો કે જો માણસ રોઝો રાખે તો એક મહત્વના ફર્ઝની અદાયગીની સાથે તેને શારીરિક રીતે પણ અસંખ્ય ફાયદા થાય છે. પરંતુ એક મો'મિન બંદાની નિય્યત એ જ હોવી જોઈએ કે રોઝો કેવળ અલ્લાહની રઝામંદીના માટે છે ન કે શારીરિક લાભ મેળવવા માટે, ભલે તે રોઝાના શારીરિક લાભોથી ફાયદો પામે. ઈમામ અહમદ રઝા મુહદ્દિષ બરેલ્વી رضی اللہ عنہના કૌલ પ્રમાણે, "રોઝાના બારામાં હદીષ છે : **صوموا تصحوا** "રોઝો રાખો તંદુરસ્ત થઈ જશો," તો એવું નથી થઈ શક્તું કે રોઝો તંદુરસ્તીની નિય્યતથી રાખવામાં આવે, બલ્કે રોઝો અલ્લાહના માટે હશે અને તંદુરસ્તીનો લાભ પણ તેને સ્વભાવિકપણે મળી જશે. (અલ્મલ્ફૂઝ, ૧/૬૧) રોઝાના સંબંધે નવમુસ્લિમ ડેન્માર્કી સફીર દૂંદુલ્ઝુ પલ્સનના પ્રતિભાવો નિઃશંક વાસ્તક્તિા પર આધારિત છે :–

"ઈસ્લામ સ્વીકાર પછી મેં મારી અંદર એ રૂહાની સાંત્વન તથા દિમાગી ઉચ્ચત્તા મહસૂસ કરી, વૈચારિક તથા માનસિક એતબારથી રાહત તથા સુકૂનનો સતત એહસાસ થાય છે. અને ઈસ્લામ સ્વીકાર્યા પછી મારી સામૂહિક તથા સામાજિક જિંદગીમાં રોઝાથી ઘણી ક્રાંતિ સર્જાઈ છે. રમઝાન જ તે પવિત્ર મહીનો છે જેનાથી મો'મિન બંદાની જિંદગીમાં ફેરફારો થાય છે, ઈમાની હુંફ તથા દર્દમાં વધારો થાય છે, મો'મિનોના સંબંધો એકબીજાથી મજબૂત અને પુખ્તા થાય છે અને મુસલમાન પોતે પોતાને પહેલાંથી અધિક અલ્લાહ તઆલાની નિકટ મેહસૂસ કરે છે. અને લોકોની વચ્ચે તેને ભાઈચારો તથા રાહતની અનુભૂતિ થાય છે. ખાસ કરીને જ્યારે લોકોને એ પણ ખબર હોય કે તે મુસલમાન છે તે વખતે તેમનામાં અજીબો ગરીબ પ્રકારનું ઈત્મિનાન અને અમ્ન તથા મેળમેળાપની સમજ જન્મ પામે છે."

આ પ્રતિભાવો કહેલી કે સાંભળેલી માન્યતાનું પરિણામ નથી બલ્કે અંગત અનુભવો તથા એહસાસોનું પરિણામ છે. ભૌતિકવાદી અર્વાચીન

લોકો આ પ્રતિભાવોને એવું કહીને ટાળી નથી શક્તા કે એમાં પૂર્વગ્રહ તથા તરફદારીથી કામ લેવામાં આવ્યું છે.

## ભૂખ અને આત્મશુદ્ધિ

રોઝામાં એક મો'મિન બંદાએ દિવસ ભર ભૂખ્યા રહેવું પડે છે અને ભૂખ્યા રહેવાથી શારીરિક તથા આધ્યાત્મિક (રૂહાની) એતબારથી અસંખ્ય ફાયદા પ્રાપ્ત થાય છે. મુઅલ્લિમે કાઈનાત ﷺ ઈર્શાદ ફર્માવે છે :–

''તમારાં દિલોને ભૂખ વડે ઉજ્જવળ કરો, ભૂખ તથા તરસ વડે તમારા નફસોને મારો અને **ભૂખ થકી હમેશાં જન્નતનો દરવાજો ખખડાવતા રહો.** બેશક ! એનો બદલો (અજ્ર) અલ્લાહની રાહમાં જેહાદ કરવાવાળાના બદલાની જેમ છે અને **અલ્લાહ તઆલાની નજીક ભૂખ્યા તથા તરસ્યા રહેવાથી પસંદીદા કોઈ અમલ નથી.** અને આસ્માનના ફરિશ્તા તે માણસની પાસે કદી પણ નથી આવતા જેણે પેટ ભરીને ઈબાદતની મીઠાશ ગુમાવી નાખી.''

પયકરે ઈશ્કો ઈર્ફાન હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ફર્માવે છે :–

''ઈમાન લાવ્યા બાદ કદી મેં પેટ ભરીને ખાવા ખાધુ નથી જેથી હું મારા રબની ઈબાદતની મજા હાંસલ કરી શકું. અને મારા રબના દીદારના કારણે મેં ધરાઈને પાણી નથી પીધું. એટલા માટે કે ખૂબ ખાવાથી ઈબાદતમાં કમી આવી જાય છે.'' *(મિન્હાજુલ આબિદીન)*

જેમ જેમ સંશોધન તથા અભ્યાસનું વર્તુળ વિસ્તરતુ જાય છે તેમ તેમ દુનિયા ઈસ્લામની રદ ન કરી શકાય તેવી સચ્ચાઈઓ, તેની ઈબાદતની ફિલોસોફીઓ અને ખૂબીપૂર્ણ મામલાઓને સ્વીકારતી થઈ રહી છે. હવે હું તમારા દિમાગને એક અન્ય મુદ્દા પ્રતિ વાળવા ચાહું છું કે ઈસ્લામમાં રોઝાની જે વ્યાખ્યા કરવામાં આવી છે એમાં જો કે સવારથી રાત સુધી પેટને ખાલી રાખવું છે. અને એ હકીકતને અહલે દિલ સાથે બુદ્ધિજીવીઓએ પણ સ્વીકારી લીધી છે કે **ભૂખ ઘણી બીમારીઓનો ઈલાજ** છે, બલ્કે આજે દુનિયાના મહાન મહાન ડોકટરોએ ભૂખ થકી માનસિક તથા શારીરિક ઈલાજ શરૂ કરી આપ્યા છે. અરસ્તૂ, ફીશા ગોરિષ તથા બતલીમૂસની થીયરી આજે પણ સતત દોહરાવવામાં આવી રહી છે કે **"ભૂખ, તરસ અને મનેચ્છાઓને રોકવું એ આત્મશુધ્ધિ તથા દિમાગની સફાઈનો બેહતરીન ઈલાજ છે."** આવો ! નીચેના લખાણમાં ભૂખના ફાયદા તથા રૂહાનિયતવાળાઓના નિયમોના સંબંધે થોડાંક કથનો રજૂ કરીએ છીએ. ''અન્વારુલ આરિફીન''નું એક લાભદાયી લખાણ વાંચો. હઝરત સૂફી મુહમ્મદ આબિદમિયાં લખે છે :–

**પવિત્ર લોકોના અખ્લાકમાંથી** એક એ છે કે જાઈઝ તરીકા પર ભૂખ્યા રહે છે, જો **તેમને હલાલ ચીજ ન મળતી તો કેટલાયે દિવસ તથા રાતો ભૂખ્યા રહેતા.** તેમણે અનુભવ કર્યો તો સંપૂર્ણ નૂરાનિયત તથા ખૂબી ખાલી પેટમાં પામી, ત્યાં સુધી કે લોકોમાં **નગારાના બારામાં કહેવત મશ્હૂર છે કે તેનો અવાજ સખ્ત તથા મોટો તેનું પેટ ખાલી હોવાને કારણે હોય છે.** ઉલમા કહે છે, આલિમના માટે મુનાસિક કે પેટ ભરીને ન ખાય, ખાસ કરીને લેખનકાર્યના સમયમાં જેથી કિતાબ તથા સુન્નત (કુર્આન તથા હદીષ) વગેરેની સમજથી અટકી ન પડે, કેમ કે **ધરાયેલા પેટવાળાની સમજ નબળી તથા કમજોર હોય છે,** ભૂખ્યો મો'મિન જો અલ્લાહની ફર્માંબરદારી નહીં કરે તો નાફર્માની પણ નહીં કરે.'' *(અન્વારુલ આરિફીન, પેજ–૭૫૩)*

આ લખાણના પ્રકાશમાં મારે એ જણાવવાની

જરૂર નથી કે જ્યારે કેવળ **ભૂખ્યા રહેવું એક ઈન્સાનના માટે આટલુ લાભદાયી છે તો જ્યારે એક મો'મિન રોઝાની નિય્યતથી કેવળ અલ્લાહને રાજી કરવા માટે ખાલી પેટ રહેશે તો તેના રૂહાની તથા શારીરિક ફાયદાઓ તથા ફળોનો અંદાજો કોણ લગાડી શકે છે ?!** એટલા માટે રસૂલુલ્લાહ ﷺ ઈર્શાદ ફર્માવે છે : **صوموا تصحوا** "રોઝા રાખો તંદુરસ્ત થઈ જશો." જાણે કે રોઝો કેવળ ઈબાદત જ નથી બલ્કે રૂહાની તથા શારીરિક બીમારીઓના માટે શિફાનો નુસ્ખો છે, અને આ તે ઈલાજ જેને વારંવાર અજમાવવામાં આવી ચૂક્યો છે.

ભૂખ્યા રહેવાના ફાયદા અને અધિક ખાવાના નુકસાનો સંબંધે વિલાયતના તાજદારોનાં ઘણા કથનો સોનાના અક્ષરે લખવા પાત્ર છે. હઝરત શૈખ યહ્યા ઈબ્ને મઆઝ ફર્માવે છે :–

"જ્યારે કોઈ શખ્સ અમાપ ખાવામાં પડી જાય છે તો **ફરિશ્તા ભલાઈના લીધે તેના પર રડે છે.** અને જે ખાવાની લાલચમાં સપડાઈ જાય છે તો તે વાસનાની આગથી સળગવા લાગે છે. માનવના નફ્સમાં બુરાઈના એક હજાર હિસ્સા છે અને તે તમામે તમામ શૈતાનની પકડમાં હોય છે. જ્યારે તેનું પેટ ભૂખ્યું, ગળુ પકડાયેલું અને તેનો નફ્સ ઈબાદતમાં લાગી જાય છે તો બુરાઈના તમામ હિસ્સા સૂકાઈ જઈને ભૂખની આગમાં સળગી જાય છે, **તો શૈતાન તેના પડછાયાથી પણ ભાગતો જોવા મળે છે.** અને જ્યારે તે ધરાઈ જાય છે અને મોઢાની લિજ્જતમાં પડી જાય છે તો બુરાઈના તે તમામ હિસ્સાઓમાં તાજગી આવી જાય છે અને **શૈતાન તેના પર કાબૂ મેળવી લે છે.** શિકમ સૈરી (ભરપેટ ખાવું) નફ્સની એવી નહેર છે જેનાથી શૈતાન દાખલ થાય છે. અને ભૂખ રૂહની એક નહેર છે જેના ફરિશ્તાઓનું નુઝૂલ થાય છે. શૈતાન એક ભૂખ્યા સૂતેલા માણસથી પણ હારી જાય છે તો પછી માણસના કયામ તથા જાગૃતાવસ્થામાં શો હાલ તેનો થતો હશે અને ભરપેટ ખાધેલા માણસથી શૈતાન કયામની હાલતમાં મુઆનિકો કરે (ગળે મળે) છે તો ધરાયેલા સૂતેલા માણસ પર તેની પકડની શી સ્થિતિ હશે ! એટલા માટે એક સાચો મુરીદ ખાવા પીવામાં નફ્સની બલાઓથી ખુદાની પનાહ ચાહતો હોય છે." *(અવારિફુલ મઆરિફ, પેજ–૧૬૯)*

આરિફ બિલ્લાહ શૈખ શહાબુદ્દીન સુહરવર્દી ફર્માવે છે :–

"એક બુઝુર્ગનો કૌલ છે, "તે મહાન દરવાજો જેમાં પસાર થઈને માણસ બારગાહે ઈલાહી સુધી પહોંચે છે તે ખોરાકને ત્યજવું છે." અને હઝરત બિશ્રના કથન પ્રમાણે, "ભૂખ દિલને સાફ કરે છે અને નફ્સાની ખ્વાહિશાત (મનેવાંછનાઓ)ને મુર્દા કરી નાખે છે અને ઈલ્મી ગહરાઈ અતા કરે છે." હઝરત ઝુન્નૂન મિસ્રી عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ ફર્માવે છે, "હું જ્યારે ધરાઈને ખાઉં છું અને ધરાઈને પીઉં છું તો જાણે હું અલ્લાહ તઆલાની નાફર્માની કરું છું અથવા તેની નાફર્માનીનો ઈરાદો કરું છું." *(અવારિફુલ મઆરિફ, પેજ–૧૭)*

હુજ્જતુલ ઈસ્લામ ઈમામ મુહમ્મદ ગિઝાલીના હવાલાથી ખ્વાજા હિજવૈરી દાતાગંજબખ્શ લાહોરી લખે છે :–

"દરેક બુદ્ધિશાળીના માટે જરૂરી છે કે તે **ભૂખ્યો રહીને વાસનાઓના કિલ્લાને તબાહ કરી નાખે** એટલા માટે કે ભૂખ એ ખુદાના દુશ્મન નફ્સના માટે કહેર છે, શૈતાનના વિજયનો વસીલો એ જ મનેચ્છાઓ તથા ખાવા પીવા છે. ફર્માને નબી ﷺ છે કે, "શૈતાન તમારા શરીરમાં લોહીની જેમ ભ્રમણ કરે છે, એના એ માર્ગોને ભૂખ વડે બંધ કરી દો." *(મકાશિફતુલ કુલૂબ, પેજ–૫૯)*

એમાં જ હઝરત યહ્યા ઈબ્ને મઆઝ રાઝી عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُનો ઈર્શાદ પણ નકલ કરવામાં

આવ્યો છે :–

"ઓછુ ખાવાથી નફ્સાની વાસના ખત્મ થઈ જાય છે, કેમ કે વધારે ખાવું દિલને કાળુ તથા અંધકારમાં સપડાવે છે, ભૂખ હિકમતનું નૂર છે અને ધરાઈ જવું અલ્લાહ તઆલાથી દૂર કરે છે." *(મકાશિફતુલ કુલૂબ, પેજ–૫૯)*

ઉપરોક્ત કથનો તથા આદેશોના આધારે એ હકીકત હવે દિલોમાં ઉતરી ચૂકી હશે કે વધારે ખાવું નફ્સાની ખ્વાહિશાત (મનેચ્છાઓ) તથા શારીરિક બીમારીઓમાં વધારો કરે છે અને ઈન્સાન મનેચ્છાની પરિપૂર્ણતા માટે ગુનાહોની તરફ દોડવા લાગે છે અને વિવિધ પ્રકારની બીમારીઓમાં સપડાઈ જાય છે, જ્યારે કે ઓછું ખાવું નફ્સની સફાઈ, રૂહાની પ્રગતિ (ઉચ્ચતા) તથા તંદરુસ્તીનો સબબ હોય છે. જ્યારે માણસનું પેટ ધરાતુ નથી તો ઈબાદત તથા રિયાઝત અને નેક અમલોમાં રૂહાની લિજ્જત તથા દિલી ખુશી હાંસલ કરે છે. તમે આજના મુસ્લિમ સમાજનું નિરીક્ષણ કરો, જે લોકો દૌલતની રેલમછેલમાં હમેશાં ધરાએલા રહે છે અને ઉમદા ભોજનોમાં ડૂબેલા રહે છે, તો સામાન્યતઃ એવા લોકો ઝિના તથા બદ્કારીની લા'નતમાં સપડાયેલા જોવા મળે છે અને અમુક જ દિવસોમાં જીવલેણ બીમારીઓમાં પકડાઈ જાય છે. જ્યારે કંગાળ સ્થિતિના નેકવૃત્તિવાળા તથા રોઝાદાર સામાન્યતઃ તંદુરસ્ત, પવિત્ર ખયાલવાળા તથા સ્ફૂર્તિલા તથા ખુશમિજાઝ જોવા મળે છે. અને ગરીબી તથા તંગદસ્તીની હાલતમાં પણ તેમની પેશાનીઓ ચમકતી હોય છે. તેમની સોહબતોમાં દિલ તથા નજરને સુકૂન હાંસલ થાય છે. જેનું દિલ ખૂદ સંતુષ્ઠ હોય છે તેમની સોહબતમાં બેસનાર પણ દિલી ઈત્મિનાનની ખુશ્બુ મેહસૂસ કરે છે. *(અશ્રફિયા, નવે–૦૪)*

કાર્યાલય

## રમઝાન સંબંધે

## હુઝૂર ﷺ ની વઅઝ મુબારક

બયહકી શોઅબુલ ઈમાનમાં સલ્માન ફારસી رضی اللہ عنہ થી રિવાયત કરે છે. કહે છે રસૂલુલ્લાહ ﷺ એ શાબાનના આખરી દિવસોમાં વઅઝ ફર્માવી. ફર્માવ્યું, હે લોકો ! તમારી પાસે અઝમતવાળો બરકતવાળો મહીનો આવ્યો. તે મહીનો જેમાં એક રાત હજાર મહિનાઓથી બેહતર છે. તેના રોઝા અલ્લાહ તઆલાએ ફર્ઝ કર્યા અને તેની રાતમાં કયામ (નમાઝ પઢવી) સુન્નત છે. જે એમાં નેકીનું કોઈ કામ કરે તો એવો છે જેમ કે અન્ય કોઈ મહિનામાં ફર્ઝ અદા કર્યો અને એમાં જેણે ફર્ઝ અદા કર્યો તો એવો છે જેણે અન્ય દિવસોમાં ૭૦ ફર્ઝ અદા કર્યા. આ મહિનો સબ્રનો છે અને સબ્રનો સવાબ જન્નત છે અને આ મહિનો ગમખ્વારી (મદદ)નો છે અને આ મહિનામાં મો'મિનની રોજી વધારવામાં આવે છે. જે એમાં રોઝાદારને ઈફતાર કરાવે તેના ગુનાહો માટે માફી છે અને તેની ગરદન આગથી આઝાદ કરી દેવામાં આવશે અને એ ઈફતાર કરાવનારને એવો જ સવાબ મળશે જેવો રોઝો રાખનારને મળશે અને એના સવાબમાંથી કાંઈ કમી નહીં થાય. અમે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અમારામાંની દરેક વ્યક્તિ એ ચીજ નથી ધરાવતી જેનાથી ઈફતાર કરાવે. હુઝૂરે ફર્માવ્યું, એ સવાબ તે શખ્સને આપશે જે એક ઘૂંટડો દૂધ અથવા એક ખજૂર અથવા એક ઘૂંટ પાણીથી રોઝો ઈફતાર કરાવે અને જેણે રોઝાદારને ભરપેટ ખાવા ખવડાવ્યું તેને અલ્લાહ મારા હોઝથી પીવડાવશે કે કદી તરસ્યો થશે નહીં, ત્યાં સુધી કે જન્નતમાં પ્રવેશી જાય. આ તે મહીનો છે કે તેનો પ્રારંભ રહમત છે તેનો મધ્ય મગફેરત છે અને તેનો અંતિમ ભાગ જહન્નમથી આઝાદી છે. જે પોતાના ગુલામ પર આ મહિનામાં ઘટાડો કરશે એટલે કે કામમાં કમી કરે તો અલ્લાહ તઆલા તેને બખ્શી દેશે અને જહન્નમથી આઝાદ ફર્માવી દેશે. *(બહારે શરીઅત, ભાગ–૫, પેજ–૯૨)* અલ્લાહ તઆલા આપણને સૌને રમઝાનની બરકતો લૂટવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)

# ખુલફાએ રાશિદીન અને ઈસ્લામી અખ્લાકનું બંધારણ

અઝ : **હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી,**
**સદર : જામિઆ અશરફિયા-મુબારકપુર**
અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી**

## ★ પ્રજાની દેખરેખ તથા સેવા ★

સત્તાધારીઓ પોતાના શાનદાર બંગલાઓમાં એશો આરામથી જીવતા હોય છે અને પ્રજાજનો કોઈ મુસીબતમાં સપડાયેલા છે તેની તેમને ખબર પણ નથી હોતી. ગવર્નમેન્ટના કર્તા હર્તાઓ સામાન્યતઃ તેમને એ જ ખબર આપતા હોય છે કે સર્વ ઠેકાણે સુખશાંતિ છે. એ રાજકર્તાઓ ખૂદ પબ્લિકને મળે, નાદારો અને પરેશાનયુક્ત લોકોની ખબર કાઢે, તેમની ખબર પૂછે તો તેમને કૌમની જરૂરતો અને પબ્લિકની સમસ્યાઓનો અંદાજો થાય. જો કોઈને સાચી સ્થિતિની ખબર પણ છે તો તેને પોતાના આરામથી ફુરસદ નથી. ફિકર છે તો એ કે મારું બેંક બેલેન્સ અને મારી મિલ્કત તથા સંપત્તિ વધુને વધુ કઈ રીતે થાય ! હું લાંચ ખાવામાં તથા સંગ્રહખોરીમાં અન્યોથી આગળ કઈ રીતે નીકળી જઉં ! સત્તાધારીઓની આ વૃત્તિઓએ સારા સારા દેશોની કમર તોડી નાખી છે. રાષ્ટ્રિય સંપત્તિ તથા કૌમ બંનેની બર્બાદીમાં દરેક સવાર તથા સાંજે વધારો થઈ રહ્યો છે અને આ એક એવી બલાની રેલ છે જે થોભવાનું નામ નથી લેતી.

પણ ખુલફાએ રાશિદીન સામાન્ય પ્રજાજનોમાં ઉઠતા બેસતા, તેમનાં દુઃખ દર્દ સાંભળતા, અને તેનું નિવારણ કરતા. ઐશ, મોજમજા અને સંગ્રહખોરીની તેમને ત્યાં કલ્પના પણ ન હતી. એક મહાન સલ્તનતની લગામ હાથમાં રાખવા છતાં કમજોરોની ખિદમત, બીમારોની ખબર લેવી, પરેશાન લોકોની ખબર કાઢવી અને દુઃખમાં સહભાગી થવું એ તેમનો નિયમ હતો.

**(૧)** એકવાર મદીનાના બજારની નજીક કોઈ કાફલો રાતના સમયે આવ્યો. હઝરત ફારૂકે આ'ઝમનો ખિલફાતકાળ હતો. ફારૂકે આ'ઝમને ફિકર પેઠી કે ક્યાંક આ કાફલા પર ચોરો હાથ ન મારી જાય ! હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہ ના ઘરે આવ્યા. તે રાતના એકાંતમાં નમાઝમાં મશગૂલ હતા. નમાઝ પૂરી કરીને પૂછયું, ઉમર ! અત્યારે શા માટે આવ્યા ? ફારૂકે આ'ઝમે સબબ જણાવ્યો અને ફર્માવ્યું, આવો ! આજની રાત તે કાફલાની પાસબાનીમાં પસાર કરીએ. બંને હઝરાત તશરીફ લાવ્યા અને કાફલાથી થોડે દૂર એક ટેકરી પર બેસી વાતોમાં રાત પસાર કરી દીધી. *(અલ્ કામિલ, ઈબ્ને અષીર, ૨/૪૩૩, તારીખે તિબ્રી, ૪/૨૦૫)*

**(૨)** પોતાના ખિલાફતકાળ દરમ્યાન રાતોમાં ગશ્ત કરવું અને પ્રજાની નિગરાની કરવી હઝરત ફારૂકનો નિયમ હતો. તેમના ગુલામ અસ્લમનું બયાન છે કે એક રાત્રે હઝરત ઉમર હર્રા વાકિમની તરફ નીકળ્યા, સાથમાં હું પણ હતો. જ્યારે અમે "સિરાર"માં પહોંચ્યા તો એક જગાએ આગ સળગતી જોવા મળી. ફારૂકે આ'ઝમે ફર્માવ્યું, ચાલો ! જોઈએ કોણ લોકો ત્યાં છે ? નજીક પહોંચ્યા તો જોયું કે એક સ્ત્રી છે જેની સાથે કેટલાંક બાળકો છે. આગ પર તપેલુ ચઢાવેલું છે અને બાળકો ભૂખે રડી રહ્યાં છે. હઝરત ઉમરે ફર્માવ્યું, السلام علیکم یا أَهلَ الضَّوء (યા અહલિન્નાર કહેવું યોગ્ય ન જાણ્યું) સ્ત્રીએ સલામનો જવાબ આપ્યો. પૂછયું, આ તપેલુ શા માટે રાખ્યું છે ? અને બાળકો શા માટે રડી રહ્યાં છે ? જવાબ આપ્યો, એઓ ખૂભથી રડી રહ્યાં છે અને તપેલુ મેં

તેમને બેહલાવવા માટે રાખ્યું છે જેથી સમજે કે કાંઈ રંધાઈ રહ્યું છે અને રડતાં રડતાં સૂઈ જાય. ખુદા અમારી અને ઉમરની વચ્ચે ફેંસલો કરે. હઝરત ઉમરે ફર્માવ્યું, અલ્લાહ તમારા પર રહમ કરે ! ઉમરને તમારી શું ખબર ? સ્ત્રીએ કહ્યું, તે અમારો વાલી છે તો અમારાથી ગાફિલ તથા બેખબર શા માટે છે ? મને ફર્માવ્યું, પાછા ચાલો ! અમે ઝડપભેર પાછા ફર્યા. હઝરત ફારૂક અનાજના ગોદામ સુધી પહોંચ્યા અને એક કોથળો લીધો જેમાં આટો, ઘી, ચરબી, ખજૂરો, કપડાં અને દિરહમો રાખ્યા, એટલે સુધી કે કોથળો ભરાઈ ગયો. ફર્માવ્યું, અસ્લમ ! મારી પીઠ પર ચઢાવી દો ! મેં અર્ઝ કરી, આ બોજ લઈ જવાનું કામ તો મારું છે ! પણ તેમણે ઈન્કાર કર્યો. મેં આગ્રહ કર્યો તો ત્રીજી કે ચોથીવાર ફર્માવ્યું, શું કયામતના દિવસે પણ મારા ગુનાહોનો બોજ તમે ઉઠાવશો ? આ સાંભળીને કોથળો મેં તેમની પીઠ પર રાખી દીધો અને અમે ઝડપભેર તે સ્ત્રીની પાસે પાછા આવ્યા. અમીરુલ મો'મિનીને કોથળો તે સ્ત્રીની પાસે રાખી દીધો અને તપેલુ લઈને તેમાં આટો અને થોડીક ચરબી તથા ખજૂરો નાખી દીધી અને પકાવવા લાગ્યા. તપેલા નીચે આગ તેજ કરવા ખૂદ ફૂંકો મારતા. મેં જોયું કે ધૂમાડો તેમની દાઢીની વચ્ચેથી નીકળતો રહેતો હતો અને તે પકાવતા જઈ રહ્યા હતા. ખાવા તૈયાર થઈ ગયું તો સ્ત્રી એક થાળી લાવી જેમાં કાઢી નાખવામાં આવ્યું. ફર્માવ્યું, બાળકોને ખવડાવો ! તે ખાતાં ખાતાં ધરાઈ ગયાં જે વધ્યું તે સ્ત્રી પાસે છોડીને આવ્યા. તેમની સાથે હું પણ ઉઠી ગયો. સ્ત્રીએ કહ્યું, ખુદા તમને જઝાએ ખૈર આપે, ખિલાફતના હક્કદાર તમે છો ન કે ઉમર ! ફર્માવ્યું, સારી વાત કહો, જ્યારે તમે અમીરુલ મો'મિનીનની પાસે જશો તો ત્યાં મને જોશો, ઈન્શાઅલ્લાહ ! હવે હઝરત ઉમર ત્યાંથી હટયા અને થોડેક દૂર જઈને બેઠા, ત્યાં સુધી કે જોયું કે બાળકો ખુશ થઈને એકબીજા સાથે હસતાં રમતાં સૂઈ ગયાં અને તેમને સુકૂન થઈ ગયું, તો અલ્લાહનો શુક્ર અદા કરતા ઉઠયા અને મને ફર્માવ્યું, અસ્લમ ! ભૂખના કારણે એઓ રડી રહ્યાં હતાં અને તેમની ઊંઘ ઉડી ગઈ હતી. મેં ઈચ્છયું કે તેમની ખુશી તથા આરામથી સૂવાની હાલત પણ જોઈ લઉં તો ચાલું. *(અલ કામિલ, ઈબ્ને અષીર, ૨/૪૩૪, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૨૯૬)*

**(૩)** હઝરત સઈદ ઈબ્ને મુસૈયિબ સૈયદુત્તાબઈન ફર્માવે છે : હઝરત ઉમર તેમનાં ઘરો પર જતા જેમના મર્દો બહાર કોઈ જંગમાં જઈ ચૂક્યા છે અને સ્ત્રીઓ પાસે ખબર મોકલતા કે જો તમારે સાધન સામગ્રી લાવવાની જરૂરત હોય તો બતાવો હું લાવી આપું. નહીં તો તમે લોકો ધોકા તથા નુકસાનમાં પડી શકો છો. તેણીઓ પોતાની લોંડીઓને મોકલતી. હઝરત ઉમર બજાર જતા તો તેમની પાછળ ગુલામો અને લોંડીઓની એક ટોળી જતી જેમનાં ઘરો માટે આપ તે જરૂરી ચીજો ખરીદતા. જેમની પાસે પૈસા ન હોય તેમના માટે પોતાની પાસેથી ખરીદી આપતા. *(હયાતુલ હયવાન, અલ્લામા કમાલુદ્દીન દમીરી, ૧/૪૭) (ક્રમશઃ)*

## એક લાખ રમઝાનનો સવાબ !

**ઈબ્ને માજહએ ઈબ્ને અબ્બાસ رضي الله عنهما થી રિવાયત કરી કે હુઝૂર અકદસ صلى الله عليه وسلم ફર્માવે છે, જેણે મક્કામાં રમઝાન પામી અને રોઝો રાખ્યો અને રાતમાં જેટલી થઈ શકી નમાઝો પઢી તો અલ્લાહ તઆલા તેના માટે અન્ય જગાની એક લાખ રમઝાનનો સવાબ લખશે અને દરરોજ એક માણસ આઝાદ કરવાનો સવાબ અને દરેક રાત્રે એક માણસ આઝાદ કરવાનો સવાબ અને દરરોજ જેહાદમાં ઘોડા પર સવાર કરી દેવાનો સવાબ અને દરરોજ દિવસમાં હસના અને રાત્રે હસના લખશે.**

*(હવાલો : બહારે શરીઅત, ભાગ–, પેજ–૯૬)*

# એક ઈસાઈમાંથી મુસ્લિમ થનારનું એલાને હક્ક

# ઈસ્લામમાં દરેક નબીની તા'ઝીમ ઈમાનમાં દાખલ છે

કાર્યાલય

યૂરોપવાસીઓ રાજનૈતિક રીતે તથા પોતાનાં પ્રચાર માધ્યમો થકી રોજ બ રોજ મુસલમાનોની ધાર્મિક માન્યતાઓમાં કોઈ ન કોઈ બહાને છેડછાડ કરવા સતત સક્રિય રહે છે, જેનું તાજુ દષ્ટાંત ડેન્માર્ક તથા તેના પછી અન્ય યૂરોપી વર્તમાન પત્રોમાં આકાએ દો જહાં ﷺ نبی کریم عليهم السلام નબી કરીમ ﷺના સંબંધે તૌહીન કર્તા કાટૂનોની પ્રસિદ્ધિ છે.

આગળ વાત રજૂ કરું એ પહેલાં એક વાત દર્શાવવા ચાહું છું કે આજથી લગભગ સોળ સત્તર વરસો પહેલાં જ્યારે મેં (લેખકે) અલ્લાહની તૌફીકથી ઈસાઈયત (ખ્રિસ્ત્રી ધર્મ)થી તૌબા કરીને ઈસ્લામ કબૂલ કર્યો તો જાહેર છે કે મારા ખ્રિસ્ત્રી સગાં સંબંધીઓએ એના પર ખૂબ જ નારાજગી દર્શાવી. કેટલાક અરસા પછી હું મારાં સંબંધીઓને મળવા ગયો તો ત્યાં તેમની નારાજગી મારા ઈસ્લામ સ્વીકાર સંબંધે કેટલાયે સવાલો લઈને બેઠી હતી.

એ સવાલોમાં સર્વ સામાન્ય એક પ્રશ્ન હતો તે એ કે, "મેં ઈસ્લામ ધર્મ શા માટે સ્વીકાર્યો ?!" અથવા એવું કહી લો કે, "મેં ઈસ્લામ ધર્મમાં એવી કઈ ખૂબી કે વાત જોયી કે પોતાના બાપદાદાનો (ખ્રિસ્ત્રી) ધર્મ ત્યજીને ઈસ્લામ ધર્મ સ્વીકારી લીધો ?!"

આ પ્રશ્ન ખાસ કરીને મારાં મામી તરફથી ખબૂ જ ગંભીરપણે કરવામાં આવ્યો હતો, જેથી મેં તેમને સંજોગોને અનુરૂપ જણાવ્યું કે, "આમ તો મારા ઈસ્લામ સ્વીકારના સંબંધે અન્ય ઘણી વાતો છે, પણ એક ખાસ વાત એ પણ છે કે **કુર્આન મજીદ ફુર્કાને હમીદ તથા નબવી હદીષોમાં જે ફઝાઈલ તથા ખૂબીઓ હઝરત ઈસા** عليه السلام **તથા હઝરત મરયમ મુકદ્દસાની વર્ણન થયેલી છે,** હાલ મૌજૂદ ઈસાઈયતના ભૂતકાળ તથા હાલની સ્થિતિ એનાથી તદ્દન ખાલી છે, કેવળ ખાલી જ નહીં બલ્કે હું એવું જોઈ રહ્યો છું કે આ ખ્રિસ્ત્રી લોકો ત્રણ ખુદાની માન્યતા રાખવાના હેઠળ અલ્લાહની પનાહ ! હઝરત ઈસા عليه السلامને "ખુદાના પુત્ર" અથવા "ખુદાવંદ" કહે છે, એ લોકોએ જ હઝરત ઈસા મસીહ عليه السلامની શાનમાં ગુસ્તાખી તથા તૌહીન કરી છે. વિશ્વાસ ન આવે તો બાઈબલના "અહદે જદીદ"માં ગલ્તેયું, પ્રકરણ—૩, આયત—૧૩ને લઈ લો જેમાં પોલ્સ ગલ્તેયુંના નામે પત્ર લખ્યો છે :—

"**મસીહ** (ઈસા عليه السلام) જે આપણા માટે **લઅનતી બન્યો** તેણે આપણને ખરીદી લઈને શરીઅતની લઅનતથી છોડાવ્યા, કેમ કે લખ્યું છે કે જે કોઈ લાકડી પર લટકાવવામાં આવ્યો તે **લઅનતી** છે."

'નકલે કુફ્ર કુફ્ર ન બાશદ ! હઝરત ઈસા عليه السلامના સંબંધે પોલ્સના પત્રનું આ લખાણ જ્યારે મેં સંભળાવ્યું તો મારાં મોટાં મામી સહિત સર્વ સ્ત્રી પુરૂષોમાં કોઈએ અધિક કાંઈ પૂછવાની હિંમત ન કરી.

પણ આ જવાબની સાથે મેં તેમને જે આગલી બે ચાર વાતો કરી એમાંથી એક વાત એ પણ હતી કે **મુસલમાન હોવાની હૈસિયતથી કોઈ**

**સામાન્યમાં સામાન્ય માણસ પણ હઝરત ઈસા મસીહ** عليه السلام**ના બારામાં આ કુફ્રી શબ્દોની કલ્પના સુદ્ધાં નથી કરી શક્તો, કેમ કે ઈસ્લામ ધર્મની પાકીઝા તા'લીમાતનો એ નિયમ તથા કાયદો છે કે ખાતમુન્નબીય્યીન** ﷺ**થી પહેલાં જેટલા નબીઓ** عليهم السلام **થઈ ગયા હતા અને તેમના પર જે સહીફા તથા કિતાબો નાઝિલ થઈ તેનો દિલથી તથા જીભ વડે ઈકરાર તથા તા'ઝીમ કરવામાં આવે, જો તેમાંથી કોઈ એક નબી અથવા એક કિતાબનો અથવા એ બંને વાતોમાંથી કોઈ પણ એક નાનામાં નાના હિસ્સાનો ઈન્કાર કરવામાં આવે તો એક મુસલમાન પણ ઈસ્લામના વર્તુળમાં નથી રહી શક્તો.** (એટલે કાફિર થઈ જાય છે.)

અને એનાથી આગળ દીનની દા'વતના રૂપે મેં તેમને જે વાત કહી તે એ હતી કે જે કુર્આન મજીદ ફુર્કાને હમીદમાં હઝરત ઈસા عليه السلام ના ફઝાઈલ તથા ખૂબીઓ વર્ણન થયેલ છે એમાં જ **હઝરત ઈસા મસીહ** عليه السلام**ની તે મહાન તથા ઐતિહાસિક પેશનગોઈ** પણ મળે છે જેમાં તેમણે હઝરત મુહમ્મદ મુસ્તફા, અહમદે મુજતબા ﷺની બશારત આપતાં ફર્માવ્યું કે, **"અને એક પયગંબર જે મારા બાદ આવશે, જેમનું નામ અહમદ (ﷺ) હશે એની બશારત સંભળાવું છું."** *(સૂરતુસ્સફ)*

આ કુર્આની બશારત પછી **એક પેશનગોઈ એ જ વર્ણવેલ કુર્આની બશારતના પ્રમાણેની બાઈબલથી સંભળાવી.** આ પ્રકારની બે ચાર વાતો પછી એ મજલિસ ખત્મ થઈ અને હું ત્યાંથી ચાલ્યો ગયો.

પરંતુ ઉપરોક્ત વાતોના અનુસંધાનમાં મારુ દિમાગ હમેશાં એક પ્રશ્નની પાછળ ઘુમતુ રહ્યું અને તે એ કે સામાન્ય મુસલમાન તો એક તરફ રહ્યો કે તે તો છે જ ઈસ્લામ ધર્મનો અનુયાયી પણ યૂરોપના ગૈર મુસ્લિમ (ખાસ કરીને ઈસાઈ) એજ્યુકેટેડો, શાણા પુરૂષો, યૂરોપના ઈતિહાસકારો, પાદરી સાહબો એ વાતથી સારી પેઠે વાકેફ છે કે હઝરત ઈસા મસીહ عليه السلامઅને તેમનાં વાલિદા (માં) હઝરત પાક મરયમની જે શાન તથા બુઝુર્ગી (મહાનતા) કુર્આન તથા નબી કરીમ ﷺની મુબારક હદીષોમાં આવી છે. જ્યારે કે આવી મહાન તથા પવિત્ર સીરતના વર્ણનથી પૂરાણાં કે વર્તમાન ખિસ્ત્રી લખાણો ખાલી તથા ઉલ્ટાં છે, જેમ કે અગાઉ વર્ણન કરી ચૂક્યો છું. સમજમાં નથી આવતું કે, **આટલુ છતાં આ યૂરોપવાસીઓ નબી કરીમ ﷺનું અપમાન તથા બેઅદબી કરવા માટે કેમ તૈયાર રહે છે ?!**

તૌહીને રિસાલત (ﷺ) કરવાવાળા બુરાં દિલવાળાઓ ન જાણે એવું શાથી ભૂલી જાય છે કે તૌહીને રિસાલતનો સંબંધ કેવળ નબી કરીમ ﷺની પવિત્ર જાત સુધી નથી બલ્કે તેનું વર્તુળ હઝરત આદમ عليه السلامથી બાકી અન્ય નબીઓ عليهم السلام સુધી પહોંચી જાય છે, જેમાં હઝરત ઈસા عليه السلامની મુકદ્દસ જાત પણ સામેલ છે.

એના અનુસંધાનમાં એક મુસલમાનની શું ભાવનાઓ હોય શકે છે તે જુઓ. સિનિયર એડવોકેટ સુપ્રીમ કોર્ટ (લાહોર) જનાબ મુહમ્મદ ઈસ્માઈલ કુરૈશી સાહબે એક બનાવ પોતાની કિતાબ "નામૂસે રિસાલત ઔર કાનૂને તૌહીને રિસાલત"માં લખ્યો છે, તેઓ લખે છે :–

"પાછલા પ્રકરણમાં અમે યહૂદી ફિલ્મ સાઝ માર્ટિન સ્કવેર્સ્‌ની અત્યંત શર્મનાક પિક્ચર ' મસીહની અંતિમ કિતાબ જાતિય આકર્ષણ'નો વિગતવાર ઉલ્લેખ કર્યો છે જે ઈ.સ. ૧૯૮૮માં લંડનના સિનેમા ઘરોમાં દેખાડવામાં આવી રહી હતી, જેમાં અલ્લાહની પનાહ ! જનાબ ઈસા મસીહ

عليه السلامને એક બેઈજ્જત રંડી સાથે મુલાકાતમાં મશગૂલ દેખાડવામાં આવ્યા હતા. હું તે દિવસોમાં લંડન સ્થાયી હતો. અમારી દીની ગૈરત (શરમ) એને સહન ન કરી શકી, જેથી અમારી અપીલ પર કે **હઝરત ઈસા عليه السلام કેવળ ઈસાઈઓના જ નથી બલ્કે મુસલમાનોના પણ વાજિબુલ એહતેરામ પયગંબર છે,** એ ફિલ્મનું પ્રદર્શન બંધ થવું જોઈએ. લંડનમાં મુસલમાનોએ ખામોશીથી વિરોધ પ્રદર્શનો કર્યાં જેના લીધે અંતે ફિલ્મ ફલોપ ગઈ." *(નામૂસે રસૂલ ﷺ ઔર કાનૂને તૌહીને રિસાલત, પેજ–૪૬૯)*

જ્યારે કે એ અજીબ વાત છે કે જે દેશ (બ્રિટન)માં એ ફિલ્મનું પ્રદર્શન થઈ રહ્યું હતું ત્યાં પણ ઈસા عليه السلامની તૌહીન સંબંધે કાયદો મૌજૂદ છે જેનો ઉલ્લેખ એડવોકેટ જનાબ મુહમ્મદ ઈસ્માઈલ કુરૈશી સાહબે પોતાની કિતાબમાં કર્યો છે. તેઓ લખે છે :–

"બ્રિટનમાં પણ જો કે ઈસા عليه السلامની તૌહીન કરનારને શારીરિક સજા ફાંસી મૌકૂફ કરી દેવામાં આવી હતી, પરંતુ ત્યાં પણ આ જુર્મની સજાનો કાનૂન કોમન લોના ઉપરાંત "બિલાસ ફેમી એક્ટ"ના રૂપમાં તબદીલ થઈ ગયો. યોગ્ય ગણાશે કે અહીં 'બિલાસ ફેમી'ના અર્થની સાથે તેની વ્યાખ્યાની પણ સ્પષ્ટતા કરી દેવામાં આવે જેથી તેનો ખરો ભાવાર્થ સમજમાં આવી શકે.

'બિલાસ ફેમી' લેટીની ભાષાનો શબ્દ છે જેનો અર્થ 'અપમાન' થાય છે. લાટીની બોલીમાં ખુદાવંદ, ખુદાના વજૂદ તથા ઈસાઈ ધર્મની સચ્ચાઈથી ઈન્કાર અથવા આલમને નજાત આપનાર યૂસઅ (ઈસા) મસીહની શાનમાં બેઅદબી તથા ઈન્જીલ મુકદસની તૌહીન તથા મઝાકને 'બિલાસ ફેમૂ' કહેવામાં આવે છે.

અંગ્રેજી ભાષાની માન્યવર કાનૂની ડિક્ષનરી "બ્લેક લો ડિક્ષનરી"ની રૂએ "બિલાસ ફેમી" એવા લખાણ કે બયાનને કહે છે જે ખુદા, યુસઅ મસીહ, ઈન્જીલ અથવા આમ દુઆની વિરૂદ્ધ હોય અને જેનાથી માનવ લાગણીઓ દુભાય અથવા તેના થકી કાનૂનના પ્રમાણે સ્થાપિત થયેલ ચર્ચના વિરૂદ્ધ લાગણીઓને ઉશ્કેરવામાં આવે.

અને એનાથી બદ્ કિરદારીને ઉત્તેજન મળે. ઈન્સાક્લોપીડિયા ઓફ બ્રિટાનિકામાં "બિલાસ ફેમી"ની વ્યાખ્યા કાંઈક થોડીક અલગ છે. જેમાં દર્શાવવામાં આવ્યું છે કે ઈસાઈ ધર્મની રૂએ "બિલાસ ફેમી" ગુનોહ છે અને નીતિ શાસ્ત્રના વિદ્વાનો પણ તેનું સમર્થન કરે છે. જ્યારે કે ઈસ્લામમાં ન કેવળ ખુદાની શાનમાં બલ્કે ઈસ્લામના પયગંબર ﷺની શાનમાં ગુસ્તાખી પણ "બિલાસ ફેમી"ની વ્યાખ્યામાં આવે છે. *(ઈન્સાક્લોપીડિયા ઓફ બ્રિટાનિકા, પેજ–૭૪)*

ધાર્મિક, રાજકીય તથા સામાજિક રીતે અત્યારે મુસલમાનો જે દૌરમાંથી પસાર થઈ રહ્યા છે તે સંજોગોને જો અલામતે સુગરાનું નામ આપી દેવામાં આવે તો કાંઈ અતિશ્યોક્તિ ન ગણાશે. ખાસ કરીને ૧૧–સપ્ટેમ્બરના બનાવ પછી અમેરિકા તથા યૂરોપ જે રીતે મુસલમાનો પર ચઢાઈ કરી રહ્યા છે એ કાંઈ ઢાંકીછુપી વાત નથી. ડેન્માર્ક તથા યૂરોપ મુસલમાનોના ઈમાનની રૂહ પર હુમ્લો કરીને જો એવું દેખાડવા ચાહી રહ્યા છે કે આ મુસલમાનોમાં હવે ઈશ્કે મુહમ્મદી ﷺ બાકી નથી રહી ગઈ, તો યૂરોપ તથા તેના સાથીઓ સાંભળી લે કે જો તેઓ પોતાના હાથોની શક્તિ વડે મુસલમાનો પર આસ્માન તથા જમીનના દરવાજા બંધ કરી શકે છે તો કરી લે ! પરંતુ એ યાદ રાખે કે અલ્લાહ તઆલા તેના મહબૂબ ﷺ સાથે ઈશ્ક તથા મહોબ્બતનો દરવાજો દરેક મુસલમાનના દિલમાં કિયામત સુધી અને કયામત બાદ પણ ખુલ્લો રહેશે, નજીક છે કે આ પશ્ચિમવાસીઓ અલામાતે કુબરા સુધી પહોંચી જાય. *(મૂળ લેખક : જનાબ ખાલિદ મેહમૂદ–લંડન)*

# ઈસ્લામમાં શરમ તથા હયાનુ મહત્વ અને વર્તમાન મુસ્લિમ ખાતૂનોની હાલત

(લેખ હરીફાઈમાં પ્રથમ આવનાર લેખ)

રજૂકર્તા : વાઝા જાવિદહુસૈન ગુલામ હુસૈન-રાજપારડી

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! ઈસ્લામે માનવીને પરહેઝગારી તથા પવિત્રતાનો પાઠ શીખવ્યો છે. માનવીએ પોતાનું જીવન વધુમાં વધુ પવિત્ર બનાવવું જોઈએ આ આશય હેઠળ ખુદાના રસૂલ ﷺએ ઘણા જ ઉચ્ચ નિયમો આપ્યા છે. તે પૈકી 'શરમ' તથા 'હયા'નું સંપાદન કરવું એ પણ જરૂરી છે. એ માટે પુરૂષો અને સ્ત્રીઓને સમાન જેવો આદેશ આપવામાં આવ્યો છે. પુરૂષોને હુકમ આપ્યો કે, 'તમારી નજરો નીચી રાખો' અર્થાત સ્ત્રીઓ તરફ નજર ન કરતાં નીચે નજર કરો અને સ્ત્રીઓને માટે કુર્આનમાં હુકમ કરવામાં આવ્યો કે :

**وَقُلْ لِّلْمُؤْمِنٰتِ يَغْضُضْنَ مِنْ اَبْصَارِهِنَّ وَيَحْفَظْنَ فُرُوْجَهُنَّ وَلَا يُبْدِيْنَ زِيْنَتَهُنَّ اِلَّا مَا ظَهَرَ مِنْهَا وَلْيَضْرِبْنَ بِخُمُرِهِنَّ عَلٰى جُيُوْبِهِنَّ ص**

**તર્જુમો** : "અને મુસલમાન સ્ત્રીઓને હુકમ આપો કે પોતાની દષ્ટિ કંઈક નીચી રાખે અને પોતાના શિયળને સાચવે અને પોતાના શૃંગાર દેખાડે નહીં. પરંતુ જેટલો પોતે જ દેખાય છે અને ઓઢણીઓ પોતાના ગરેવાનો પર ઓઢી રાખો." *(સૂ. નૂર, આ. ૩૦, પા. ૧૮)*

સ્ત્રીઓ માટેના આ નિયમો પર અમલ કરવાથી સ્ત્રીની મર્યાદા સચવાય છે, માનવીને બુરાઈ તરફ દોરી જવાનો નફ્સ તથા શૈતાનનો માર્ગ બંધ થઈ જાય છે, શરમનો ગુણ કેળવાય છે, હયાનું રક્ષણ થાય છે. આ રીતે ઈસ્લામના આ નિયમો માનવીને સાચો માનવી બનવા ખૂબ જ મદદગાર નીવડે છે, અને જો એમ કહીએ કે આ નિયમ થકી જ માનવી માનવી બની શકે છે તો કાંઈ અતિશયોક્તિ નહીં ગણાય.

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! ઈસ્લામના શરમ તથા હયાના નિયમોનું પાલન કરનાર કેવી ઉચ્ચતાના શિખરે પહોંચ્યા તેનો વિચાર કરીએ :–

મુસલમાનોના ખલીફા હારૂન રશીદનાં પત્ની ઝુબૈદા ખાતૂન એક સમયે પોતાના ઓરડામાં બેસી વાળ ઓઢી રહ્યાં હતાં. અચાનક એક નોકર કોઈ કામસર તે ઓરડામાં દાખલ થઈ ગયો. ઝુબૈદાએ ઝટ માથુ ઢાંકી લીધું. પણ મનમાં વસવસો રહી ગયો કે કદાચ ગુલામની નજર મારા વાળ પર પડી હશે ! અને જે વાળ પર પરપુરૂષની નજર પડે તે વાળ પવિત્ર ન ગણાય ! પોતાનો સંદેહ દૂર કરવા ઝુબૈદા ખાતૂને તે ગુલામથી પૂછયું, મારો કોઈ વાળ તો તારી નજરે પડયો નથી ને ?!" ગુલામે જવાબ આપ્યો, "હે પવિત્ર ખાતૂન ! કદાચ અચાનક નજર પડી ગઈ હોય !" ઝુબૈદા ખાતૂને થોડાક વિલંબ પછી નિર્ણય લઈ લીધો કે, જે તરફના વાળ પર નજર પડવાનો શક હતો તે તરફના વાળ કાપી નાખ્યા અને ફર્માવ્યું, "જે વાળ ઉપર પરપુરૂષની નજર પડી ગઈ તે વાળ 'વબાલ' લાવે છે." તેથી કુર્આન મજીદમાં અલ્લાહ તબારક વ તઆલાનો ઈર્શાદ છે :–

**وَاِذَا سَاَلْتُمُوْهُنَّ مَتَاعًا فَسْئَلُوْهُنَّ مِنْ وَّرَآءِ حِجَابٍ ط ذٰلِكُمْ اَطْهَرُ لِقُلُوْبِكُمْ وَقُلُوْبِهِنَّ ط**

**તર્જુમો** : "અને જ્યારે તમે તેમની (સ્ત્રીઓ) પાસે વાપરવાની કોઈ વસ્તુ માંગો ત્યારે પર્દાની

બહારથી માંગો એમાં વધારે સ્વચ્છતા છે તમારા દિલોની અને તેમના (સ્ત્રીઓના) દિલોની.'' *(સૂ. અહઝાબ, આયત–પર, પારા–રર)*

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! વિચારો ! શરમ અને પવિત્રતાનો મિજાઝ કેવો હોય કે માત્ર વાળ પર જ નજર પડી, આખા શરીર પર નહીં ! અને તે પણ અચાનક નજર પડી તો તેને કાપી નાખ્યા અને 'વબાલ'નું કારણ માન્યું. **હવે તે મુસલમાન સ્ત્રીઓની હાલત પર વિચારો જે પોતે જ પોતાની સુંદરતાનું પ્રદર્શન કરે છે અને વધુમાં વધુ શરીરના અંગો ઉઘાડાં રહે એવા પોશાકને અપનાવે છે. માત્ર થોડાક વાળ વબાલ લાવી શકે છે તો આવી સ્થિતિ શું લાવશે !** એ તો અલ્લાહ જ બેહતર જાણે. **શરમએ સ્ત્રીનો પ્રથમ પોશાક છે અને બીજો પોશાક એ વસ્ત્રો છે,** જે સ્ત્રીએ તેનું પ્રથમ પોશાક કાઢી નાખ્યું તો તેનામાં શરમ તથા હયા રહી નહીં.

પ્યારા વાંચકો ! એક હદીષમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ રસૂલે કરીમ ﷺથી ઈર્શાદ ફર્માવતાં સાંભળ્યું છે કે, "શરમ તથા હયા ઈમાનનો ભાગ છે અને તેથી ઈમાનવાળા જન્નતમાં જશે અને બેહયાઈ તથા ખરાબ વાણી બુરાઈનો હિસ્સો છે તેથી બુરાઈવાળા દોઝખમાં જશે." *(અહમદ, તિર્મિઝી)*

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! **આજે વર્તમાનયુગમાં શરમ તથા હયાનું પશ્ચિમી સંસ્કૃતિએ નામોનિશાન મિટાવી દીધું છે. આપણા મુસ્લિમ સમાજમાંથી પર્દા (બુરખા)ને ખતમ કરી દીધો છે. આજકાલ સ્ત્રી માટેના પર્દાના હુકમને સ્ત્રીના વિકાસમાં અવરોધરૂપ ગણવામાં આવે છે. પરંતુ યાદ રાખો ! ઈતિહાસ સાક્ષી આપે છે કે ઈસ્લામમાં સ્ત્રીને શરમ તથા હયા શીખવાડનાર પર્દાએ સ્ત્રીની પ્રગતિના માર્ગમાં અવરોધ ઉભો કર્યો નથી. બલ્કે વિકાસના માર્ગે ગમન કરનાર સ્ત્રીના શીલ અને ચારિત્ર્યનું એક સાચા મુહસિન તરીકે રક્ષણ કર્યું છે. આજ સુધી પર્દાએ જ સ્ત્રી પુરૂષમાં શરમ તથા હયાને જીવંત રાખી છે.**

વર્તમાન સમયમાં લોકશાહી વ્યવસ્થાને ખૂબ વેગ આપવામાં આવ્યો છે અને સ્ત્રી સ્વતંત્રતા પર વધુ ઝોક અપાય રહ્યો છે. એમાં આપણો મુસ્લિમ સમાજ પણ ફસાતો જઈ રહ્યો છે. આપણે જોઈ રહ્યા છીએ કે આપણી મુસ્લિમ ખાતૂનો પર્દા (બુરખા) પહેરવામાં શરમ અનુભવે છે ક્યાં તો તેનો વિરોધ કરે છે. ઊંચી એડીના સેંડલ, અર્ધુ શરીર દેખાય તથા ઉઘાડુ રહે એવી સાડી કે ડ્રેસો, શરીરના સાંધે સાંધાં દેખાઈ આવે એવાં ચુસ્ત કપડાં, નિર્લજ્જતાપૂર્વક બજારોમાં અવરજવર અને રૂપ સૌંદર્યનું પ્રદર્શન કરતી મોડેલોએ શરમ તથા હયાની વ્યાખ્યા જ ખતમ કરી દીધી છે.

પ્યારી બહેનો ! અંગ પ્રદર્શન તો અલગ વાત છે પણ ઈસ્લામમાં ચારિત્રનું, હયા તથા શરમનું કેટલું મહત્વ છે કે આપણા પ્યારા નબી ﷺએ ફર્માવ્યું કે : **"જે કૌમની સ્ત્રીઓ પાજેબ (સેંપલ) પહેરશે અને તેનો અવાજ ગૈર મર્દના કાનો સુધી પહોંચશે તે સ્ત્રીની દુઆ કદી કબૂલ થશે નહીં."** જ્યારે સેંપલની ઝાંઝણીઓનો અવાજ ગૈરમર્દને કાને અથડાય તો દુઆ કબૂલ ન થાય તો પછી જાતે જ સ્ત્રી ફેશનની પૂતળી તથા મોડેલ જેમ સજીધજીને લોકોમાં પોતાના સૌંદર્યનું પ્રદર્શન કરે તો કેટલી લઅનતનો શિકાર બનતી હશે !

એ પણ મુસ્લિમ ખાતૂનો હતી કે રસૂલે પાક ﷺએ ફર્માવ્યું જેનો ભાવાર્થ છે કે "સ્ત્રીઓ રસ્તાની વચ્ચે ન ચાલે બલ્કે સાઈડ પર રહીને ચાલે." તો સ્ત્રીઓ એટલી સાઈડ પર રહી ચાલતી હતી કે તેમનાં કપડાં, ઓઢણીઓ દિવાલોમાં ભેરવાઈ જતાં હતાં. જ્યારે આજે બેહયાઈભર્યો પહેરવેશ, આવારગીભરી ચાલ અને જોરશોરથી ઠઠ્ઠા મશ્કરી કરતી સ્ત્રીઓ રસ્તો રોકીને ચાલતી

હોય છે. હે બહેનો ! તમારી એ શરમ તથા ગૈરત ક્યાં જતી રહી ? ખુદાને વાસ્તે ! તબાહીના માર્ગેથી પાછી ફરો અને ઈસ્લામી શરમ હયાને અપનાવો અને ઈજ્જતભરી જિંદગી જીવો એમાં જ બંને જહાનની ભલાઈ છે.

આજે સ્ત્રી સ્વતંત્રતાના નામ પર સ્ત્રી સ્વતંત્રતાના ઘણા ઠેકેદારોએ મુસ્લિમ યુવતિઓને પોતાના ફાંસામાં લઈ લીધી છે. **તેમણે સ્ત્રીના કોમળ મુખ ઉપરથી શરમ હયાની પવિત્ર ચાદરને ખસેડી નાખી છે અને તેને વાસના તથા નિર્લજ્જતાના ભરેલાં તીરો વડે કઢંગી બનાવી દીધી છે.** આજે મુસ્લિમ યુવક યુવતિઓ પણ આ ફેશનશોના ફંદામાં ફસાતી જઈ રહી છે. શું આપણો ઈસ્લામ ધર્મ આ બધું શીખવાડે છે ? આજે મસ્જિદોમાં નમાઝ પઢવા માટે અઝાન થતી હોય છે. ત્યારે આપણી મુસ્લિમ ખાતૂનો અને નૌજવાન યુવકો નમાઝ પઢવાને બદલે કલબોમાં ડાન્સ, શરાબ, મસ્તી, ટી.વી.માં ડૂબેલા, સિગારેટો ફૂંકતા હોય છે. તેમને તો જાણે શરમ (હયા) શું છે તે જ ખબર નથી !

આજના વર્તમાન ફેશનયુગમાં મુસ્લિમ ખાતૂનો બુરખો પહેરે છે તો તે પણ ફેશન ડિઝાઈનિંગવાળો. જેમાં અડધુ શરીર દેખાતું હોય છે. શું આ આપણી મુસ્લિમ યુવતીઓ છે ?! જે રસૂલે અકરમ નબી કરીમ ﷺના જમાનામાં બુરખા (પર્દા) વગર બહાર નીકળતી ન હતી ! જે પોતાના શરીરના કોઈપણ ભાગને પરપુરૂષ જોઈ લે તો તેને તેણીઓ અલગ કરી નાખતી હતી. પરંતુ આજે આ બધું ક્યાં છે ? શરમ હયા ક્યાં રહી છે ? આજે તો બસ ટી.વી. જેવાં શૈતાનને જોયા કરવું છે અને તેની ઉપર આવતી અર્ધનગ્ન તસ્વીરો, બિભત્સ ચેનચાળાઓ જોવા છે. પરંતુ યાદ રાખો ! હે મુસલમાન યુવક યુવતીઓ ! તમે જે આજે કરી રહ્યાં છો, તે તમને કબ્ર અને કયામતના અઝાબમાં જકડી લેશે ! ત્યારે તમે કશું કરી શક્શો નહીં, તમને કોઈ બચાવવા આવશે નહીં ! હજુ પણ તમારી પાસે સુધરવાનો, ઈસ્લામી તૌર તરીકા પર ચાલવાનો સમય છે. તેથી સુધરી જાવ ! અલ્લાહ તમને, અમને, બધાંને નેક રાહ પર ચાલવાની નેક તૌફીક અતા ફર્માવે ! (આમીન)



## કેવળ એક નફલ રોઝાની આટલી મહાન ફઝીલત !

અબૂ યઅલા તથા બયહકી સલ્લમા બિન કૈસ તથા અહમદ તથા બઝ્ઝાર, અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેણે અલ્લાહ ﷻની રઝાના માટે એક દિવસનો રોઝો રાખ્યો **તેને અલ્લાહ તઆલા જહન્નમથી એટલો દૂર કરી દેશે** જેમ કે કાગડો કે જ્યારે બચ્ચુ હતો ત્યારથી ઉડતો રહ્યો ત્યાં સુધી કે વૃદ્ધ થઈને મૃત્યુ પામ્યો.

એક રિવાયતમાં છે કે કોઈકે એક દિવસનો નફલ રોઝો રાખ્યો અને **જમીન ભરીને તેને સોનુ** આપવામાં આવે તો પણ તેનો સવાબ પૂરો ન થશે. તેનો સવાબ તો કિયામતના દિવસે જ મળશે. *(બહારે શરીઅત, ભાગ–૫, પેજ–૯૫)*

બુખારી તથા મુસ્લિમ તથા તિર્મિઝી તથા નિસાઈ, અબૂ સઈદ رضی اللہ عنہથી રિવાયત કરે છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, "જે બંદો અલ્લાહના માર્ગમાં એક દિવસ રોઝો રાખે તો અલ્લાહ તઆલા **તેના મોઢાને દોઝખથી ૭૦ વરસના અંતર સુધી દૂર કરી આપે છે.** અને એ જ પ્રમાણે નિસાઈ તથા તિર્મિઝી તથા ઈબ્ને માજહ, અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરે છે અને તિબ્રાની અબૂ દર્દાઅ્ અને તિર્મિઝી અબૂ અમામા رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી રિવાયત કરે છે. ફર્માવે છે કે, તેના તથા જહન્નમના વચ્ચે અલ્લાહ તઆલા એટલી મોટી ખંદક કરાવી દેશે જેટલું આસ્માન તથા જમીન વચ્ચે અંતર છે. અને તિબ્રાનીની રિવાયત અમ્ર ઈબ્ને અબ્સા رضی اللہ عنہથી છે કે, દોઝખ તેનાથી ૧૦૦ (સો) વરસના અંતરે દૂર થશે. અને અબૂ યઅલાની રિવાયત મઆઝ ઈબ્ને અનસ رضی اللہ عنہથી છે કે, રમઝાન સિવાયના દિવસે અલ્લાહની રાહમાં રોઝો રાખ્યો તો તેજ ઘોડાની રફતારથી સો વરસના અંતરે જહન્નમથી દૂર થશે.

*–(બહારે શરીઅત, ભાગ–૫, પેજ–૯૬)*

✻ કાર્યાલય ✻




## અમેરિકી ત્રાસવાદની કોઈ હદ નથી !
## ઈઝરાઈલી એજન્સી "મોસાદ" થકી

# ઈરાકમાં મુસ્લિમ વૈજ્ઞાનિકો તથા વિદ્વાનોની કત્લેઆમનું કારસ્તાન !

અમેરિકી ત્રાસવાદની દાસ્તાન માનવ ઈતિહાસની એવી લોહીલોહાણ કહાની છે જેનું દષ્ટાંત ચંગેજ તથા હિટલરના કત્લ તથા ખૂનામરકીના ઈતિહાસમાં ન મળે છે, ન મોસોલિની તથા સ્ટાલિનના જંગલીપણા માનવભક્ષણપણા સાથે તેની સરખામણી થઈ શકે છે. **મહાન જંગલી ત્રાસવાદી બુશ**ની પાસે એવા એટમી તથા ટેકનિકી હથિયારો છે જેની કલ્પ્ના ભૂતકાળના ડિક્ટેટરો, જાબિરો તથા ત્રાસવાદીઓના યુગમાં નથી કરી શકાતી. બુશ કેટલો જાલિમ તથા સિતમગર છે એનો અંદાજો કેવળ એનાથી નથી લગાડી શકાતો કે તેની પાસે માણસોને ઓગાળી દેનારાં કેવાં કેવાં ભયાનક હથિયારો છે અથવા તેણે પોતાના સત્તાકાળ દરમ્યાન અફઘાનિસ્તાન તથા ઈરાકમાં ફિરઔનિયત તથા નમરૂદિયતના ઈતિહાસને કઈ રીતે તાજો કર્યો છે, એનો અંદાજો ગ્વાટાનામુબે અને અબૂ ગરીબ જેલમાં કેદ લાચાર તથા નિર્દોષ માનવોની સાથે થનારા માનવતાનું ખૂન કરનારા વર્તાવ થકી પણ કરી શકાય છે. આ વર્તમાન સંસ્કૃતિમય તથા ઉજ્જવળ દૌરનું સૌથી ભયાનક પ્રકરણ છે. ક્રમે ક્રમે અમેરિકી જુર્મોનો પડદો ઉઠી રહ્યો છે અને તેના ત્રાસવાદી તથા જંગલીપણાનો તે બેડોળ ચહેરો સામે આવી રહ્યો છે જેની કલ્પના પણ નથી કરી શકાતી. યહૂદી મીડિયાથી છીનવાઈને રુંવાટાં ઉભાં કરી દે તેવી આ ખબર આવી છે કે ઈરાકના પ્રખ્યાત વૈજ્ઞાનિકો, વિદ્વાનો તથા પ્રોફેસરોની વીણી વીણીને ખામોશીપૂર્વક આયોજન સાથે કત્લ કરવામાં આવી રહી છે. એની સાથોસાથ ઈરાકની ઐતિહાસિક, સાંસ્કૃતિક યાદગારોને પણ ક્રૂરતાપૂર્વક તબાહ કરવામાં આવી રહી છે.

અમેરિકી સ્ટેટ ડિપાર્ટમેન્ટના હવાલાથી પેલેસ્ટાઈન ઈન્ફોર્મેશન સેન્ટરની એક રિપોર્ટના પ્રમાણે એપ્રિલ ૨૦૦૩ થી જ (ઈઝરાઈલી જાસૂસી સંસ્થા) "મોસાદ"ના ખાસ દળોએ ઈરાકના વિદ્વાનો, વૈજ્ઞાનિકો તથા પ્રોફેસરોને ખાસ નિશાન બનાવેલ છે અને તેમને ખતમ કરી રહ્યા છે. ઈરાકમાં કબજો જમાવેલી અમેરિકી ફોજના સહકારથી ઈઝરાઈલી જાસૂસી એજન્સીઓએ ઓછામાં ઓછા ૫૩૦ મુસ્લિમ વૈજ્ઞાનિકોને મારી નાખ્યા છે. એ જ પ્રમાણે યુનિવર્સિટીઓના ૨૦૦૫થી અધિક પ્રોફેસરો તથા શિક્ષણના નિષ્ણાતોને પણ મારી નાખવામાં આવ્યા છે. રિપોર્ટના આધારે મોસાદના પ્રતિનિધિઓ ખાસ કરીને ઈરાકના ન્યુક્લિયર તથા જીવ શાસ્ત્રના વૈજ્ઞાનિકો તથા યુનિવર્સિટીઓના પ્રખ્યાત પ્રોફેસરોને ખતમ કરી રહ્યા છે. પ્રારંભમાં અમેરિકા તરફથી વૈજ્ઞાનિકોને પુષ્કળ દોલતની લાલચ આપવામાં આવી હતી કે તેઓ અમેરિકાની મદદ કરે. એ પ્રયત્નમાં નિષ્ફળતા પછી તેમને ખતમ કરવામાં આવી રહ્યા છે. જેનો મકસદ એ છે કે ઈરાકમાં કોઈ વૈજ્ઞાનિક એટમી તથા ટેકનિકી હથિયાર બનાવનારો બાકી ન રહે, તેમને વીણી વીણીને મારી નાખવામાં આવે અને કોઈને પણ દેશની બહાર જવાનો મોકો આપવામાં ન આવે. અમેરિકાએ ઈઝરાઈલી એજન્ટોને ઈરાકી વૈજ્ઞાનિકો તથા શિક્ષણના નિષ્ણાતોની સંપૂર્ણ વિગતો પૂરી પાડી છે જેથી તેમને ખતમ કરવામાં કોઈ મુશ્કેલી ન રહે.

રિપોર્ટમાં બતાવવામાં આવ્યું છે કે મોસાદની આ કત્લ કરનારી ચળવળ અવિરત ચાલુ છે. ૨૩–૨૪ એપ્રિલે મેડ્રીડમાં આયોજીત ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં "ઈરાકમાં શિક્ષણવેત્તાઓની કફોડી

હાલત"ના વિષય હેઠળ સંશોધનાત્મક લેખમાં ડો. ઈસ્માઈલ જલીલે સંખ્યા તથા ગણત્રી રજૂ કરતાં સાબિત કર્યું છે કે ઈરાકમાં એપ્રિલ ૨૦૦૩થી એપ્રિલ–૨૦૦૬ સુધીમાં ૭૪% વૈજ્ઞાનિકો, પ્રોફેસરો તથા શિક્ષણના નિષ્ણાતોને ખતમ કરી નાખવામાં આવ્યા છે અને હવે કેવળ ૨૬% જ જીવંત છે જેમને નિશાન બનાવવાના માટે ઈઝરાઈલી એજન્ટો તેમનો પીછો કરી રહ્યા છે. દર્દનાક સંજોગો એ છે કે ઈઝરાઈલી એજન્ટોએ ઈરાકી સ્ત્રી વૈજ્ઞાનિકોને પણ નથી છોડયા અને તેમને પણ ક્રૂરતાપૂર્વક મારી રહ્યા છે. **યહૂદીઓની પૂરાણી પોલીસી છે કે તેઓ પોતાનો હેતુ પાર પાડવા માટે કોઈપણ શર્મનાક કાર્ય કરવામાં ખચકાતા નથી.** તેમની જાહેર પોલીસી પ્રમાણે પોતાનો હેતુ સિદ્ધ કરવા માટે દરેક પ્રકારનો વાર તથા દરેક હથિયારનો ઉપયોગ કરવો જાઈઝ છે. **યહૂદી પ્રોટોકોલના નવમા પ્રકરણમાં સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે....."સુંદરી, લાંચ, શરાબ તથા બિભત્સપણાને પોતાના હેતુને પાર પાડવા માટે કામમાં લેવામાં આવે. અને જ્યાં એ કામ ન આપે તો (મહત્વની વ્યક્તિઓને) કતલ કરવાથી પણ પાછા હટવામાં ન આવે.** ઈરાકમાં "મોસાદ" આ જ કાર્ય અંજામ આપવા માટે નિયુક્ત છે અને તેઓ પૂરા દેશને સાઈન્સી તથા શૈક્ષણિક ક્ષેત્રે વાંઝીયો બનાવવાના મનસૂબા પર કાર્યરત છે.

અમેરિકાનું યહૂદી મીડિયા આખા જગતને એવું ઠસાવી રહેલ છે કે ઈરાકને સુન્ની, શિઆ તથા કુર્દના આંત્રિક ઝઘડા તથા ખૂન ખરાબાથી નુકસાન પહોંચી રહ્યું છે, મોટી સંખ્યામાં લોકોને મારવામાં આવી રહ્યા છે. એ પ્રોપેગન્ડો (દુષ્ટપ્રચાર) પણ ઘણા જોરશોરથી કરવામાં આવી રહ્યો છે કે સુન્ની તથા શીઆ એકબીજાની ઈબાદતગાહો પર હુમ્લા કરી રહ્યા છે અને પવિત્ર સ્થાનોની બેઅદબી કરી રહ્યા છે. એ સર્વ આક્ષેપ અમેરિકાનો વિરોધ દર્શાવનારાઓના માથે નાખી રહ્યા છે જેમના ત્રાસવાદી હુમ્લાઓથી દેશની શાંતિ તથા ચૈન તેમજ આર્થિક હાલત બગડી રહી છે, **પણ તેઓ એ સત્ય નથી જણાવતા કે જુલ્મો સિતમ તથા ત્રાસવાદનો સઘળો ખેલ અમેરિકા તથા તેના સાથી લશ્કરો ખેલી રહ્યા છે, તેઓ જ વિના સંકોચે નાગરીકોને ગોળીઓ તથા બોમ્બ થકી ભૂંજી રહ્યા છે, તેઓ જ પવિત્ર સ્થાનો પર બોમ્બબારો કરીને આક્ષેપ ઈરાકીઓના માથે નાખી રહ્યા છે.** અમેરિકાઓ દુનિયાની આંખોમાં એવું કહીને ધૂળ ઝોંકી રહી છે કે આ સંગઠનવાળી ફોજ ઈરાકીઓની રક્ષા માટે નિયુક્ત છે અને તે ત્રાસવાદીઓ સાથે લડી રહી છે. ખૂદ કત્લ તથા ખૂનરેજી તથા લૂટમારમાં લાગેલી છે અને ખૂબ જ ખંધી રીતે દુનિયાની નજરો બચાવીને દેશની મૂલ્યવાન વ્યક્તિઓને ખતમ કરી રહી છે.

અમેરિકી પ્રમુખ બુશે ઈરાક પર હુમ્લા માટે દુનિયા સમક્ષ ઢંઢેરો પીટયો હતો કે સદ્દામ હુસૈનની પાસે મોટા પાયા પર તબાહી ફેલાવનારા હથિયારોનો સંગ્રહ મૌજૂદ છે જેનાથી આખા જગતને ખતરો ઉભો થઈ ગયો છે. અને બીજો હુમ્લો કરવા માર્ગ એ ઉભો કર્યો હતો કે સદ્દામ હુસૈન દુનિયાનો સૌથી બદ્તરીન ડિક્ટેટર છે એટલા માટે ઈરાકની પ્રજાને તેના જુલ્મો સિતમથી મુક્તિ અપાવવાની જિમ્મેદારી (ઠેકેદારી) અમેરિકાની છે અને ઈરાકની પ્રજા આ મુક્તિદાતાની પ્રતિ આંખો બિછાવીને બેઠેલી છે. પરંતુ વાસ્તવિક્તા કાંઈ ઔર હતી ! બુશે ઈરાકના તેલ ભંડારો પર ઈજારાદારી પ્રાપ્ત કરવી હતી જેથી અમેરિકાના પીઠ્ઠુ ઈઝરાઈલનું સંપૂર્ણ રક્ષણ થઈ જાય. કેમ કે **ઈરાક જ એવો મુસ્લિમ દેશ હતો જે મુસ્લિમ દેશોમાં દરેક રીતે મજબૂત તથા પાવરફૂલ અને ખાસ કરીને લશ્કરી હૈસિયતથી શક્તિશાળી હતો.** પહેલાં તો અમેરિકાએ સાઝિશ રચીને ઈરાકને ઈરાન સાથે લડતુ કરી દીધું અને વરસો સુધી બંનેની યુદ્ધની શક્તિને બર્બાદ કરાવી, ત્યાર પછી કુવૈતની સાથે ઈરાકને ઉલઝાવ્યું અને હવે ખૂદ અમેરિકાએ સામે આવીને ઈરાકની શક્તિને કચડી નાખી. અને **અરબોની રક્ષાના નામ પર કુવૈત તથા સઊદી**

**અરબમાં પોતાની હજારો ફોજોને લાવીને જમાવી દીધી જે આજ સુધી મૌજૂદ છે. અને બંને દેશોને રક્ષા પૂરી પાડવાના નામ પર તેમની પાસેથી બદલો પણ વસૂલ કરી રહ્યા છે. એટલે બંને દેશોને જાણે ગીરો કરી લીધા છે.**

આખા જગતે જોઈ લીધું કે બુશે જે વિશાળ કક્ષાને તબાહી ફેલાવનારા હથિયારો ઈરાકમાં છે એ બહાનુ ધર્યું હતું અને ઈરાક પર હુમ્લો કર્યો હતો તે તો જૂઠ હતું ! એનો સ્વીકાર ખૂદ (બેશરમ) બુશે પણ કર્યો છે. પરંતુ એના પર એને ન શર્મિંદગી છે ન માફી માંગવા ચાહે છે ન ઈરાકમાંથી જાલિમ ફોજ હટાવવાની વાત કરે છે. પ્રથમ તો **અમેરિકી ફોજે જીવલેણ ભયાનક હથિયારો, કલ્સ્ટર બોમ્બો તથા અતિ ભયાનક હથિયારોના અંધાધુંધ ઉપયોગ વડે ઈરાકના નિર્દોષ નાગરિકોને ભૂંજી કાઢયા. હોસ્પિટલ, સુવાવડખાનાં, વ્યાપાર કેન્દ્રો, વીજળી ઘરો તથા ફોજી કારખાનાઓને તબાહ કર્યા.** મસ્જિદો, મકબરાઓ તથા પવિત્ર સ્થાનોને પણ નથી છોડયાં, બેંકો તથા બજારોને લૂંટયાં, વિ□ વિખ્યાત ઐતિહાસિક મ્યૂઝિયમોની દુર્લભ ચીજો લઈ ગયા અને દુનિયાને સદ્દામ હુસૈનની ઐયાશીની કહાની સંભળાવીને પોતાના કત્લ તથા ખૂનામરકીના તથા લૂટમારના જુર્મો પર પર્દો નાખતી રહી. સાથોસાથ શિઆ તથા સુન્ની વચ્ચે નફરતના બીજ રોપીને અને મતભેદોની આગળ સળગાવીને લડાવવાનું શરૂ કર્યું. એક તરફ અમેરિકી ફોજોની એ કાર્યવાહી વધી ગઈ છે કે ક્યારેક "ભૂલથી" પવિત્ર સ્થાનો પર બોમ્બ વરસાવીને તેને નષ્ટ કરી રહી છે તો કદીક મસ્જિદો તથા મકબરાઓ પર એ બહાને બોમ્બવર્ષા કરી રહી છે કે એમાં વિરોધી પ્રદર્શનકારીઓ તથા અલ્કાયદાના મુજાહિદો છુપાયેલા છે.

ઈરાકને તબાહ કરવામાં અમેરિકાના સાથી સંગઠિત બળોની ફોજો તો પોતાનો જાનવરો જેવો રોલ ભજવી જ રહી છે પણ હવે એ બર્બાદીમાં ઈઝરાઈલી એજન્ટોને પણ કામે લગાડી દીધા છે. ઈઝરાઈલી ત્રાસવાદીનો એક શર્મનાક નમૂનો તો તે હતો જયારે તેણે કેટલાક અરસા પહેલાં ઈરાક એટમી રીએક્ટર પર ત્રાસવાદનો હુમ્લો કરીને તેને તબાહ કરી નાખ્યું હતું, હવે "મોસાદ" થકી દુનિયામાં અત્યંત ધૃણાત્મક ચળવળ શરૂ કરી દીધી છે. આ ચળવળ થકી મુસલમાનોની અજોડ શખ્સિયતોની નસલનો ખાત્મો બોલી રહ્યો છે. આ હકીકતમાં મુસલમાનોની ઉચ્ચ કક્ષાની કાબેલિયતોને નષ્ટ કરવાની ચળવળ છે. ઈલ્મો તથા વિદ્યાઓ તથા સાયન્સ અને ટેક્નોલોજી તો આખા જગતનો સંયુક્ત વારસો હોય છે, પરંતુ આ વારસાને પણ મિટાવવામાં આવી રહ્યો છે અને ઈરાકની જમીનને વિદ્વાનો, શૈક્ષણિક તજજ્ઞો, નિષ્ણાતો તથા વૈજ્ઞાનિકોથી વાંઝયી બનાવવામાં આવી રહી છે. ઈરાકને આર્થિક રીતે તબાહ તથા લાખો નાગરિકોને મારી નાખીને તથા ઝખ્મી તેમજ બેઘર, બેરોજગાર કર્યા બાદ અમેરિકા અને ઈઝરાઈલી એજન્ટો 'મોસાદ' આ કમનસીબ દેશને ન કેવળ વિશિષ્ટ અજોડ જ્ઞાની પુરૂષો તથા વૈજ્ઞાનિકોને જડમાંથી ઉખેડીને ફેંકી રહી છે બલ્કે તેમની સાંસ્કૃતિક યાદગારોને પણ તબાહ કરવામાં લાગેલી છે. હમણા થોડાક દિવસો પહેલાં બગદાદની પશ્ચિમમાં ૩૨૦ કિ.મી.નાં અંતરે આવેલ એક હજાર વરસ પૂરાણી ઐતિહાસિક મસ્જિદ 'અના' પર બોમ્બમારો કરીને તેને તબાહ કરી દેવામાં આવી. આ મસ્જિદ ખિલાફતે અબ્બાસીના દૌરમાં ઈ.સ. ૭૬૨માં બાંધવામાં આવી હતી. આ મસ્જિદની વિવિધ યુગોમાં ઐતિહાસિક તથા ધાર્મિક વારસાના રૂપે હિફાઝત કરવામાં આવી હતી. કેટલાક દિવસો અગાઉ બગદાદમાં ઈમામ મૂસા કાઝિમના મઝાર પર હુમ્લો કરીને તેને તબાહ કરવામાં આવ્યો. આ તબાહીનો બીજો બદ્તરીન દૌર છે જેમાંથી ઈરાક પસાર થઈ રહ્યું છે. શું આથી વિશેષ ગંભીર ગુનાહિત અમલ હોય શકે છે જે અમેરિકા તથા ઈઝરાઈલ મળીને ઈરાકમાં અંજામ આપી રહ્યાં છે ?! શું આ અસંસ્કારપણુ તથા ત્રાસવાદથી હટીને કોઈ અલગ ચીજ છે ? *(આલમી સહારા ઉર્દૂ, ૧૫–જુલાઈ–૦૬)*

# જન્નતની બાંયધરી

સંકલન : **જનાબ 'જિગર' નબીપુરી, લંડન**

હઝરત ઉબાદહ બિન સાબિત رضی اللہ عنہ. અબૂ વલીદ વંશથી, અન્સાર ખાનદાનના બનૂ સલ્લમ પરિવારના જાણીતા સહાબી છે. નબુવ્વતની જાહેરાતના બારમાં વર્ષે હજ્જ મુબારકના પ્રસંગે મિના શરીફની ઘાટીમાં છુપાઈને, મદીના શરીફની જે બાર વ્યક્તિઓની હુઝૂર ﷺના હાથ મુબારક પર ઈસ્લામની દૌલતથી નવાઝિશ થઈ હતી તેમાંના તેઓ પણ એક હતા. અને નબુવ્વતની જાહેરાતના તેરમાં વર્ષે એ જ ઘાટીમાં મદીના શરીફના ૭૨ વફાદારોએ બયઅત કરી ઈસ્લામના વર્તુળમાં દાખલ થયા તેઓના સાથમાં પણ હતા. જંગે બદર સહિત તમામ ઈસ્લામી ધર્મયુદ્ધો (જેહાદો)માં પણ પ્રથમ હરોળમાં હિમ્મતવાન યોદ્ધા તરીકે કામગીરી બજાવી હતી. આપ ઘણા જ બહાદુર, ચપળ અને તત્વજ્ઞાની હતા.

અમીરુલ મો'મિનીન હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہના ખિલાફતકાળ દરમ્યાન આપની શામ (સિરિયા દેશ)ના ન્યાયાધીશ અને ઉપદેશકના માનનીય હોદ્દા પર નિમણૂંક કરવામાં આવી હતી. પ્રથમ તેઓ 'હમ્સ'માં રહ્યા હતા તે પછી પેલેસ્ટાઈન ચાલી ગયા હતા. જ્યાં 'રમલ્લા' કે ' બૈતુલ મુકદ્દસ' ખાતે હિજરી સન ૩૪માં ૭૩ વર્ષની ઉંમરે ઈન્તેકાલ ફર્માવી ગયા. *(અકમાલ ફી અસ્માઉર્રિજાલ)*

હઝરત ઉબાદહ બિન સાબિત رضی اللہ عنہથી રિવાયત (કથન) છે કે અલ્લાહ તઆલાના અંતિમ નબી ﷺએ ફર્માવ્યું છે કે તમે લોકો મારાથી તમારા પોતાને માટે છ વાતો (અમલ)ના જામીન બની જાવ તો હું તમારા માટે જન્નતની જામીનગીરી (બાંયધરી) આપું છું.

**(૧)** જ્યારે વાત કરો તો સાચુ બોલો. **(૨)** જ્યારે વાયદો કરો તો પૂરો કરો. (વાયદાનું ઉલ્લઘંન ન કરો) **(૩)** કોઈ વસ્તુના માટે અમાનતદાર (અમીન) બનો તો વિશ્વાસઘાત ન કરો. **(૪)**શર્મગાહો (ગુપ્તાંગો)ની હિફાઝત (સુરક્ષિત) રાખો. **(૫)** દૃષ્ટિ (નિગાહ) નીચી રાખો. **(૬)** પોતાના હાથોને બુરાઈ (દુષ્ટતા)થી રોકો. *(મિશ્કાત શરીફ, બયહકી શરીફ, જિલ્દ–૨, પેજ–૪૧૫)*

## ★ સાચુ બોલો ★

તમો એ વાતને ઉચિત સમજી લો કે, હમેશાં સાચુ જ બોલશો. કારણ કે સચ્ચાઈ તમને ભલાઈના માર્ગ પર લઈ જશે, અને ભલાઈનો માર્ગ તમને જન્નતમાં પહોંચાડી દેશે. ઈન્સાન હમેશાં સાચુ બોલે તો સચ્ચાઈ પણ એની શોધમાં રહે છે. અને અલ્લાહ તઆલા દરબારમાં એની પદવી (લકબ) 'સિદ્દીક' તરીકે લખી લેવામાં આવે છે. તમે જૂઠથી બચીને રહો કેમ કે જૂઠ તમને ગુનાહો તરફ દોરી જશે જે તમને દોઝખમાં ધકેલી દેશે. માણસ જૂઠ બોલતો રહે તો જૂઠની જ શોધમાં રહે છે, પરિણામે અલ્લાહ તઆલાના દરબારમાં ''કઝ્ઝાબ'' (મહાજૂઠા) તરીકે લખવામાં આવે છે. *(તિર્મિઝી શરીફ)*

અલ્લાહ તઆલાના દરબારમાં ''સિદ્દીક''નો લકબ (ઉપમા, પદવી) આપવામાં આવે છે એ કેટલી સૌભાગ્ય (ખુશનસીબી)ની વાત છે. સાથે બંનેવ જહાનમાં અલ્લાહ તઆલાના ઈનામ તથા ઈકરામની દૌલતોથી માલમાલ થઈ જાય ! અને જે જૂઠ બોલે છે તે અભાગી (કમબખ્ત) છે. કારણ કે

અલ્લાહ તઆલાના દરબારમાં તેને ''કઝ્ઝાબ (મહા જૂઠા)નો લકબ મળે અને બંનેવ જહાંનમાં અલ્લાહ તઆલાના માર ફિટકાર (સજા અને ધિક્કાર)થી ઝલીલો ખ્વાર (નીચ અધમ) બની જાય ! (તૌબા નઊઝુ બિલ્લાહ !) કઝ્ઝાબ (મહા જૂઠો) શબ્દ કેટલો બધો અપમાનિત અને ધિક્કારને પાત્ર શબ્દ છે !! એને સમજવા માટે આ હદીષ શરીફ પર મનન કરો જેના રાવી (વર્ણન કરનાર) હઝરત સફવાન બિન સુલયમ رضی اللہ عنہ જે તાબેઈનમાંથી છે. તેઓનું કથન છે કે કોઈ સહાબી رضی اللہ عنہએ હઝરત નબીએ કરીમ ﷺની બારગાહમાં અરજ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ શું મો'મિન બુઝદિલ અને ડરપોર હોય શકે ? તો હઝરત નબીએ પાક ﷺએ કહ્યું, હા ! પછી બીજા કોઈએ પૂછયું, મો'મિન કંજૂસ હોય શકે છે ? તો આપ ﷺએ કહ્યું, હા ! તો પછી કોઈએ પૂછયું કે મો'મિન ''કઝ્ઝાબ'' (મહા જૂઠો) હોય શકે ? તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, નહીં ! મો'મિન કઝ્ઝાબ ન હોય શકે. *(મિશ્કાત શરીફ, બયહકી શરીફ)*

### ★ વાયદો પૂરો કરવો ★

**(વચન પાલન કરવું)**

મુસલમાન કોઈને વાયદો કરે તો તેના પર અમલ કરવો ઈસ્લામી ફર્ઝ છે. કલામે પાકમાં અલ્લાહ તઆલાનું ફર્માન છે કે;

**ભાવાર્થ** : અય ઈમાનવાળાઓ ! પોતે કરેલા વાયદા (વચન)ને નિભાવો.'' (વચન ભંગ ન કરો.)

વાયદો (વચન) નિભાવવાના મહત્વ વિશે નબી પાક ﷺના જીવન પર લખાયેલ સીરત (જીવન ચરિત્ર) મુબારકની અસંખ્ય કિતાબોના પૃષ્ઠો પર સોનેરી અક્ષરોમાં લખાયેલું છે, જે ઉચ્ચ શિષ્ટાચારની અવગણના ન કરો.

હઝરત ઈબ્ને અબી અલ હસમઅ رضی اللہ عنہનું કથન છે કે નબુવ્વતની જાહેરાત પૂર્વેમેં હઝરત નબીએ કરીમ ﷺ પાસેથી કોઈ સામાનની ખરીદી કરી. આપની કેટલીક રકમ આપવાની મારા માથે (દેવા પેટે) બાકી હતી. આપ ﷺને મેં વાયદો કર્યો કે રકમ લઈને ફલાણી જગ્યાએ હમણા જ આવું છું. પરંતુ કોઈ કારણસર મારાથી એ ભૂલાઈ ગયું. પછી મને જ્યારે યાદ આવ્યું ત્યારે ત્યાં પહોંચી જઈ જોયું તો આપ ﷺ ત્યાં જ હાજર હતા. આપ ﷺએ ફર્માવ્યું, તમે તો મને તકલીફમાં મૂકી દીધો ! હું અહીં તમારી રાહ જોતે રહ્યો. *(મિશ્કાત શરીફ, જિલ્દ–૨, સફા–૪૧૬, અબૂ દાવુદ શરીફ)*

### ★ અમાનતની અદાયગી ★

કોઈની અમાનત (જે વસ્તુના તમને અમીન બનાવવામાં આવ્યા હોય, તમારી પાસે વસ્તુ સાચાવવા માટે રાખવામાં આવી હોય) એ જ હાલતમાં પરત કરવી ફર્ઝ છે તેમાં બાલ બરાબર પણ ખયાનત (વિશ્વાસઘાત, દગાબાઝી, બેઈમાની) કરવી હરામ અને મોટો ગુનો છે. કુર્આન શરીફમાં ફર્માવ્યું છે કે, ભાવાર્થ : અમાનતોમાં જાણી બુઝીને ખયાનત (દગાબાઝી) ન કરો.

યાદ રાખો ! અમાનત ફક્ત માલ સામાન જ નથી ! પરંતુ તમને કોઈ ખાનગી વાત પણ કરે તે પણ અમાનત છે, એમાં પણ ખયાનત હરામ અને મોટો ગુનો છે. દા.ત. પતિ, પત્ની એક બીજામાં જે ખાનગી વાત થાય છે તે બંનેમાંથી, કોઈપણ વાત બહાર જાહેર કરે તો તે પણ અમાનતમાં ખયાનત કરવાનો ગુનો છે.

### ★ શર્મગાહો (ગુપ્તાંગો)ની હિફાઝત ★

એનો અર્થ એ છે કે, ઝિનાકારીથી બચવાની પ્રતિજ્ઞા કરી લો. હમેશાં હમેશાંને માટે શર્મગાહો (ગુપ્તાંગો)ને મોટા ગુનાથી સુરક્ષિત રાખો તો વ્યભિચાર, અપકૃત્યો જેવા ગુનાહોથી બચશો.

હઝરત સુહૈલ બિન સઅદ رضی اللہ عنہનું કથન છે કે હઝરત નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું છે કે,

વ્યક્તિ પોતાની જીભ અને શર્મગાહો (ગુપ્તાંગો)ને બદ્‌ગોઈ, બદ્‌કારી, (ચુગલી, ઝિના)થી સુરક્ષિત રાખે.

દેખીતી રીતે કોઈને એ વાતની અનુભૂતિ (એહસાસ) નથી થતો કે જીભ વધુ પડતા ગુનાહોનું કારણ છે. કુફ્ર, શિર્ક, ચુગલી, નિંદા, તહોમત, જૂઠ, ગાળ ગલોચ આ બધું જીભ વડે જ થતું હોય છે. જો જીભને સુરક્ષિત રાખશો તો આ બધા ગુનાહોથી બચી જશો. *(બહિશ્ત કી કુન્જીયાં, પેજ–૨૦૪)*

## ★ નજર (દષ્ટિ) નીચી રાખો ★

એનો અર્થ એ છે કે, શરીઅતે જે વસ્તુઓને જોવાની મનાઈ (હરામ) કહી છે તેને જોવાથી નજરને સુરક્ષિત રાખો. નજર નીચી રાખવાથી મનાઈ (હરામ) કરેલ વસ્તુઓ પર નજર પડતી નથી. દા.ત. પરાઈ સ્ત્રીઓને જોવાથી, સિનેમા, નાચગાન, બેહયાઈ, બેશર્મીભર્યા કાર્યક્રર્મ, અશ્લીલ પોસ્ટરો, મુસલમાનોની અંગત બાબતો, ઉપરાંત ગુંડાગીરી, અધર્મી પુસ્તકોનું વાંચન..... વિગેરે. આમ મનાઈ કરેલ વાતોથી નજરને સુરક્ષિત રાખવી ઈમાનની સુરક્ષા માટે ફરજિયાત અને રોજિંદા જીવનમાં અમલમાં મૂકવાને પાત્ર છે.

## ★ હાથને બુરાઈ (દુષ્ટતા)થી રોકવા ★

એનો અર્થ એ છે કે મુસલમાન પોતાના શરીરના દરેક અંગોને અંકુશમાં રાખે. જેથી શરીઅતના હુકમોનું ઉલ્લંઘન ન થાય. હાથને ગુનાહોથી રોકવાનો એ અર્થ નથી કે, ફક્ત હાથ જ ગુનાહ ન કરે અને શરીરના અન્ય અંગો (અવયવો) ગુનાહોને માટે આઝાદ હોય !

હદીષ શરીફમાં કહેવામાં આવ્યું છે કે, વધારે પડતા ગુનાહો હાથથી જ થતા હોય છે. એનો એક અર્થ એ પણ થાય છે કે ઈરાદો, વાતચીત દરમ્યાન આપણે હાથનો રૂઢી પ્રયોગ આ રીતે કરીએ છીએ; એમાં મારો હાથ નથી, મારા હાથની વાત નથી, મારા હાથમાં હોત તો, એમાં એનો હાથ છે, મારા વશમાં નથી.... વિગેરે. આમ એ કામ ઈરાદાથી થયું હોય, ચાલીને થયું હોય, હાથથી થયું હોય, ઈશારાથી થયું હોય, સલાહ સૂચનથી થયું હોય, એટલે મુસલમાને શરીરના દરેક અંગોને ગુનાહોથી બચાવવા જોઈએ. કલામે પાકમાં ઈર્શાદ છે કે,

**ભાવાર્થ :** " કાન, આંખ, દિલ દરેક અંગોને એના કૃત્યો વિશે કયામતના દિવસે પૂછવામાં આવશે અને એ કૃત્યો માટે સારા, નઠારા કાર્યોનો હિસાબ થશે.

ઉપરોક્ત હદીષમાં દર્શાવેલ છ વાતો પર અમલ કરનારને જન્નતના તાજદાર, કુલ કાએનાતના રસૂલે મકબૂલ ﷺએ 'જન્નત'ના માટે બાંયધરી (જામીનગીરી) આપી છે. ઊંડો વિચાર કરવામાં આવે તો એ છ વાતો પર અમલ કરવાનું કામ એટલું અઘરું નથી, ન તો એમાં આર્થિક કુર્બાનીની કે શારીરિક શ્રમની જરૂર છે. દરેક મુસલમાન અમલ કરે તો સહેલાઈથી જન્નતનો હક્કદાર બની શકે છે.

પરંતુ ! આશ્ચર્યની વાત એ છે કે **દરેક મુસલમાનને જન્નતની લાલચ તો છે પરંતુ જન્નત મેળવવા માટેના આ અમલોથી ઘણા દૂર છે !** એટલું જ નહીં જૂઠ, વચનભંગ, બેઈમાની, દુષ્ટ કામો વિગેરેમાં રચ્યા પચ્યા રહે છે. પરિણામે મુસ્લિમ કૌમ બદ્‌નામી અને જુલ્મનો શિકાર છે અને પ્રતિષ્ઠા પણ નહીં જેવી થઈ ગઈ છે, જે ખેદજનક છે.

**તરીકે મુસ્તફા ﷺકો છોડના હૈ વજહે બરબાદી**
**ઈસીસે કૌમ દુન્યામેં હુઈ હૈ બેઈકતેદાર અપની**

અલ્લાહ તઆલા તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મુસલમાનોને ગુનાહોથી તૌબા (પશ્ચાતાપ) કરવાની અને નેક અમલ કરવાની નેક તૌફીક આપે. (આમીન)

# બરકાતે ખ્વાજાની ટપાલ

## સૂરતના પૂર પીડિતોની સહાય અર્થે
### ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાની અપીલ

**સૂરત :** મુકામે પાણીના ભયાનક પુર આવવાથી હજારો લોકો નિરાધાર બની ગયા છે તો આ પુરપીડિતોની સહાય અર્થે લિલ્લાહ, ઝકાત, સદકા, ખૈરાત, ન્યાઝ... વગેરેની રકમો ''ફૂલ નહીં તો ફૂલની પાંખડી'' રૂપે રજૂ કરી સહકાર કરવા અમો દરેક હમદર્દે કૌમને દર્દભરી વિનવણી કરીએ છીએ. ચેક, ડ્રાફ્ટ, મનીઓર્ડરથી જે રીતે બને સહાય મોકલવા અમારો સંપર્ક કરશો.

**ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા,** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧ (R) , ૨૮૨૦૮૬ (R), ૨૮૨૭૯૨ (O), મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## ★ બરકાતે ખ્વાજા (માસિક) વિશે ★

જનાબ શબ્બીરભાઈ, અસ્સલામુ અલૈકુમ ! જુલાઈ–૦૬ના ''બરકાતે ખ્વાજા''માં તમારો તંત્રી લેખ ''સુન્નિયતને કમજોર કરી રહેલાં પરીબળો અને તેનો ઈલાજ'' વાંચી મને આ પત્ર લખવાની પ્રેરણા થઈ છે. સુન્ની મઝહબ માટે આપની હૈયા વરાળ, ચિંતા અને લાગણી એક સાચા સુન્ની મુસ્લિમની છે અને તંત્રી લેખ વાંચી દરેક સુન્ની મુસ્લિમ તમોએ જણાવેલ બાબતો અંગે જરૂર વિચાર કરવા લાગ્યો હશે. મુબારકબાદ આપતાં ખુશી અનુભવું છું. *–ઈસ્માઈલ આઈ. બેરીવાલા (જમાલપુર, અમદાવાદ)*

## ★ પ્રશંસનીય તથા અનુકરણીય પગલું ! ★

બાદી અ. રહીમ જીવાભાઈની નેક દુખ્તર અનીસા બાનુની શાદી તીથવા ગામના રહીશ ભાલારા અમીનભાઈ અલાઉદ્દીનભાઈના નેક ફરઝંદ ગુલામ મોહયુદ્દીન સાથે તા. ૨૪/૫/૦૬ના રોજ રાખેલ જેમાં દુલ્હાને નિકાહ વખતે **બરકાતે ખ્વાજા (માસિક)**નું **આજીવન** લવાજભ ભરી ''બરકાતે ખ્વાજા'' (માસિક) ભેટ આપેલ. (જઝાકલ્લાહ !) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

આવા પુરફિતન દૌરમાં જ્યારે નિકાહ વખતે ટી.વી., વી.સી.આર, ફોટા–ટોટા, નાચ–ગાનની જગ્યાએ આજીવન **''બરકાતે ખ્વાજા'' (માસિક)**ની ભેટ દુલ્હાને આપી અબ્દુર્રહીમભાઈએ જે ઉમદા પગલુ ભરેલ છે તેમનાથી પૂરો સમાજે સબક હાંસલ કરવો જોઈએ કે આવા મુબારક પ્રસંગ વખતે આપણે પણ ''બરકાતે ખ્વાજા'' (માસિક)ના ગ્રાહક બની, બનાવી આ દીનના કામમાં સહભાગી બની આખેરતમાં જઝાએ ખૈરના હક્કદાર બનીએ. આથી તમામ વાંકાનેરની સુન્ની મુસ્લિમ જમાઅતથી મારી ભરપુર અપીલ છે કે એક એક ગામમાંથી કમસે કમ ૫+૫ ગ્રાહક બની બનાવી બરકાતે ખ્વાજા (માસિક)ને મજબૂત બનાવો અગર આપ સુન્નિયતને બચાવવા ચાહો છો તો ''બરકાતે ખ્વાજા'' (માસિક)ના ગ્રાહક બનો અને બનાવો, વાંચી અમલ કરો.

બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક થવા અમારા મુખ્લિસ મિત્ર મુજાહિદ સુન્ની કાર્યકર **જનાબ કારી શાહિદ રઝા એ. કાપડવાલા–કોઠી** (મો. ૯૯૭૯૦ ૦૯૨૦૮)નો સંપર્ક કરશો. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ સુન્ની દા'વતે ઈસ્લામી કી જાનિબસે ઔરતો કા કામયાબ ઈજતેમાઅ ★

તા. ૨–૭–૨૦૦૬ બરોઝ ઈતવાર ચરોતર હોલ, યાકૂતપુરા મેં બાદ નમાઝે ઝોહર સે મગરિબ તક **સુન્ની દા'વતે ઈસ્લામી**, શાખ બરોડા કી જાનિબસે ઔરતોં કા ઈજતેમાઅ મુનઅકીદ કિયા ગયા જિસમેં સુન્ની દા'વતે ઈસ્લામી શાખા બરોડા કે મુઆવિન જનાબ કુરૈશી હાજી અલ્લાહરખા કાદરી મેહમૂદી

સાહબ કી સાહબઝાદીયાં મુબલ્લિગાએ સુન્ની દા'વતે ઈસ્લામી કુરૈશી મુનવ્વર આયેશાને તિલાવતે કુર્આન મજીદસે ઈજતેમાઅ કા આગાઝ કિયા ફિર હમ્દે બારી ત્આલા ઔર નઅતે મુસ્તફા કે ગુલદસ્તે કુરૈશી અસ્મતજહાંને પેશ કિયે. બાદમેં કુરૈશી માહેનૂરને નમાઝ કે મોઝૂ પર બેહતરીન બયાન પેશ કિયા. અખીરમેં કુરૈશી અખ્તર સુલ્તાનાને ઔરતોં કી અઝમત ઔર પર્દે કે તઅલ્લુકસે ઝરૂરી નસીહતેં ઔર તકરીર પેશ કીં, અલ્હમ્દુલિલ્લાહ ! બયાનાત, નસીહતોં કો હાઝરીને બઝમમેં તમામ ઔરતોને બગૌર સમાઅત કિયા ઔર કુછ ઈસ્લામી માં બહેનોને પર્દા કરને કા પક્કા ઈરાદા કિયા જિન ઈસ્લામી ખાતૂનોને મુબલ્લિગ બનને કે લિયે નામ લિખવાએ ઉન ઈસ્લામી ખાતૂનો મેં સે સબસે પેહલે નામ લિખવાનેવાલોંમેંસે બારહવી કી નિસ્બતસે ૧૨ બુર્ખે તેહરીકે સુન્નતી દા'વતે ઈસ્લામી કી જાનિબસે તોહફેમેં દીયે જાયેંગે. યે એલાન ભી ઉસ ઈજતેમાઅ મેં કિયા ગયા. ઈજતેમાઅમેં આનેવાલી તમામ ખાતૂનોંને નમાઝે અસર ઈજતેમાઅગાહમેં અદા કી. અખીરમેં ઝિક્રો દુઆ, સલાતો સલામ પર ઈજતેમાઅ કા ઈખ્તેતામ હુઆ. ઈસી તરહા હર મહીને મેં મુખ્તલિફ ઈલાકોં મેં સુન્નતી દા'વતે ઈસ્લામી શાખ બરોડા કી જાનિબસે ઔરતોં કા ઈજતેમાઅ મુનઅકીદ કિયા જાએગા. ઈન્શાઅલ્લાહુ તઆલા વ રસૂલ ﷺ.
***પેશકર્દા :** મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી (નિગરાં) બડૌદા, જનાબ મુહમ્મદ સુલ્તાન રઝા કાદરી–મોઈની*

**પાલેજ** : થી જનાબ અ. મજીદ શેખ (ઓપરેટર) જણાવે છે કે **કાયાવરોહણ** (જિ. વડોદરા) ખાતે ૨૮ ચાંદના રોજ હઝરત ઝિયાઉદ્દીનબાવાનો ઉર્સ મનાવામાં આવ્યો તથા **પાલેજ** ખાતે હાજી દફતરઅલીબાવા (પાંચ પીર)ના ઉર્સના પ્રસંગે ૩–જમાદીઉલ આખરે કુર્આનખ્વાની, સંદલ તથા ન્યાઝ શરીફ રાખેલ. તેમજ **રાજપીપળા** ખાતે નૂર મુહમ્મદ શેખના દીકરા સમીરની શાદી ભરૂચ નિવાસી નસરીનબાનુ સાથે શેખ જમાઅત હોલમાં તા. ૨–૬–૨૦૦૬ના થઈ હતી.

**★ રૂા. ૪/– ટપાલ ટિકિટ મોકલીને મંગાવો ! ★**

**કિતાબ : ઈલ્મે દીન (ભાગ–૨)**

(જેમાં વિવિધ લેખકોના લેખોમાં હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہથી સંબંધિત લેખો તેમજ બદ્‌મઝહબોની સંગતના નુકસાન તથા હજ્જ વિશે સંક્ષિપ્ત માહિતી છે.)

**પ્રકાશક** : ગરીબ નવાઝ કમિટી, રેલ્વે કોલોની, નં. ૯૧–ડી, મુ. હાપા, વાયા : ધુંવાવ–૩૬૧ ૧૨૦, જિ. જામનગર

**★ ખુદાનું ઘર બનાવી આપો ★**

શિનોર તાલુકાના ઊતરાજ ગામમાં આવેલ મસ્જિદે મુહમ્મદી ઘણી સાંકડી અને નાની હતી તેને શહીદ કરીને નવેસરથી બાંધકામ શરૂ કરેલ છે. મસ્જિદ બાંધકામનો અંદાજિત ખર્ચ રૂા. ૨૫ લાખ છે. મોહલ્લાના મુસ્લિમોની આર્થિક સ્થિતિ નબળી છે છતાં ગામ તથા બહારગામથી ચંદો ઉઘરાવીને અંદાજિત રૂા. ૪ લાખ સુધીનું કામ થયેલ છે. જેથી તમામ મુસ્લિમભાઈઓને ગુજારિશ છે કે દામે, દીરમે, કદમે, સુખને, ફૈયાઝદિલીથી ભરપુર ઈમદાદ આપી, અપાવીને જન્નતુલ ફિરદૌસમાં આપનો આલીશાન મહેલ બનાવી લેશો.

M.O., ડ્રાફ્ટ 'મસ્જિદે મુહમ્મદી' ઊતરાજના નામનો મોકલશો. અને M.O., ડ્રાફ્ટની પાછળ નામ, સરનામું, રકમ વિગેરે વિગતો લખવા વિનંતિ છે.

**ઈમદાદનું સરનામું** : રાઠોડ અ. રઝૂઝાકખાં (રાજુ) ભાઈબાવા, મુ.પો. ઊતરાજ, તા. શિનોર, જિ. વડોદરા, (ફોન) : ૦૨૬૬૬, ૨૯૧૧૭૫, (મો.) : ૯૮૭૯૫ ૪૧૯૩૪, ૯૩૨૮૬ ૯૬૦૧૮

**મકરપુરા** : રમજુશા ઉમરશા દિવાન લખી જણાવે છે કે મકરપુરા ગામમાં આવેલ અબ્દુલશાબાવા મસ્જિદનું બાંધકામ બાકી હોવાથી અંદાજિત ખર્ચ રૂા. ૧૦ લાખ થાય તેમ છે. મહોલ્લાના મુસ્લિમોની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી છે. અહીંના વસ્તીવાળા સુન્ની મુસ્લિમો મસ્જિદના બાંધકામના ગંજાવર ખર્ચને પહોંચી વળી શકે તેમ નથી, આથી તમામ સુન્ની મુસ્લિમ સખી દાતાઓને દર્દમંદાના

અપીલ છે કે ઉદાર દિલે ભરપુર ઈમદાદ આપી અપાવીને જન્નતુલ ફિરદૌસમાં આપનો આલીશાન મહેલ બનાવી લેશો.

**મદદ મોકલવાનું સરનામુ :** રમજુશા ઉમરશા દિવાન, દિવાન મહોલ્લા, તલાવ પાસે, મકરપૂરા (વડોદરા), પિન : ૩૯૦ ૦૧૪, (મો.) : ૯૮૭૯૫ ૪૪૪૩૫

### ★ કોણ છે અલ્લાહની રાહમાં અમારો મદદગાર ! ★

ગામ ભોજ, તા. પાદરા, જિ. વડોદરાની નગીના મસ્જિદ ઘણી પૂરાણી, જર્જરિત હોવાથી શહીદ કરીને ફરી નવુ બાંધકામ કરી રહ્યા છે. તેનો અંદજિત ખર્ચ કુલ રૂા. ૨૫ લાખ થવા સંભવ છે. જે આર્થિક સ્થિતિ નબળી હોવાથી કામ મંદગતિએ ચાલે છે તો મુસ્લિમ કૌમને દર્દભરી અપીલ કરીએ છીએ કે આ બાકી કામ પૂરૂં કરવા સખીદાતાઓ જરૂર સહકાર આપી આ નેક કામમાં સહભાગી બને એવી અપીલ છે.

**ઈમદાદ મોકલવાનું સરનામુ :** નગીના મસ્જિદ–ભોજ, મુતવલ્લી : હાજી અબ્દુલભાઈ, (ફોન) : ૦૨૬૬૨–૨૬૭૨૫૭

**ધંધુકા :** મહોલ્લે ખાનજીવાડા–ધંધુકા મુકામે આવેલ મસ્જિદનું તામીરી કામ કરવાનુ હોવાથી ઉદાર હાથે મદદ કરવા દરેક બિરાદરોને નમ્ર અપીલ કરવામાં આવેલ છે.

**મદદ મોકલવાનુ સરનામુ :** C/o. આર. એ. સૈયદ, ખાનજીવાડા–ધંધુકા, પિન–૩૮૨ ૪૬૦

### ★ જામિઆ અશરફિયા–મુબારકપુરમાં દસ્તારબંદી ★

જામિઆ અશરફિયા મુબારકપુર (યુ.પી.) ખાતે ઉર્સે હાફિઝે મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْના મુબારક અવસરે હાફિઝ, કારી, આલિમ, ફાઝિલ થનારા ખુશનસીબ ગુજરાતી તાલિબે ઈલ્મોની દસ્તારબંદી સુન્નીઓના ટોચના મહાન ઉલમાના મુબારક હાથો વડે થઈ જેમાં ગુજરાતના (૧) મૌલાના મુહમ્મદ મુબારકહુસૈન મિસ્બાહી (વોરાસમની) (૨) મૌલાના મુહમ્મદ સરફરાઝ મિસ્બાહી (વોરાસમની) (૩) મૌલાના મુહમ્મદ મુઝઝમ્મિલહુસૈન મિસ્બાહી (પોરબંદર)ને આલિમ ફાઝિલની સનદોથી નવાઝવામાં આવ્યા. તેમને, તેમના ખુશનસીબ માંબાપોને હાર્દિક મુબારકબાદ ! રબ તઆલા હબીબે પાક ﷺના સદકે તેમને આલિમે બાઅમલ બનાવે અને સુન્નિયતના મહાન ખિદમતગાર બનાવે, તેઓને બંને જહાનમાં આબાદ રાખે. (ભરૂચ ખાતે સુન્ની દા'વતે ઈસ્લામીના ઈજતેમામાં તા. ૧૨–૧૧–૦૬ના રોજ ત્રણેવનો ઈસ્તકબાલિયા પ્રોગ્રામ થશે. ઈન્શાઅલ્લાહ !) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**જુનાગઢ :** તા. ૩૦–૬–૨૦૦ રાત્રે ઈશાની નમાઝ બાદ મશહૂર ઔલિયા હઝરત હાજીપીર બાપુ رحمۃ اللہ علیہના ઉર્સ શરીફનો શાનદાર જશ્ન, પીરે તરીકત હઝરત અલ્લામા ગુલઝાર અહમદ બાપુ નૂરી રઝવીની સદારતમાં શાનો શૌકતથી મનાવવામાં આવેલ. દિવસ દરમ્યાન ઉર્સની રાબેતા મુજબ રસમો થઈ. રાત્રે ઈશાની નમાઝ બાદ ગુજરાતમાં પ્રથમ વખતે પધારેલા વેદ અને કુર્આનના તજજ્ઞ બુલબુલે હિંદ ખતીબે મિલ્લત હઝરત અલ્લામા હાફિઝ કારી મઝહરૂલ કાદરી સાહબ ચતુરવેદી ગોરખપુર (યુ.પી.) મેમ્બર ઓલ ઈન્ડિયા ફરોગે ઈસ્લામ તેમજ ખતીબે સોરઠ હઝરત મૌલાના નઝર અહમદ સાહબ સિવાય અન્ય આલિમોએ અઝમતે ઔલિયા ઉપર પુરજોશ તકરીર ફર્માવી હતી. (રજૂ. ખાદિમ મો. હનીફબાપુ)

### ★ ઇંતેકાલ પુરમલાલ ★

**પાલેજ :** મુકામે કાઝી અકબર અલી ઈબ્રાહીમનો ઈન્તેકાલ તા. ૨૦–૭–૨૦૦૬ના રોજ થયો. મૌલા તઆલા તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીન આપે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**નસવાડી :** મર્હૂમા મદીનાબેન દાઉદભાઈ તા. ૬–૭–૨૦૦૬ના રોજ ઈન્તેકાલ કરી ગયાં છે, મૌલા તઆલા મર્હૂમાની મગફેરત ફર્માવે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# બરકાતે ખ્વાજા માસિક થકી ચાલતી લેખ હરીફાઈનું પરિણામ

-કાર્યાલય

## વિષય : ઈસ્લામમાં શરમ તથા હયાનું મહત્વ અને વર્તમાન મુસ્લિમ ખાતૂનોની હાલત

**લેખ હરીફાઈમાં ભાગ લેનારા ખુશનસીબો**

**દારુલ ઉલૂમ મુસ્તફાઈયા અશ્રફિયા-ટંકારીઆ**

મલેક સિરાજ શૌકત–દહેગામ

**M.E.S. સ્કૂલ -રાજપારડી**

વાઝા જાવિદ હુસૈન ગુલામ હુસૈન–રાજપારડી

**મદ્રસા મઝાહેરુલ ઉલૂમ-દયાદરા**

મુહમ્મદ સજ્જાદ શબ્બીર પટેલ–દયાદરા

**દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી-દયાદરા**

હાફેઝ સુહેલ અબ્દુલ્લાહ માટલી–દયાદરા

**ઉલમાએ કિરામ તથા ઉસ્તાદોને વિનંતિ**

તાલિબે ઈલ્મોને લેખ હરીફાઈમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરશો. તથા યોગ્ય માર્ગદર્શન આપી તથા વિષયને લગતી કિતાબો સંબંધે રેહબરી કરી લેખ લખવા પ્રોત્સાહિત કરશો. (જઝાકલ્લાહ!)

**★★ સૂચના ★★**

**લેખ લખનારા તલબા ધ્યાન રાખે કે....**

★ પઢાઈ સિવાય સમય કાઢીને વિવિધ ગુજરાતી–ઉર્દૂ રિસાલા તથા વર્તમાન પત્રોનો અભ્યાસ રોજની આદત બનાવે જેથી દિમાગ વિશાળ થશે. જાણકારી વધશે, લખવાનો ઢંગ મળશે વગેરે.

★ કુર્આનની આયતો લખે કે ન લખે પણ તર્જુમાની પાછળ સૂરતનું નામ તથા આયત નંબર જરૂર લખે.

★ હદીષ ટાંકયા બાદ કે શરૂમાં કિતાબનો હવાલો અને બહવાલા કઈ કિતાબમાંથી લખ્યું તે દર્શાવે.

★ વાક્યા બયાન કરે તેમાં પણ પેજ નં. સાથે જે તે કિતાબનો હવાલો લખે.

★ જ્યાં વાત બદલાય ત્યાં **પેરેગ્રાફ** પાડે.

★ ડાબી બાજુ હાશિયાની જગા છોડીને લખાણ લખો.

★ લખાણ સુવ્યવસ્થિત લાગે તેમ સ્પષ્ટ શકય તેટલા સુઅક્ષરોમાં લખે.

★ જોડણી માટે બુક સ્ટોલ પરથી ગુજરાતી ડિક્ષનરીઓ મેળવી લે જેથી સરળતા રહે.

**★ લેખ હરીફાઈમાં પ્રથમ ત્રણ નંબર મેળવનારાઓનાં નામો ★**

| | | | |
|---|---|---|---|
| **નંબર ૧ :** | વાઝા જાવિદહુસૈન ગુલામહુસૈન-રાજપારડી | રૂા. ૩૦૦/– | (પ્રથમ ઈનામ) |
| **નંબર ૨ :** | મલેક સિરાજ શૌકત દહેગામી-દહેગામ | રૂા. ૨૦૦/– | (બીજુ ઈનામ) |
| **નંબર ૩ :** | હાફેઝ સુહેલ અબ્દુલ્લાહ માટલી-દયાદરા | રૂા. ૧૦૦/– | (ત્રીજુ ઈનામ) |

**✪ હવે ક્યા વિષય પર લેખ મોકલશો ?! ✪**

## વર્તમાન શાદીઓની ધૂમધામ અને ઈસ્લામી આદેશ

તા. **૧૨–૧૦–૨૦૦૬** સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો.

**✪ નોંધ ✪**

**લેખ હરીફાઈમાં ભાગ લેનાર દરેકને એક કિતાબ તથા બરકાતે ખ્વાજા અંક નવેમ્બર-૨૦૦૬નો ભેટમાં આપવામાં આવશે.**